Barcode - 99999990836608
Title - Hasan bin sabbah
Subject -
Author -
Language - gujarati
Pages - 195
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

. गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૬૩૫૧ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

# આલમોત નો યોધ્ધો
યાને
# હસન બીન સબ્બાહ

નીઝારીઆ ઇસમાઇલીઓનો જાણવાજોગ ઇતીહાસ.

લખનાર,

**અલીમામદ જાનમામદ ચુનારા.**
ઠે. ખડક મુંબઇ.

છપાવી પ્રગટ કરનાર.

**મુંબઇ-શ્રી કાંન્ડી મોહલાના શુક્રવારીઆ મેમ્બરો.**

પ્રત ૧૫૦૦. ૧૯૧૬. આવૃત્તી ૧ લી.

આ પુસ્તક છપાવવાના સઘળા હકો લખનારે ખોજા સીઆ ઇમામી ઇસમાઇલીઓને અર્પણ કરેલ છે. લી. એ. જે. ચુનારા.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ
૬૩૫૮ पउरइय हसन

પ્રગટ કરનાર—

શ્રી કાંન્ડી મોહલાના શુક્રવારીઆ મેમ્બરો માટે—

ખોજા કુરબાનઅલી જીવરાજ
તથા ખોજા કાસમ હાસમ જીવા } ઑ. સેક્રેટરીઓ.

ઠે. સાબુની દુકાને ચોકી મોહોલા, ખેટાંકી, મુંબઇ ૮.

રતિલાલ હરજીવન પટેલે શ્રીકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.
નં. ૯ અનંતવાડી મુંબઈ નં. ૨.

## પુસ્તક ખાતાની કમિટી.

**પ્રેસીડેન્ટ**—શેઠ પીરમામદ હાશમ.

**ખજાનચી**—શેઠ નવરોજઅલી અલારખ્યા.

**સેક્રેટરીઓ** { શેઠ કુરબાનઅલી જીવરાજ.
શેઠ કાસમ હાશમ જીવા.

**મેનેજર**—શેઠ કરીમભાઇ જમાલ ભાવનગરી.

**મેમ્બરો** { શેઠ મીરજામામદ જીવરાજ.
શેઠ ગુલામહુસેન અબદલા.
શેઠ મોહમદઅલી રતનશી.

**લેખકો**—E. J. વરતેજી. એ. જે. ચુનારા.

# અહેશાન.

આ પુસ્તક લખવાનો જ્યારે અમોને વિચાર થયો તે સંજોગો વચે **શેઠ જાફરભાઇ સેરમામદ** તથા **શેઠ હાજીમામદ રહીમ જેનુલઆબદીન** અને મિત્ર **મુખતાર ભાઇ નાનજી** સાથે સોબત થતા એવણુ પ્રેમી સાહેબોનાં પ્રતાપે અમોને ઉતસાહ વધ્યો, તેની મસલેહત કેટલાક કાંટી મોહલાનાં સુકરવારીઆ પંજેભાઇઓથી થતા એક કમીટિ મુકરર કરી ને આએ પુસ્તક હાથમાં ધરતાં, દીલાવર મિત્ર **નવરોજઅલી અલારખ્યા** તથા **મીરઝામામદ જીવરાજે** હાલમાં પુસ્તકપર થએલો તમામ ખરચ પોતાની પોકીટમાંથી આપ્યો છે, તેઓ નાણા પાછા ફરેથી વસુલ કરશે બાકીનો વધારો નીમેલી કમીટિ હસ્તક રહેશે, અને જો ઘટશે તો શરખે હીસે કેટલાક કમીટિનાં મેમ્બરો પોતાની ગીરોહથી આપશે, આ હીમત માટે હું સંરવે સાહેબોનો ઉપકાર માનતાં પરવરદીગાર પ્રત્યે ઇચ્છીશ કે સઘળાઓને સુખી કરો, નિરોગી રાખો, તન મન ધનમાં બળવાન બનાવો, સત્ય ધર્મ માટે સુરવીરતા બક્ષો, અને લાંબી આયુષ્ય આપી હમેશાં આંનદમાં રાખો, **આમીન.**

લી૦ **આભારી,**

**એ. જે. ચુનારાનાં** યાઅલી વાંચશોજી.

# સહાયતા.

પ્રિય મિત્ર પવિત્ર રાહનાં અધિકારી,

મી. **ઇબરાહીમભાઈ જુસબ વરતેજી** આપ સાહેબ લાંબી મુદત સુધી ઇશનાસરી જમાતમાં જાણીતા મેમ્બર હતા પણ સુકર છે તે **બારએતાલ્લા** નો કે હાલ તમો ઇસમાઇલી અમારા માનિતા મિત્ર થવા પામ્યા છો, તેથી આ પુસ્તક લખવામાં આપ સાહેબે જે અમોને બીન સ્વાર્થે પોતાનાં કીમતી વખતનો ભોગ આપીને સહાયતા આપી છે તેને માટે હું આપનો ઇંચે ઇંચ આભારી છું, બીજું તમોએ ઇસમાઇલી મઝહબનું સ્વીકાર કર્યા પછી આપને વિરોધીઓ તરફથી જે સંકટો સહેન કરવા પડયા છતાં અખંડપણે ટેક જાળવીને સત્યપંથ સમજી મક્કમ રહયાં તેના માટે તમો ને હું ખરા અંતઃકરણથી મુબારકી આપુ છું.

લી૦ સેવક,

**એ. જે. ચુનારા** નાં યાઅલી વાંચશો.

આ પુસ્તક મળવાનું ઠેકાણું—**ખોજા પીરમામદ હાસમ.**

ઠે. ખડક જમાતખાના પાસે, મુંબઈ.

# નમ્ર વિનંતી.

વાંચનાર કદરદાનોને હું નમ્રતાઇથી જણાવું છુ કે મારા માવિત્રોની ગરીબ સ્થીતિ **ને** સબબે ફકત હું ગુજરાતી ત્રણ ચોપડી પણ પુરી સીખવાને સાર્મ્થવાન થયો નથી. છતાં સુકર છે તે **નુરેખુદા**નાં કે જેની કૃપાવડે હું આ એક પુસ્તક લખવાને ભાગ્યશાળી થયો છું જોકે ઓછી કેળવણીને આધારે જરૂર વ્યાકરણનો દોષ તેમ કોઇ સ્થળે વાકય રચના નહી મળતા ખાંચા રહયા હશે. તેથી સેવકને અભણ સમજી સાર ગૃહણ કરીને કૃતાર્થ કરશો તેમજ કદાચ કોઇ ભુલચુક રહીજવા પામી હોયતો એક અંગત મિત્ર તરીકે સેવક પર દયા કરી દરશાવશો તો **ઇનશાઅલ્લા** બીજી આવૃતીમાં સુધારો કરીને આભાર માનીસ.

લી૦ શેવક,

**એ. જે. ચુનારા.**

# અમારો નીયમ.

અમારા મઝહબનાં પવિત્ર સીદ્ધાંતોને જાહેરમાં લાવી અમો ઈસમાઈલીઓ અમારી સત્યતાને મહત્વતા આપવા માટે ચોપડીઓ ચીતરીએ છીએ. તેમ બીજા દુનીયાનાં તમામ મઝહબો પર આક્ષેપો મુકીને વગોવવું એ અમોને મના છે, પણ જ્યારે રસ્તે ચાલતા કાંટો લાગે છે. ત્યારે **બાવળ**નાં ઝાડનું નામ બદનામ થાય છે. તેમજ એક મઝહબનો એક મેમ્બર બીજા મઝહબની નીંદા કરી કાંટા રૂપી થઇ પડે છે, તેની અણી બુઠી બનાવવા તેના મઝહબ માટે જરૂર લખવું પડે છે, તેથી તે પાડતા મઝહબીઓને અલબતા ખોટું લાગે તે બનવા જોગ છે, તેનો જવાબદાર અથવા ગુનેહગાર ગણુવામાં આવે તો પહેલે ફીતનો ફેલાવનાર છે. બાકી અમોને સરવે મઝહબો માટે માન છે; અને અમોએ જે **ઇસનાશરી** મત માટે લખેલ છે. તે ફકત **ખોજા ઇસનાશરીઓ** માટેજ છે. કારણ કે તેઓ પોતાના વડીલોનો મઝહબ મુકી ગયા છે. બાકી અમો અમારા મઝહબની સચાઇ બતાવીનેજ આલમને આમંત્રણ કરીએ છીએ. કોઇની નીંદા કરી નહી, સમજુક રીતે ઝગડા બરપા કરી નહી,

લી૦ **એ જે. ચુનારા.**

# દર્પણ પત્રિકા

## મી. એદલજી ધનજી કાબા.

અમરેલી.


ફરમાવશો મી. કાબા તમારૂં નામ કયા ઇસલામીને બંધબેસ્તું છે! કહેશો **હઝરત પીર શમ્સે** કઇ જગોએ પોતાને ઈશનાસરી જાહેર કર્યું છે ? બતાવશો કયા ચોપડાઓમાં **પીર શદરદીને** પોતાને ઈશનાસરી તરીકે લખ્યું છે ? જાહેર કરશો કયા કાગળોમાં **પીર હશન કબીરદીને** પોતાને ઈશનાસરી તરીકે બતાડયું છે! હુઝત કરો કઇ આસમાની કીતાબને આધારે ઇશનાસરી બન્યાં છો ? દલીલ કરો **કુરાને શરીફ**ની કઇ આએતને આધારે **ઇમામ** ગાયબ થયાં છે? દેખાડશો "આલમોત"માં ઇમામ **અલ્લાઝકરીયા સલામ.**( અ ) ની જીયારતે કયા ઇશનાસરી ગયા ? બતાવશો "બાબક" માં **ઈમામ ઇસલામશાહ** ( અ ) ની જીયારતે કયા બાર ઇમામને માનવા વાશ સધાવ્યાં ? ફરમાવશો "અંનહુજાન" માં ઇમામ શાહ **ખલીલ્લાહઅલી**ની દસ્તબોશી કયા મુસ્તેહદે કીધી ! લખશો ઈશનાસરીઓનાં ગણુત્રીનાં ઈમામોમાં કયે નંબરે ઉપલા ઇમામોના નામો છે! બતાડશો **શેખુલ ઇસલામ**નાં હાથમાં કઇ ખુદાઈ સતા છે ?

કે જેનો ફતવો સાચો માનવો! સાબીત કરશો "**મુસ્તહેદ આખુંન**" ને કોણે અધીકાર આપ્યો કે તેનું કહેવું માથે ચડાવવું ! યાદ કરો આલીમોથીજ દોઝકની આગ ભડકશે ? સમજાવશો શા માટે કુફારોના નામ પવિત્ર **કુરાને સરીફ**માં જોવામાં આવે છે ? ફરમાવશો **કલામે મઝીદ**માં પયગમ્બરો સીવાય બીજાઓનાં નામ કેમ લખાયા છે ? ત્યારે વાંધો જાહેર કરશો કે ઇસલામી મઝહબ પાળનારા મીશનરીઓ તરફથી રચેલા પુસ્તકોમાં મહાત્માઓ અથવા બુઝરગોનાં નામો દલીલ રૂપે હોય તેમાં ખોટું શું ? મગરૂર ન થાઓ. (૭૩) તઉતેર ફીરકામાંથી એકજ ફીરકો ઝન્નતી છે ! દેખાડશો ઇ. સ. ૧૯૦૧ અગાઉ ઇશનાસરી (ખોજાઓ) કઈ ગારમાં છુપાએલા હતા ? વંચાવશો તમારા પીતાજીએ પોતાને કયા પોથામાં ઇશનાસરી તરીકે જાહેર કરેલ છે ? મહેરબાની કરશો તમારા વડવાઓએ કયા વર્તમાન પત્રમાં પોતે ઇશનાસરી તરીકે રજુ થયા છે ? કહેશો ઉપલા ઈ. સ. થી અગાઉ કઇ દીવારોમાં ખોજા ઇશનાસરીઓના નામની તખતીઓ હતી ? રજુ કરો ઉપલી મુદત અગાઉ કયા મીનારાઓ ખોજા ઇશનાસરીઓના નામે ઓળખાતા હતા ? બહાર પાડશો ઉપલી મુદત અગાઉ કયા છાપાઓમાં ખોજાઓ ઇશનાસરી તરીકે ઓળખાણાં છે? હીંમતથી કહેશો ઉપલી મુદત અગાઉ કયાં દફતરોમાં ખોજા ઇશનાસરીઓ તરીકે લખાણા છે? બતાવી શકશો કે અલ્લાહ રસુલ અને કીયામતને માનનારા

કયા ઇસલામથી ખારજ થયાં ? કાન પકડો અદેખા માણુસોનું કહેવું કયારે સત્ય હોય છે? કહેશો ઇસલામમાં કાફરને કાફર કહેવું કયે સ્થળે લખેલું છે? સમજાવશો ઇ. સ. ૧૯૦૧ ની હસ્તીને શા માટે જુની કહી ખોટું બોલીને ઠોકી બેસાડો છો ? કહેશો પ્રપંચ ભરેલા લખાણો કરી પેટ ભરવું એ કયા દીવસો માટે છે? સાબીત કરશો પોતાને રસ્તે મુસ્તકીમ રહેનારને ઊશ્કેરી પોતા પર આફત વહોરી લેવી એ કયા શાસ્ત્રનું પ્રમાણ છે? જણાવશો, અજાણ્યા હોવા છતાં જાણ પણનો દંભ કરવો તેમાં શું વડાઈ છે? કહો " **જાનમાં કોઇ જાણે નહી અને હું વરની ફુઈ, ગાડે કોઇ બેસાડે નહી ને ઘોડી ઘોડી મુઇ** એવી રીતે ગળે બાજવું તેમાં શું પાણી છે ? તૌબા કરો પીર શદરદ્દીનને સુન્ની કહેનારાંઓનું શું થયું ? એબરત પકડો ખોજાઓને સુન્ની બનાવનારાઓ કયાં છે ! બીક રાખો સત્ય હમેશા ઝળકતુંજ છે ! ધ્યાન કરો અસત્ય જરૂર પડી ભાંગશે ? માટે આંખ આડે આવેલો એબીલો વાળ દુર કરો તો સઘળું દર્પણ જેવું દેખાશે.

લી. હીતેચ્છુ,
**એ. જે. ચુનારા.**

આ પુસ્તક મળવાનું ઠેકાણું—
**ખોજા નવરોજઅલી અલારખીઆ.**
ગ્લાસવેર મરચંટ, શેકમેમન સ્ટ્રીટ મુંબઇ.



# જરૂરી ઈલતેમાશ.

## વિરોધી લેખકોને અર્પણ.

આ સૃષ્ટિમાં મઝહબી ફાંટાઓ અનેક હસ્તી ધરાવે છે. તે તમામ પરવરદીગારની મોજુદગી તથા તેનેજ માનવો એમ સ્વીકારે છે, બીજી તરફ ઈસલામ તરફ ઢરણ કરતાં પયગમ્બર તથા ઈમામુલ વખતના ફરમાન અનુસાર વર્તવું તે મુસલીમોની ખાશ ફરજ સમજાય છે. ત્યારે ઈસલામમાં કુલ્લે (૭૩) તઊતેર ફીરકાઓ હસ્તી ધરાવે છે, અને તેઓ સરવે પવિત્ર **કુરાને મઝીદ**ને અનુશાર વહેન કરી **ખાતુ-**

**મુનઅંમ્બીઆ** એટલે ઝમાનાનાં છેલા **નબીનો** કલમો પડે છે, તે સઘળાઓમાં ફકત એક ફીરકો **જન્નતી** છે, તે જોતા કોઈ ને પણ મગરૂર થવા જેવુ નથી, ત્યારે આજ નાં અદેખાઓ નીંદાખોરો પરવરદીગારની પવિત્ર સ્તુતિ કરનારઓ પર જબાનનાં હેરફેરનાં સબબે અથવા અદેખાઇમાં અંધ થએલાને તેમાંનું સત્ય સુજતું નહી હોવાથી, તેઓ પવિત્ર પાઠ ગ્રહણ કરનારાઓ ને મુસલીમો માંથી કહાડી એટલે ફતવો દઇ ને જે **આલીમોથી** દોઝખની આગ ભડકશે તેવાઓની ખુશામત કરી ફતનો બરપા કરીને દુનીયાની અબુજ **આલમને** હલકા દેખાડવાની કોશીશ કરે છે. તેવા અધમ જનોને કહીસુ કે ઉપલા ફીરકાની સંખ્યા પર વીચાર કરજો અને **જન્નતીનું** તો સરવેને દાવો છે તે માટે ખુદા કબુલ કોને કરશે તેનો ડર રાખી કોઇને પણ હલકા પડાવવાની કોશીશ કરનારાઓ હવે **તોબા** કરો તેનાં માટેજ ખાશ આએ **હશન સબ્બાહનો** પુસ્તક ખરી હકીકતો મેળવીને બાહર પાડયું છે. કે એવીરીતે અનેક મહાત્માઓ માટે અદેખાઇનાં અંધાપા માં વહેનારાઓ હદ ઓળગીને ઘણો ખોટું લખી ગયા છે. જે લખાંણો પર ભરોશો કરી પ્રપંચમાં નહી પડવું એવી અમારી વિંનતી છે.

અમો દુખી દીલે જણાવીસું કે અમો ઇશ્નમાઇલી ખોજાઓને અદેખી આંખે જોનાર મી૦ **એદલજી ધનજી**

**કાબા** (જેઓ પારસીઓને બંધ બેસ્તો નાંમ ધરાવે છે) તેઓ અમારા વિરૂદ્ધ ખોટા દાખલા દલીલોથી પુસ્તકો છપાવીને જે એક મોટા ટોળાનાં ઇસલામીઓને ઉશકેરવાની જે તજવીજ કરે છે, તે તેનાં હેતુઓમાં સફળ નીવડીને ઇસલામી બીરાદરો એવા અદેખા લેખકનાં લખાણોથી ભુલ થાપ ન ખાએ તેનાં માટે ખાશ આ પુસ્તક છપાવવાની વધુ અગત્ય બલ્કે ફરજ સમજી તેમાં ઇચ્છા અનુસારે પરવરદીગારે શાહયતા આપી તેનાં માટે હું મને ખુશ નસીબ સમજુ છું.

મી૦ **એદલજી ધનજી કાબા** આજવેર તાસુબ ભરેલા પુસ્તકો છપાવીને એક રીતે જોતા પોતાનું ગુજરાન ચલાવે છે, તે જોતા પોતાનું ભલું સમજી નહી; પણ ઇસલામ કોમમાં તેથી **સડો** પડે છે, તે તરફ ખ્યાલ કરી તેમાં પોતાની ભલાઈ સાથે **અહેલે ઇસલામ**ની પણ ભલાઇ સમાએલી છે, એવું સમજીને એવા લખાણોથી અટકશે તો ખુશી થવા જેવું છે. કારણ કે આખી દુનીયા જુએ છે. જે ઈસ્માઇલી ખોજાઓ એક એવા મોતેબર મુરશીદને આધારે ઈસલામ ઇખતીયાર કરયો છે; કે જેણે **મુડદાને જીવતા** કર્યા હતાં. એવા મહાન નરનાં ફરમાનોને વળગી રહેનાંર કદી પણ સત્યથી વેગળા જઇ શકતાં નથી, તેને નીદવા નીકળવું એ ડાહયાઓને સાંમે ડાયલાપણું છે; પણ અલબતા તેમાં કમ સમજનાં લોકોને **મરી મસાલા** ભરેલા લખાણોમાં મોજ પડશે. તો તેવાને રાજી રાખીને એક

જાતનું ફતનો ફેલાવવાની તજવીજ કરવી તેનાં માટે **અલ્લાહ** નાં ફરમાન તરફ નજર કરો જે **ફીતનો** કરનારને કેવો વર્ણવ્યો છે,

અફસોસ છે. કે એવા **ફીતના** અને **સડાથી** આજે ઇસલામની કેવી અવદશા થઇ છે. ઇતીહાશ તપાસો કે ઇસિલામે પોતાને ખડો કરવાને અનેક સંકટો સહ્યા છે. ઘણી હાડમારીઓ ભોગવી છે. ઘણી ભુખ તરશ વેઠીને એક અજબ આલીશાન બગીચો બનાવ્યો છે. તેમાં કાંટા ઉગાવનારને વીચારવાનું છે. કે આજે એ આલીશાન બગીચા ની હાલત જે નબળી દેખાય છે. તેનું મુળ પાયો તાસુબ છે; આજે ઇસિલામી બીરાદરોમાં જો તાસુબ નહી હતે તો ખરેખર સઘળો વૈભવ ઇસિલામીઓને ઘેરે હતે, અને આખી આલમ પર ઇસલામ આજે સતાધારી હતે.

તપાસી જુઓ **હશન સબ્બાહ** એકલો હતો. તે જેને પોતાની પગંતમાં લેતો હતો. પ્રથમ તેનાં દીલમાંથી તાસુબનું સડો કડાવી નખાવતો હતો, તેનાં પ્રભાવે કેટલુ કરી બતાવ્યું છે તે આં પુસ્તક વાંચતા વાંચક વર્ગ સમજી શકશે, કે મકકમ વિચારો અને મીલનશારી કયાં સુધી પહોંચી શકે છે. માટે બીરાદરો વેરભાવે અથવા હશદભાવે વિરૂદ્ધતા કરવાનું મુકીને મુસલીમોને બીરાદર સમજો પછી કોઇ પણ પંથી હોય તેની દરકાર કરો નહી તેમાં અલ્લાહ રાજી છે.

મી૦ **કાબાથી** વધારે અફસોસ તો આજે **વીશમી સદીમાં** વખણાયલા અને **કાબાથી** વધારે **કાબેલીયત**

ધરાવનાર એક ખાનદાન લેખક માટે થાય છે. કે જેણે **જ્ઞાન ચક્ર**નાં પુસ્તકમાં પોતાની વિદ્વત્તા દેખાડી છે,

**લખનાર–મી૦ હાજીમામદ અલારખયા સીવજી.**

તે પછી તે **ભટકતો** સુફી સંત **સમસુદ્દીન તીબ્રેઝ** જે કોનીયાહમાં ઈ+સ ૧૨૪૪ ના ૨૯ મી નવેંબરે આવ્યો અને તેણે તરત **જલાલુદ્દીન**ના મન પર પોતા સંબંધી એટલી બધી અસર કીધી કે પછવાડેથી **જલાલુદ્દીને** પોતાની ગઝલોમાં એનો નામ **તખલ્લુશ** તરીકે ધારણ કર્યો, અને તેનાં પાઠો ગ્રહણ કરવા લાગ્યો. સમસુદ્દીન કાંઈક **વઢકણો** સવભાવનો હોવાથી કોનીયાહનાં લોકોનો ગુસ્સો એની સામે ઉસકાર્યો, અને એક હુલડ થયો જેમાં **જલાલુદ્દીન**નું વડો પુત્ર **અલાઉદ્દીન** મારયો ગયો તેમાં **સમસુદ્દીન**ને પકડવામાં આવ્યો અને ઘણો કરી તેને મારી નાખાવામાં આવ્યો કારણ કે તે પાછો ફરીથી દેખાયો નહી. "**જ્ઞાનચક્ર**"

*　　*　　*　　*

બીજે ઠેકાણે જ્ઞાનચક્રમાં છે કે–ઉમરખયામ એ **હશેસીનજ** પંથના સ્થાપક હશન સાહેબનો મીત્ર હતો અને તે ઉપરથી એવું ધારવામાં આવે છે. કે તેનાં **અધર્મી** પંથની સ્થાપના કરવામાં એનો પણ હાથ હતો.

*　　*　　*　　*

**આ પ્રસંગે કહેવાનું એટલુંજ છે કે પહેલે પુસ્તક લખનારે પોતાનો પુસ્તક સરવેને પ્રીય થઇ પડે તેવી નેમ રાખીને લેખ મેળવવા પુરતો વીચાર કરવો જોઇએ આ ભુલ પુસ્તક પ્રગટકરનારની નથી પણ તાસુબ ભરેલી વીગત**

આપનારની છે. જે આખી આલમમાં વખાણાએલો સુફી સત **મોલાનાં સમ્સ તીબ્રેઝ;** કે જેનાં માટે મોલાનાં રૂમીએ પોતે લખ્યું છે કે.

**બેત.**

મોલવી અઝ ખુદન શુદ મોલાએ રૂમ,
તા ગુલામે સમ્શ તીબરેઝી ન શુદ.

**મશનવી.**

શમસ તીબ્રેજની ગુલામી કરવાથી મોલાના રૂમ કહે છે. કે હુ મોલવી થયો છું એ મોલાનાં રૂમને આખી દુનીયા માનની નજરથી જુએ છે, તેવા બુઝરગ સખસના **મુરશદને વઢકણો** અથવા **ભટકતો** કરી લખવું તે સું વાજબી કહેવાશે અથવા એમ લખનારને કોઈ પણ બે તાસુબ કહેશે, કદી નહી? તેમજ **મોલાના શમ્સ**માં એ સ્વભાવ હશે એમ આપણે માનીશુ, નહી? તેવી રીતેજ મહા પ્રતાપી **હશન સબ્બાહ** જેવા ઉંતમ નર ને **અધર્મી પંથ**ના સ્થાપક તરીકે ઓળખાવવો કે જેણે પોતાના કાંઇપણ સ્વાર્થ વગર **પયગબર**નાં વખત થી ચાલતાં આવેલા સુફીપંથ પર મુસ્તકીમ રહી ને ઈમામુલ વખતની પાક નીયતે પયરવી કરી. તેને આવા ન છાજતા વાંકયોથી જાહેરમાં લાવવો તે લખનારે પોતાનાં પાણી ઢોર સીવાય કસું કર્યું નથી. આજે લગભગ એ વીગતોને નવ સદીઓ નીકળી ગઈ છે. છતાં તાસુબ ધરાવનારા લેખકો આજવેર હશતી ધરાવે છે. અને અજાણ્યા પુસ્તક કારો તેનો ભોગ

થઇ પડે છે. તયારે **હશન સબ્બાહ**નાં જમાનામાં તો રાજ ખટપટની સત્રુતાઇ તથા મઝહબી ઝગડાઓનો બજાર ગરમ હતો. તે વખતે વેરભાવે વખતની સતાના ઓથા તળે હદ કુદાવીને અદેખાઓ લખી ગયા છે તેનાં માટે અજબ થઇશું નહી, અને મન સાથે નકી કરીશું કે મહાન ન્યાયી બ્રીટનની દુહાઇમાં પણ વિરોદ્ધીઓ વિરોદ્ધ જવાને અચકાતા નથી. ત્યારે તે **મોગલાઇ** ઝમાનામાં વેરભાવે તેથી ઘણો અધીક ચીતાર ચીતરી ગયા હશે. એમ સમજીને મહાન મોલાના **શમ્સની મએરાજ** આગળના પાનાઓમાં સોનેરી અક્ષરે છપાવેલ છે, તે વાંચીને તેની બુઝરગી સમજવાની એલતેમાશ કરીશું.

* * * *

આ પુસ્તક પ્રથમ માસ્તર **નુરમામદ અલીમામદ રંગવાળા** એ છપાવવાનું માથે લીધુ હતું. પણ કેટલાક સંજોગો વચે તેઓથી ઢીલ થઈ તે ઢીલ અમોને રૂચતી નહી આવવાથી કેટલાક કાંડી મોહલાનાં સુકરવારીઆ મેમ્બરોએ છપાવવાનું માથે લીધું તેનાં માટે મી० **રંગવાળા** ખોટું નહી લગાડતાં ઉતાવળે પુસ્તક બહાર પડયું તેના માટે પોતાની ખુશી જાહેર કરશે. એમ અમો સમજીએ છીએ. છેવટે માસ્તર **વલીભાઇ નાનજી** એ આએ પુસ્તક છપાવવા તથા બાઇન્ડીંગ વીગેરેનુ નકી કરી આપવા માટે જે તસદી લીધી છે તેનાં માટે ઉપકાર માનીએ છીએ.

લી० **એ. જે. ચુનારા.**

## મએરાજે મૌલાના

# શમ્સ.

( ઇરિફાતે શમ્સ ફારશી પુસ્તક પરથી ).

સુભહદમ ગશતમ ચું ન્હા અઝ બાદએ અનવાર મસ્ત,
આફતાબ આશા ફીતાદમ બર દરો દીવાર મસ્ત.
શુબ્હ વખતે હુ થયો ! નુરાની દારૂ પીને મસ્ત !
અહા ! કિરણ પડતાં નુરનાં સહુ થયાં દરો દીવાર મસ્ત !

જીબરઇલ આંમદ બુરાક આવુંરદ ગુફ્તા બર નશી,
જામ બર દસ્ત અંન્દ બહેરત મુનતજીર બીસયાર મસ્ત.
લાવ્યો બુરાકની સ્વારી જીબરીલે આવીને કહ્યું !
લઇ હાથમાં પ્યાલા, મલક મળવા ઉભા તૈયાર મસ્ત !

બર નીસસ્તમ બુર્દબર ચર્ખમં બુરાક હમ ચું બર્ક,
દીદમ આંઝા કુતબરા બા કઓકબો સયાર મસ્ત.
બેસાડી પીઠ બુરાકપર વીજ વેગ ગગને લઇ ગયો !
જોયાં કુતબ ! તારા ! ગૃહો ! રસ્તે જતાં શણગાર મસ્ત !

દર ફુશાદન આસમાં હારા બ પેશામ આમન્દન્દ,
અબશેરૂ ગોયા મલાયક જુમલા અઝ દીદાર મસ્ત.
ખાલી ગગનનું બારણું ને મારી પાસે આવીયા !
કહેતા મુબારકી શબ્દ સરવે મલ્ક થાતા પ્રેમ મસ્ત !

ચપહેરે ચારૂમીં રૂહુલ્લાં આંમદ પેશે મન,
સાગરે ખુરશીદ બરકફ અઝમએ અનવાર મસ્ત.
ચોથા ગગનથી હઝરતે ઇસા મને આવી મળ્યા !
લઇને ઝળકતો જામ હાથોમાં ભરેલુ નુર મસ્ત !

શુફ્ત એ નુરે દો આલમ અઝ જમાલત ઝરરએ,
હુતફ ફુન મગઝર ઝીમન ચકદમ મરા મગુઝાર મસ્ત.
કીધું કે તુજ સ્વરૂપ કણુથી એઉ જહાં ઝળકી રહી !
તું મહેરબાનીથી નકર જુદો મને પળવાર મસ્ત !

ગુફ્ત અમે ચું તો હઝારા દર ખુમારે ઝાંમે ઇશક,
કહે શવદ મખમુર જુઝદર ખાનએ ખુમાર મસ્ત.
જોઇ રંગ બોલ્યો હાં ! હઝારો પ્રેમ દારૂ ! તુજવિના !
રસ બસ બને એ શીરીતે જો ન હોય પીવરાવનાર મસ્ત !

દસ્તેઉ બેગ્રીફ્તમો બાખુદ બ બાલા બુર્દ મશ,
બર ગુઝસ્ત અઝ સ્વાદે અર્શએ અગીઆર મસ્ત.
પકડીને તેનાં હાથ મારી સાથમાં ઉંચકી લીધો !
ને અર્શનાં કંગર વટાયા સંગી થઇ એઉ રંગી મસ્ત !

બહેરે જુલમત માંઅન્દ હરપશ બહેરે નુર આંમ્દ બ પેશ,
અકલ ગુફ્તત બુગઝર અઝ ઇઝા તા રશી બરી યાર મસ્ત.
પાછલ રહ્યો જુલ્મત અને થ્યો હવે દરીયો નૂરનો!
બુધિએ કીધુ જા! તને મળશે અહીં તુજ યાર મસ્ત!

યારેમાં મસ્તસ મય બર દસ્ત પેશશ આવરેન,
બુએ ઇ સાગર કુન્દ સદ જાહીદો હુશીઆર મસ્ત.
ત્યાં મસ્ત મારો યાર આવ્યો હાથમાં લઇને શરાબ!
જે સુંઘતાં સો જાહીદો ને કરી દીયે હુશયાર મસ્ત!

બર લબે દરીયાએ આઝમ કીસ્તીએ દીદમ હરો,
એહમદે મુરશલ બહાલો હૈદરે કરાર મસ્ત.
એતુર મહાસાગર કિનારે સુન્હેરી કીસ્તી દીઠી!
જેમાં હતા મહમદ નબીને હેદરે કરાર મસ્ત!

આદમો નુહો ખલીલ અઝબાદએ વહેદત ખરાબ,
ઇસા અઝ મુશીચા વ મુશા ઝે મુશીકાર મસ્ત.
હા! આદમો, નુહો! ખલીલ બેશુધ અદ્વિતિય કૈફમાં!
ગુલ્તાન માં ઇસા હતો! મુસા હતો એક તાર મસ્ત!

દશ્તે મન બગ્રીફ્ત હૈદર અંનદરા કીસ્તી નીશાદ,
બુગઝરા નીંદમ અઝાં દરીયાએ ગોહર બાર મસ્ત.
ગ્રહી હૈદરે મુજહાથ કીસ્તીમાં મને બેસાડીયો!
નિપજાવતો મોતી.રૂડા દરીયો ઉતારયો પાર મસ્ત!

અંમ્બીઆઓ ઓલીઆ નીઝારગર બુલન્દ હો મન,
મીં શુદમ ખુશ ખુશ ખેરામાં દર પયશ બીશયાર મસ્ત.
સહુ ઓલિયાને અંબીયા! જોતા હતા થઇને અજબ!
હા! હું હતો! તે સફરમાં ખુશખુશ અપરમ પાર મસ્ત!

અઝ મુકામે કાબા કોઅશેનમ ગઓ અહનાં કશીદ,
ગુફ્ત માંઝા રાજરા બા શાફીએ અબરાર મસ્ત.
સરવે જગોએ ફેરવ્યો કાબા અને કૈસેનમાં!
ને બેહની વાતો નો પીવરાવ્યો મને ત્યાં જામ મસ્ત!

બાદા અઝ દસ્તે ખુદા નોશીદમો ગોશીદ મસ્ત,
બાસતીં અફ્શા શ્રીફતમ દામને દીલદાર મસ્ત.
પામને ખુદાના હાથનું ચુંબન કરયું મ્હેં પ્રેમથી!
પકડયો પછી પાલવ ખરા દીલદારનો થઇ યાર મસ્ત!

ગુફતમ અકનું બાઝ મીં દારી દરી મનઝીલ મરા,
યા હુંમી ગોઇ બીરો દર અર્શએ બાઝાર મસ્ત.
પૂછ્યું પછી મ્હેં છે રજા? જાવા હવે અંદર મને!
હા જવાબ આપ્યો અર્શના બાઝારમાં જા યાર મસ્ત!

ગોફ્ત નએ નએ શારબાને માં તુંઇ અએ શમ્સેદીઅ,
રવ માહારે ઉશતુરા ગીરો બેકશ કતાર મસ્ત.
ફરીને કહ્યું ના, ના, તું મારો ઉંટવાળો શમ્સ થા!
પેકડીને રસ્સી ખેંચ જા ઉંટોની છે આ હાર મસ્ત!

## મુનાજાતે
## હસન બીન સબ્બાહ.

ખુદાવંદા તું સુલ્તાની કરીમી,
તુ બિસ્મીલ્લાહ રહમાનો રહીમી.
ખુદા તું મહેરબાંન! સુલ્તાન છે!
દયાળુ! મયાળુ! અજબ શાન છે!
બે બખશા બર મની જારી મુકસ્સર,
ગફુરી રાહેમો યારબ્બ ચહસ્રર.
મને માફ કર કસુર મારી અપાર!
બખશનાર રહેમી તું છે પાલનાર!
ગલત કરદમ ઝ દફતર નામએ ખુદ,
સિયાહ કરદમ ઝ ગફલત જામએખુદ.
પડયા ડાઘ આમાલ ની ભુકમાં!
કરયું વસ્ત્ર કાળું અરે! ચુકમાં!
મન અંદર ગરકએ બહરી ગુનાહમ,
તું દાની યારએ વખતે સિયાહમ.
ગુનાહોનાં દરયામાં ડુબ્યો છું બસ!
અંધારા મહીં તું મદદગાર બસ!

મની બેદવલતી બદ બખ્ત મહરૂમ,
ન કરદમ ખિઝમતી દર ખુર્દ મખદુમ.
છે બેહાલ લાચાર સ્થીતી ખરી!
ન થોડીક પણ તારી સેવા કરી!

બ તકસીર હરચેશ બેહદ સપુર્દમ,
વલેકીન અઝદસ્ત હરગીઝ નગરદમ.
ખતા આહ! બેહદ મેં તારી કરી!
છતાં માયા તારી તેં મુજપર ધરી!

કુનુન અઝરાહે મહજુલી વ અરમાન,
પશેમાનમ! પશેમાનમ! પશેમાન.
બધી ભુલ માટે કબુલ થાઉં છું!
હું પસ્તાઉં! પસ્તાઉં! પસ્તાઉં છું!

કુનુન અઝરાહતું મન રાહ દીગર,
ન દારમ બુજ દરત દરગાહે દીગર.
ગયો તો આડે રસ્તે મુકી તુજ દ્વાર!
હવેથી જવાનો નથી કોઇ બીજે દ્વાર!

મરા મકુઅંદ જ લુત્ફેત અઝદરી ખેશ,
સગી ખુદરા મરાંન દુર અઝ દરી ખેશ.
કૃપાથી કરે સેવ મંજુર તું!
વફાદાર ગણી શ્વાન નકર દૂરતું!

ચે હુસ્તમ દર રાહત યક તીફ્લ મપ્રહુમ,
ઝ શીરીં લુત્ફે ખુદ મગઝાર મહરૂમ.
હું નાદાંન બાળક રમું લાડથી!
ન કરજે નિરાશ મ્હેરનાં સ્વાદથી!

અગર રહેમી કુની બરમન રહીમી,
અગર બક્ષી ગુનાહીમ મન કરીમી.
તું કર રહેમ મારા ઊપર છો રહીમ!
તું કર માફ મારા ગુનાહ એ કરીમ!

ચે બાશદ ગર કબુલત અફતદે પાક,
બદુન નેકી મની યક ઝરરઈ ખાક.
નવાઈ નથી પાક તુજ શાનને!
હું બદ જીન્સ નેક ખુ તું કરે!

અગર બદ ખાસ્તમ યા બદ નશાસ્તમ,
કબુલમ કુન મકુન રદ હરચે હસ્તમ.
કદી મ્હેં કરયું હોય બુરૂ કંઈ!
થવા માફ દેજે નિરાશી નઈ!

બહક્કી આંકે વસ્ફત બેકયાસસ્ત,
ઝહુરત હરઝમાન દર હર લેબાસસ્ત.
સિફ્ત પાક તારી મહત્તા થી પુર!
હરેક જુગ હરેક વેશે કરતો જહુર!

બહુક્કી નાશેરી મુસ્તનસીરી હક,
બહક્કી કાયમે કય્યુમે મુતલક.
પ્રગટ નુર મુસ્તનસર નાં તાજમાં!
હમેશાનો ઝળકાટ એના રાજમાં!


બહકકે આંકે સત્તારી વ ગફ્ફાર,
બતકસીરાતે મા બા મામી કુનકાર.
શરણ આપ શરણાગતી તું વડો!
કસુર માફ કર રહેમ ધરી છાંયડો!

મનમ યક કતરા તું દરયાએ ઓમી,
ઝલુત્ફી ખુદ મમુન કારમ બખામી.
હું ટીપુશું નાચીજ તુ દરીયા રહેમ!
મહેરથી કસુર ઢાંક રાખીને પ્રેમ!

ઇલાહા પુખ્ત ગરદાં કારે ખામમ!
તમામમ કુન અગર ચેનાત મામમ.
ખુદાવંદ ખામી ભરયું કામ મુજ!
ખુબીરતું કરજે શરણ માગું તુજ!

કે સબ્બાહી તોરા ખાનહ બહાજાત,
રવાકુન હાજતમ બા ઈ મુનાજાત.
હું સબ્બાહ તારો બતું તુજથી રળીયાત!
ફળે સઉ ઉમેદો કબુલઆ મુનાજાત!

ગ્રુપ — "હસનાબાદ" મઝગામ, મુંબઈ.



લડાઇનાં બીકટ સમયમા પાંચ માસની પાયદળ મુસાફરી કરી અફગાન, રશીયા, ચીત્રાલ, ચાઈનાપોટેથી
**ઇમામના દીદાર** માટે આવેલા ઈસમાઈલીયનો

ફોટોગ્રાફર ગુલામહુસેન મામદ મુખી.

હાજર ઇમામ.

યાઃ સાહેબુલ-ઝમાંન.

# આલમોત નો યોધ્ધો

## અથવા

# હસન બિન સબ્બાહ.

## બાલ્યાવસ્થા.

---

## પ્રકરણ ૧ લું.

જે મહાન શકિત વડે આ સૃષ્ટિની અપાર રચના ઉત્પન્ન થઇ છે. અને તેમાં ઉત્તમ મનુષ્ય દેહની રચના સર્વોપરી સત્તા ભોગવતી હોય તેની રાહબરી જે ક્રમવડે થતી રહી છે તેમાં ચાર જુગનાં ચાર મહાન્ ગુરૂ અને ઇશ્વરી જ્યોતિનાં દશ અવતાર મનુષ્ય સ્વરૂપમાં મનાતા આવ્યા છે અથવા

**પયગમ્બરો; ઇમામો,** ના નામથી આ જગતમાં ઉપદેશ કરતા રહ્યા છે, તેમાનાં છેલ્લા જુગના અથવા છેલ્લા જમાનાના **ગુરૂ હઝરત નબી મોહમદ મુસ્તફા** ( સ ) અને **નકલંકી અવતાર હઝરત મોલા મુરતઝાઅલી** ( અ ) થી ઇસલામના હકીકતી દરજાના ઉપદેશકોમાં પોતાના તન મનથી સેવા બજાવનારાઓમાં પોતાની સત્ય વફાદારીથી જળકી રહેલા આ ગ્રંથના નાએક **હસન બીન સબ્બાહનું** નામ દુનીયાના અજાએબ પુરૂષો તરીકે ઓળખાતાઓમાંના એક તરીકે જાણીતું છે, આ એક મહાન્ અદ્દભૂત નરની તવારીખમાં લખાએલું છે કે જેણે એક વખતે આખી દુનીયાનું ધ્યાન પોતા તરફ ખેચ્યું હતું. એ **હસન બીન સબ્બાહ** નો જન્મ હી–સં. ૪૩૨ માં ઇરાન દેશનાં ખુરાશાન પ્રાંતમાં આવેલા તુશ નામના ફળદ્રુપ ગામમાં થયો હતો જેવણના પિતાનું નામ **અલી** હતું, અને એનો અસલ ધર્મ ઇસ્માઇલી નહી પણ **બતનિહે નાં સુફીપંથ** ને લગતો હતો. અને તેથી **હસન બીન સબ્બાહે** કેળવણી પુર્ણ કરવા અગાઉ તેના ધાર્મિક વિચારો માટે કાંઇ નિર્ણય થઇ શકતો નથી, પરંતુ તેની બાળપણાની અવસ્થા એક ભવિષ્યની ઝળકાટને આશા આપનારી હતી, એમ તેનાં પુખ્ત વયે ધર્મ સંબંધી બદલાયેલા અને મક્કમ થયેલા વિચારો સાબિત કરે છે, રૂઢીસરની બાળપણની કેળવણી પછી પોતાનાં જોડીઆ

હમસરીકો માંના **ઊમરખયામ** અને **હસન** બીજો જેવા મહાન ગણાયેલા સાથે ઉંચા પ્રકારની કેળવણી નિસાપુરમાં આવેલા એક મદરેસામાં મેળવી હતી. જેમાંનાં **હસન બીજાને** બાદ કરતાં **ઊમરખયામ અને હસન બીનં સબ્બાહ** જેણે આ દુનિયા ઉપર પોતાની ઝળકતી કારકીર્દીથી જે ઓળખાણ આપી છે તે ભવિષ્યના હઝારો વર્ષો સુધી ધડો લેવા જોગ છે. **હસન બીન સબ્બાહ** સ્વભાવે મિલનસાર, વિચારે મક્કમ અને સત્યને ગ્રહણ કરનાર તથા હરીફાઇએદીલેર અને સખી દીલ ગુરદો ધરાવનાર હતો, ત્યારે દેખાવે મજબુત બાંધાનો, અને એક બહાદુર દેખાવડો વીર પુરૂષ હતો, તેનો ઝેહેન ચાલાક ને બુદ્ધિ, તીવ્ર હતી અને ગણીત શાસ્ત્રમાં એકો હતો.

**હસન સબ્બાહ**નાં આ ગુણો તેની જીંદગીના અગત્યનાં બનાવો તરીકે પુરવાર થએલા હેવાલો અમો આગળ આપીશું.

જ્યારથી **હસન બીન સબ્બાહ**ના ધર્મ સંબંધી વીચારો વિશાળ થવા લાગ્યા ત્યારથી તે પોતાનાં મિત્રો સાથે તેમજ પોતાની યથાશકિતથી તે વખતનાં આલીમો પાસે પોતાના સવાલો રજુ કરતો અને એ રીતે તે દીન પર દીન ધર્મ સંબંધી બાબતોમાં વધારે જોરદાર અને જુસ્સાદાર થતો ગયો. અને હમેશા પોતાના મન સાથે વિચાર કરતો કે આ સૃષ્ટિની સપાટી ઉપર જે જે મહાન પુરૂષો અને વિર નરો

થઇ ગયા છે. તે આપણાં જેવાંજ મનુષ્યો હતા, ત્યારે આ દુનીયામાં મારો જન્મ જ્યાં સુધી બીજાઓને પ્રાયદો પહોંચાડનાર ન નીવડે ત્યાં સુધી હું પોતાને ભાગ્યશાળી ગણીશ નહી, આ તેની અંતઃકરણમાં વશી રહેલી એક દ્રઢ પ્રતિજ્ઞા હતી. તે જયારે તેણે **ઇલ્મે રૂહાની**નાં પ્રતાપે ખુદાને મેળવવાની ઊત્કંઠા થઇ ત્યારે શુદ્ધ ભાવના રૂપે બહાર ઉભ્રરવા લાગી. અને હમેશાં તે ખુદાને જાણવા માટે ચકચુર રહેવા મંડયો અને પોતાના મિત્રો પાસે એજ ચર્ચા ચલાવ્યા કરતો ને તેનાં બે હમશરીકોમાંના માત્ર એક **ઉમરખયામ** સાથેજ તેનીપસંદગી વધુ ઉતરી હતી કારણ કે **હસન બીન સબ્બાહ**નાં આ ઊંચા દરજાનાં **હકીકી** સવાલોની કદર માત્ર **ઊમરખયામ** નેજ હતી. જયારે છાલકા વિચારનાં અને પરવશ આસ્થા ધરાવનારાઓ તેની મશકરી કરતા અને તેની વાતોને હંસી કહાડતા તેના જવાબમાં **હશન સબ્બાહ** ને મશકરીમાં પુછતાં કે કદાચ અમો પણ તારા વીચાર પ્રમાણે અમારા વડવાઓનાં મઝહબમાં શંકા કરીએ તો તારે અમોને પોતાનાં દાખલાથી સાબીત કરી આપવું જોઇએ જેના જવાબમાં **હશન સબ્બાહ** કહેતો કે **ઇલ્મે રૂહાની** કે જેનો નીશંબત અલાહ સાથે સીધો છે તે સાંકડા વિચારોથી નહી પણ બહુજ વિશાળ નજરે અને ઉતાવળ કર્યા વગર તથા બાપદાદાથી મનાતા આવેલા મઝહબ સંબંધે શંકા કર્યા વગર

આગળ વધવાનું છે વળી **હસન સબ્બાહ**નું રાજદ્વારી ભેજું જેટલું મોટાઇની ભાવનાવાળુ તેટલુંજ કુનેહવાળું હતું આવા સામટા સંજોગો વચ્ચે **ઉમરખયામ** પણ તેને ઉપયોગી નીવડયો નહી અને **હશન સબ્બાહ** પોતાની તીવ્ર ઇચ્છાને પાર પાડવા પોતાની બુલંદ હીમત ઉપર એકલોજ રહયો અને જ્યારે જયારે તેને તેનાં હમશરીકોની મદદ માટે વિચાર આવતો ત્યારે તેઓનાં નબળા વિચારોનાં લીધે પોતાની આલી હીંમત પર વધુ અને વધુ મુસ્તાક બનતો અને મક્કમ થતો કે મારે સત્યતાથી દુનિયાને દાખલો બેસાડવો અને મેળવેલી સત્તાવડે ગરીબોને સહાય આપી ને અચળપણે મેળવેલા ઇલમનો લાભ બીજાઓને આપવા પાછા હટવું નહી અને કદાચ હઝારો સંકટ આવી પડે તોપણ ડગવું નહી, તેના આવા મનમાં ઘોળાયા કરતા વિચારોનાં ઉભરાને છેવટે પોતે મેળવેલી ઉંચા તબકાની તાલીમનાં લીધે **જમાનાનાં ઇમામની** તાબેદારી તરફ ખેંચાયો એ વખતનાં **સુફી પંથ**નાં તરીકાને છાજતાં ધાર્મિક મુરબી અને તેની રૂહાની દ્રષ્ટિ અસંપરસ ખેંચતાણ થવા લાગી. છેવટે **અહેલબેત**નો ગરાનો અને તેમનું દુનીયા ભરનું મોરબી-પણું આગળ વધ્યું અને તેથી તેવા **ઇમામ** તથા **મુરશીદ** ની ગણુતરીની શોધમાં રહયો. આ રીતે **ઇલમે રૂહાની** ની ટોચપર ચહડયા પછી ઇનતજારે દીદારના ફીરાકને ફીક-

રમાં રહેવું તે તેના માટે મુખ્ય વિષય થઇ પડયો જાણે કે, તે પોતાના ભવિષ્યની ઝળકતી કારકીર્દીની શરૂઆત કરતો હતો જ્યારે બીજી બાજુ તેની આ સ્થિતી જોઇ તેને તેનાં મિત્રો ગાંડો ગણતા કારણ કે **હશન સબ્બાહ**નાં જીગરમાં ઉશકેરાતા રૂહાની પાવરને પરખવાની તેઓમાં વિશાળતા નહોતી છતાં તેનીરાજદુવારી ભાવના ખાતર તે **ઊંમરખયામ** તથા **હશન બીજો** એ બેઉ મિત્રોથી છુટો પડી શકયો નહી. પોતાનાં રૂહાંની ઇલમના દરજા ભાવનાઓને સીદ્ધ કરવા પહેલાં તેને આ બે મિત્રોજ મદદ કરી શકશે, એવી તેને સહુવાસથી ખાત્રી થઇ હતી, અને રાજદુવારી ઈચ્છાઓ પુર્ણ થયાથી પોતાની મઝહબી ચળવળ વધુ સચોટ રીતે ફાયદો કરી શકશે એમ તેની માન્યતા હતી, અને તેથીજ છેવટે પોતાના ઉપરનાં બે મિત્રોને પોતાની સાથે જોડેલા રાખવા તક મેળવી અને છેવટે અરસપરસ ત્રણે જણાઓએ એવી પ્રતિજ્ઞા લીધી કે પોતાનાંમાંનો જે કોઇ રાજદુવારી ચાન્સ પહેલો મેળવે તેણે બીજા બેને માટે પુર્ણ મદદ કરીને આગળ પાડવા. આવા એકરાર પછી ત્રણે મિત્રો મદરેશાની તાલીમ પુર્ણ કરીને છુટા પડયા.

**સએર.**

" રામ રામ કહેને સે: જ્નહીદ ખફા ન હો,
" " કહીં ઈસી મેં નુરે: એહમદ છીપા ન હો.

---

# ઊમરખયામ.

## પ્રકરણ ૨ જું.

જે મહાન ફારશી-સાહેરે પોતાનાં કાવ્યોથી દુન્યાના સુધરેલા ભાગોમાં પણ **સુફીઝમ** રૂહ ફૂકયો છે. તે **ઊમરખયામ હશનબીન સબ્બાહ** નો આગળ બતાવી ગયા તેમ માનીતો હમશારીક હતો, તેણે કોઇ પણ દુન્યવી જાહોજલાલી ન મેળવતાં **સુફીઝમ** ( તત્વજ્ઞાન ) જે આ દુન્યા સાથે ઇનશાનનો અસલ સબંધ કેવા પ્રકારનો છે, તેને માટેની માહીતગારી ઉપર પોતાનાં સ્વતંત્ર વિચારો “ રૂબાઇયો ” માં રજુ કરી એક નામચીન શાહેર તરીકે ઝળકાટ મેળવ્યો છે. જેની “રૂબાઇયો” એટલી તો નામચીન અને મશહુર છે, અને તેમાં એવું તત્વજ્ઞાન સમાવેલું છે કે દુન્યાપરની દરેક પ્રજા તેનો જુદી જુદી લીપીમાં તરજુમો કરીને તે વાંચીને તેમાંથી ફાયદો ઉઠાવે છે. **ઊમરખયામની રૂબાઇઓ**માં “હકીકતી ઈસ્લામ” અથવા “ઇલ્મે રૂહાંની” એટલા બધા ઊચા દર-

જાની છે કે જો તેને શાંન્ત ચિતે અને મઝહબી ઝઘડાઓનાં નકામાં તરખાટથી વેગળા રહી સમજે તો તેને "ઇલ્મેમારફત" (વસલેયાર)ની મસતી પ્રાપ્ત થાય.

આ પ્રસંગે અમો તેનાં માટે વધુ વીવેચનમાં ઉતરવા ન માગતા હોવાથી માત્ર એકજ "રૂબાઇ" કે જે પરહેજગારીનાં લીબાશમાં નફ્શાનીયતથી પોતાની આકબત બીગાડનારા છે, તેને માટે તેનાંજ શબ્દોમાં રજુ થઇશું કે જેથી તેની **"ઇલ્મે બાતુની"**ની ક્રીયા કેટલી બધી જોરદાર હતી તે સમજવાને બની આવે.

એક પ્રસંગે **ઊમરખયામ** પોતાના કેટલાક ગોઠીયાઓ સાથે બેસીને ઢોંગી ઇમાનદારો અને તેની ચાલ ચલણ વીશે વીવેચન કરી રહયો હતો તેટલામાં ત્યાંથી એક ગધેડો પસાર થતો જોયો **ઊમરખયામ** સમય સુચકતા વાપરી તે ગધેડા સામું જોઇ હસ્યો ત્યારે તેનાં ગોઠીયાઓ કારણ પુછ્યું તેના જવાબમાં પ્રસંગોપાત એક શીઘ્ર રૂબાઈ સંભળાવી કે:—

## રૂબાઇ.

**"ચે રફ્તા બાઝ આમદા વ ખુમ ગશ્તા**
**"નામત ઝમયાને મરદુમાન ગુમ ગશ્તા.**

"નાખુન હમાં ઝમા આવરદા વ સુમ ગશ્તા
"રીશ અસ પસ કુન આમદા વ દુમ ગશ્તા.
(ઊમરખયામ.)

**ભાવાર્થ**=( અયે કપટી પરહેજગાર ) તું સંસારમાંથી કુચ કરી ગયો, પરંતુ તારી અંતઃકરણની કપટતાનાં લીધે તું પાછો ગધેડાના રૂપમાં અવતર્યો તારા ખોટા આલીમપણાંને લીધે તું લાંબી દાઢી રાખતો હતો તે તારા પાછલા ભાગમાં ( એટલે પીઠની પછવાડે ) પુછડીના તરીકે ચોંટાડી અને તારા નાખુનો સરવે એકઠા કરીને (પરવરદીગારે) તારા પગની ખરીઓ બનાવી.

**ઊમરખયામ**ના આ પ્રસંગોપાત કાવ્યોથી જેમ હાલં નાંઢાંગી ઈમાનદારોનું ખ્યાલ આપણી નજર સામે ખડો થાય છે તેવીજ રીતે **"ઇલ્મે રૂહાની"**નાં એક અથંગ શિક્ષક તરીકે આવાગમનનાં સવાલનો ઉતમ પાઠ આપણા કાનમાં સચોટ રૈંડે છે અને આવા એક કટાક્ષ ઉપરથી હજારો ગોટાળા ભરેલા મનને ગુંચવનારા સવાલોનું સમાધાન થતાં અમો તે લોકોને તે દુરાગ્રહી હઠધર્મિ લોકોને અને **હશનબીન સબ્બાહ**ની ઝળકતી **ઇસમાઈલી મઝહબ**ની સેવાઓને તોડી પાડવાની કોશેશ કરનારા બે વકુફોને કાન ચીમટી કહીશું કે તમો જયારે જયારે ઇસ્લામનાં "હકીકતી"

દરજાનાં " ઇલ્મે રૂહાની " વિરૂદ્ધ વાતો જાહેરમાં લાવી પોતાની ઇમાનદારી પરહેજગારીના શાહયામાં જાહેર મુકો ત્યારે ત્યારે **હશન બીન સબ્બાહના** મિત્ર **ઉમરખયામ** ની ઉપરની રૂબાઇ વાંચજો અને તેનાં અર્થ ઉપર વિચાર કરજો કે જેથી તમો શરીયતનાં મુળાક્ષરોને **"લોહેમહેફુઝ"** ની હકીકતી તખતીમાં ગોઠવાયલી જોઇ જાણુવાનું શીખી શકો અને સમજો કે:—

## બયેત.

**" ઇસ્કકે મકતબ મે મેરી આજ બિસમીલ્લાહ: હયે**
**"મુહસે કહેતાહુ અલીફ દીલશે નીકલતી આહ હયે:**

—(o)—

# હશન બીજો તે નિઝામ ઉલમુલ્ક.

## પ્રકરણ ૩ જું.

જે વખતથી **હશન બીન સબ્બાહ**, **ઊમરખયામ** અને **હશન બીજો** પોતાનાં એકજ ઊસ્તાદનાં હાથથી તાલીમ લઇ અરસપરસ કોલ કરારો કરી મિત્રાચારી વચ્ચે છુટા પડયા તે વખત પછી ઘણા થોડા વખતમાં **હશન બીજો** નિસાપુરમાં **સુલતાન સુલજુકી**ની દરબારમાં મુનશી તરીકે નોકર રહ્યા અને તેણે મેળવેલી ઊંચા દરજાની કેળવણીના પ્રતાપે તેણે પોતાનાં રાજદ્વારી કામનો ઝળકાટ **સુલતાન સલજુકી**ની નજરમાં પહોંચાડવા નશીબવાન નીવડયો અને રફતે રફતે તે વજીરનાં માનવંતા હોદ્દા ઊપર ચહડયો ત્યાર પછી બાદશાહની પસંદગીને લીધે એને **નિઝામ ઊલ મુલ્ક**નો ખેતાબ ઇનાયત થયો, અને પોતાના સુંદર નશીબનાં પ્રતાપે અને ઊંચી કેળવણીની કાબેલીયતને લીધે તેનો રાજદ્વારી લોભ તૃપ્ત થયો.

**ઊમરખયામ** પોતાની કાવ્ય શક્તિ અને ઇલ્મેરૂહાનીના અભ્યાસને પ્રકાશમાં લાવીને વિદ્વાન્ વર્ગનો માનીતો થઇ પડયો, અને તેની અંતઃકરણની વિશાળતા અને રૂહાની પાવરની સ્વતંત્રતા અને કાવ્ય શકિતની સચોટ ધુન એ તેનો મિત્ર **હશન બીજો** જે નજીકમાં **સુલતાન સલજુકીની** દરબારમાં જે રાજદ્વારી માન ભોગવતો હતો તે પોતાના મનથી તુચ્છ ગણુતો હતો.

આ રીતે પોતાનાં જોડીઆ બે મિત્રો જુદી જુદી દીશામાં રોકાયલા હતા, ત્યારે **હશન બિન સબ્બાહ** જે આ બેઊ મિત્રોનાં ગુણથી વધુ સરસ રીતે પાકટ થયેલો હતો. તેણે પોતાને તરતમાં કોઇ ચાન્સમાં રોકાઇ રહેવાનું પસંદ પડયું નહીં અને તેણે તેટલા માટે આ દુનીયામાંના જાણવા જોગ મથકોનો પ્રવાસ ખેડયો અને તેના **રૂહાની ઇલ્મનાં** બળે તે કુદરતની અપાર લીલાઓમાં મસ્ત બન્યો. અંતે જ્યારે તે અચાનક સંજોગો વચે નિસાપુરમાં આવી ચહડયો ત્યારે તેના મિત્ર **હશન બીજો** જે **સુલતાન સલજુકીની** દરબારમાં **નિઝામ ઊલ મુલ્કનાં** શણુગારથી રાજદ્વારી માન પુર્ણ ભોગવતો માલમ પડયો, ત્યારે **હશન બિન સબાહ** ચોંકયો અને તેજ પળે તેને છુટા પડતી વખતનાં કોલ કરારોનું સમરણ થઈ આવ્યું અને પોતાના મિત્ર **હશન બીજાની** કસોટી કરવા મન થઇ આવ્યું, આવા વિચારો તેને નકી કરતાં લંબાણ મુસાફરીઓનાં તાજા અનુભવથી પોતાને પ્રાપ્ત થએલા ઊંચા દરજાનાં

**રૂહાની ઇલ્મ**ને પરમાર્થ બુદ્ધિથી પ્રસાર કરવાની રાજદ્વારી સત્તાનું સાધન ઉપયોગી માન્યું ધારેલી રીતે તે **હશન બીજો** જેને હવેથી **નિઝામ ઊલ મુલ્ક** તરીકે ઓળખીશું તેને મળયો એક મિત્ર તરીકે કરેલા કોલ કરારોનું સમરણ તાજું થતાં **નિઝામ ઊલ મુલ્કે હશન બિન સબ્બાહ**ને સારો આવકાર દીધો. એક રાજદ્વારી મનુષ્યનું અંતઃકરણ અને **રૂહા-નીઇલ્મ**થી વિશાળ થયેલા જીગરને નીમાયલા વખત સુધી સાથે રહેવાનું બન્યું, **નિઝામ ઉલ મુલ્ક** જે **હશન બિન સબ્બાહ**નાં પાવરથી ડઘાયલો હતો. તેણે પોતાનો છુપો ઇરાદો દાબી રાખી **હશન બિન સબાહની સુલતાન સલજુકી**થી મુલાકાત કરાવી માન અપાવવાની પોતાની લાયકાત જાહેરમાં સારી દેખાડી અને તે તકનો લાભ જે મળ્યો તે **હસન બિન સબ્બાહ**માં ઝળકતા રૂહાની પાવરના પ્રભાવે કંઇક વિચીત્રતા ઊત્પન્ન કરનાર નીવડયો તે એ કે **હશન બિન સબ્બાહ**ના નિસ્પૃહ વર્તન **સુલતાન સલજુકી**ની સમ્પુર્ણ પ્રીતિ મેળ-વનાર દેખાયું. અને તે **નિઝામ ઉલ મુલ્ક**ને રાજદ્વારી લોભનાં સાંકડાપણાને લીધે બોજારૂપ થઇ પડયો.

બાદશાહાની દરબારમાં **હસન બિન સબ્બાહ**ની આવ જાવનાં ઘણા ટુંકા સમયમાં નાના અને મોટાં રાજદુવારી સવાલોના સમયસુચકતા ભરેલા વર્તનથી **નિજામ ઉલ મુલ્ક**ને તે ઘણું આપૂતકારક લાગતું હતું.

આ રીતે **નિઝામ ઊલ મુલ્કની** દ્રષ્ટિ રાજ્યલોભથી અંજાઇ ગયેલા એક બેવફા મિત્ર તરીકે **હશન સબ્બાહની** નઠારી વર્તણુંકો દેખાડવાની કોશીશો કરવામાં રોકાઈ અને તે પ્રયત્નોમાં નિષ્ફળ નીવડલો. જો **નિઝામ ઊલ મુલ્ક** પોતાનાં મિત્ર **હશન સબ્બાહની** વફાદારી ઉપર ભરોંસો મુકી સબર કરતે તો **હશન સબ્બાહે સુલતાન સલજુકીની** તેનાં મારફત મેળવેલી મહેરબાની **ઇલ્મે રૂહાનીનાં** શિક્ષણ માટેની યોજનામાં મદદગાર રહેવાનો તે અનુપમ માન મેળવાયલું આજની તવારીખોનાં પાનાઓ ઉપર નોંધાઈ રહેલું જોતે એમ **હશન સબ્બાહનાં** રાજદ્વારી ચળવળમાં મીલનસારપણાથી અથવા તેણે ભવિષ્યમાં મેળવેલી ઊંચી કાર્યસીદ્ધી ઉપરથી કહી શકીએ, પરંતુ એકલો રાજદ્વારી લોભ જેમ કોઈ પ્રસંગે અચળ ટકી રહેનાર નીવડયો નથી તેમ **નિઝામ ઊલ મુલ્ક** નાં સબંધમાં **હશન સબ્બાહ** અને **ઊમરખયામ** જેવા કાબેલ ઊસ્તાદના જોડીયા શાગીરદોમાં તેણે નબળો દેખાવ કીધો. એક વખતે **સુલતાન સલજુકીએ** પોતાનાં રાજ્યનાં ઊપજ ખર્ચનો હીસાબ રજુ કરવા હોદ્દાની રૂઇએ પોતાનાં માનીતા વજીર **નિઝામ ઊલ મુલ્કને** ખાહેશ કીધી અને **નિઝામ ઊલ મુલ્કે** તે હીસાબ રજુ કરવાને માટે બાદશાહની હજુરમાં તેનાં બહોળા રાજ્યનું પ્રભાવ બતાવી એક વર્ષની મુદત માગી પોતાનાં વહાલા વજીરનાં આ જવાબને **સુલતાન સલજુકીએ** જો કે ઠીક નહી ધાર્યો કારણ કે તેને એ હીસા-

બની જે જરૂરીઆત હતી, તેને ઈન્સાફ આપનારો એ ઊતર નહો તો પણ તેણે તે બાબત જાહેરમાં કશું પણ કહ્યું નહી, પરંતુ બીજે દીવસે **નિઝામ ઊલ મુલ્કે** માગેલી વર્ષની મુદત બાબત ફરી ચર્ચા કરી અને **નિઝામ ઊલ મુલ્કનેજ** એક વર્ષ કરતાં જેટલી પણ ઓછી મુદતમાં થઈ શકે તેમ રજુ કરવાને ભાર મુકી સુચના કરી, બાદશાહનું આ બીજી વખતનું **નિઝામ ઊલ મુલ્કની** બાહોશી ઉપર કલંક લગાડનારૂં હતું એમ **હશન સબ્બાહે** જોઇ પોતાનાં મિત્રને બચાવી લેવા માટે અને તેમ થતાં બાદશાહની મહેરબાનીનાં લાભથી **નિઝામ ઊલ મુલ્કનાં** હસ્તક **રૂહાની ઇલ્મની** તરબીયતનો સાધન મેળવવાની ઇચ્છાથી પોતે **હશન સબ્બાહે** રાજના ઊપજ ખર્ચનો સઘળો હીસાબ માત્ર ચાલીસ દીવસમાંજ રજુ કરવા બીડું જડપ્યું **હશન સબ્બાહએ** આ બીજે દીવસે અપાયલી કબુલાતનો ભરોશો **નિઝામ ઊલ મુલ્કની** સહાય ઉપરજ રચાયલો હતો, કારણ કે ઉપજ ખર્ચ અને રાજનાં વિસ્તારની હકીકતો **નિઝામ ઊલ મુલ્ક** કે જે તે રાજ્યનો તે બાહોશ વજીર હતો તેનાં વગર **હશન સબ્બાહ** બીજે ઠેકાણેથી મેળવે તે અશકય હતું, માત્ર **નિઝામ ઊલ મુલ્ક** જેવા મિત્રની વફાદારી ભરી સાહય આપવાનું અને બેમાંથી ગમે તે માટે **સુલતાન સલજુકી** ખુશી દેખાડે તેમાં **હશન સબ્બાહ** જુદાઇ માનતો નહી હતો, છતાં **નિઝામ ઊલ મુલ્ક** તે જોઈ શકયો નહી અને ઉલટો અર્થ કરી **હશન**

**સબ્બાહને** માટે તેના અંતઃકરણમાં છુપાઈ રહેલી બેવફાઇ ઉપર વિરૂદ્ધતા ભરી રીતે વર્તવા માંડયો, અને પોતાના કોઇ પણ સાધનો મારફતે **હશન સબ્બાહને** હીસાબના આંકડાઓ મળે નહીં એવી અંગત ગોઠવણ રચી.

**હશન સબ્બાહે** બાદશાહની હજુરમાં આપેલી કબુલાત પછી **નિઝામ ઉલ મુલ્કની** વર્તણુક જુદી દીશાએ કામ કરતી દેખાઈ તે જોઇ **હશન સબ્બાહ** કે જે એક બુલંદ હીમતનો અને ઊંચા દરજાની કેળવણીની હરીફાઈમાં આગળ વધેલો હતો તેથી તેણે પોતાની પરિક્ષાનું સમય જાણીને ડર્યો નહી અને પોતાનાં કાર્યમાં બીજા દરબારીઓની મદદથી જરૂરી વીગતો મેળવી વધુ ચપળતાથી બાદશાહે માગેલા સઘળા આંકડાઓ રાતદીવસની મહેનતથી મુદતનાં અગાઉ તૈયાર કરી રાખ્યાં આમ છતાં પણ **હશન સબ્બાહે** પોતાનાં માનેલા મિત્ર **નિઝામ ઉલ મુલ્કને** અણગમો દેખાડયા વગર સરળતાથી પોતાનું તૈયાર થએલું કામ દેખાડવા અને તે બાબત માં પોતાની સુચનાઓની મદદ આપવા કહેવરાવ્યું. જેનો પણ **નિઝામ ઉલ મુલ્કે** દુષ્ટતા ભરી દ્રષ્ટિએ જવાબ આપ્યો, અને હશન સબ્બાહનાં તૈયાર કરેલાં કામને કેવી રીતે નિષ્ફળતામાં મુકવું, તેને માટે રાત દીવસ વીચારમાં ગુંથાયો.

## કસોટી.

કસ લીઆ કસોટી પર અએ ઝર તુજે !
પરખ કી તો પાયા એક શીયા પથ્થર તુજે.

# રાજદ્વારી ખટપટનો ભોગ થઈ પડેલો હસન બીન સબ્બાહ.

—*)(*—

## પ્રકરણ ૪ થું.

—(:o:)—

સુલતાન **સલજુકી**ની દરબારમાં વાયદા મુજબ ચાલીસમે દીવસે રાજનાં ઊપજખર્ચનો હીસાબ **હસન સબ્બાહે** રજુ કરતાં તેનાં મિત્ર **નિઝામ ઊલ મુલ્કે** જે શત્રુતા ભરેલી ખટપટથી દગો કીધો તેના સબંધમાં જુદા જુદા તવારીખ નવેશો જુદી જુદી રીતે વર્ણન કરે છે, ત્યારે ઈસમાઈલીઓની વિરૂદ્ધ લખનારાઓ તેનો લાભ લઈને ઘણી ખોટી હકીકતો લખી પોતાની નાદાનીયત બતાવે છે. જ્યારે એ સબંધે અમોએ તેનો ખરો હેવાલ મેળવતાં આધાર રાખી શકાય તેવા અને વજનદાર ફારશી તવારીખનાં મોજુદ સાધનો વડે અને **હશન સબ્બાહનાં** હમ'વતનીયોનાં સ્પષ્ટ ખુલાસા મેળવવા

પછી એમ નિર્ણય થયો છે કે **હશન સબ્બાહે** જ્યારે પોતાનાં તરફથી હીસાબનાં આંકડાઓ તૈયાર કર્યા ત્યારે પોતાનાં ઊંચા સદ્દગુણોની વૃત્તિને લઇને સાચા મિત્ર તરીકે **નિઝામ ઉલ મુલ્કને** બે દીવસ અગાઉ તે હીસાબના આંકડાઓ દેખાડવાનું પસંદ કર્યું પરંતુ મિત્રતાનાં લેબાસમાં સજ થયેલા કપટી **નિઝામ ઉલ મુલ્ક** કે જેના જીગરમાં **હશન સબ્બાહનું** આ કામ કઇ પળે નિષ્ફળ નિવડે તે જોવાને આતુર હતું તેણે તે તકનો ગેરલાભ લીધો અથવા **હશન સબ્બાહનાં** ઝળકતા ચાન્સ સામે પોતાની અદેખી આંખો બંધ કીધી. કારણ કે **હશન સબ્બાહની** બાહેશને ઉપર ટપકે માનની નજરથી જોતો જ્યારે બીજી બાજુ હીસાબનાં આંકડાઓ પોતાના એક ચાલાક દગાબાજ નોકરનાં હસ્તક મંગાવી જોયા ને તેથી તેનાં સીનામાં અદેખાઈની આગ ભડકી ઉઠી અને એક નીચ યુકિતનાં સાધન તરીકે પોતાનાં નોકરને **હશન સબ્બાહનાં** વિશ્વાસુ થવા જાળ રચી અને તે મુજબ **નીઝામ ઉલ મુલ્કનાં** જાસુસ તરીકે **હશન સબ્બાહને** ત્યાં તરતમાં નોકરી મેળવી અને સંપુર્ણ વિશ્વાસુ થવા પામ્યો. તેમજ મિત્ર તરફ અથવા પોતાનાં ઉપર ઊપકાર કરનાર તરફ અવિશ્વાસ રાખવો એવો દુર્ગુણ **હશન સબ્બાહમાં** નહોતો.

આ બુલંદ હીંમતની એક શીફત અને દાનેશમન્દીનાં ઊંચ વીચારે **હશન સબ્બાહ** પોતાનાં મિત્ર **નિઝામ ઊલ મુલ્કનું**

ભલું કરવાની નેમ એજ તેનો નિર્ણય હતો, પણ તેમાં **હશન સબ્બાહે** જે થાપ ખાધી તે નીતીની નજરે **નિઝામ ઊલ મુલ્કની** નબળાઈ દરશાવનારી હતી અને તેથી તેનો ગુન્હેગાર **નિઝામ ઊલ મુલ્ક** સિવાય બીજો કોઈ થઈ શકે નહીં.

જાસુસ તરીકે **હશન સબ્બાહ**માં રહેલા નોકરે હીસાબનાં આંકડાઓનાં કાગળીઆઓમાંથી કીમતી મુદ્દાઓનો નાશ કરી તેને બદલે ભળતા આંકડાવાળા કાગળો જે **નિઝામ ઊલ મુલ્કે** પોતે ધારેલી રીતે ગોટાળો કરવા આપેલાં તે એવી સફાઇથી જોડી દીધા કે **હશન સબ્બાહ** પોતાનાં આંકડા દરબારમાં રજુ કરવા અગાઉ તપાસ્યા હોત તો તરત પારખી શકતે નહી. છેવટે જ્યારે **સુલતાન સલજુકીની** દરબારમાં ચાલીસમે દીવસે બાદશાહની ખાહેશથી ઉપજ ખર્ચનાં આંકડાનાં કાગળીઆનો દફ્તર ખોલવામાં આવ્યો અને **હશન સબ્બાહે** જ્યારે તે કાગળીઆની સમજ બાદશાહ હજુર આપવા માંડી તે વખતે પેલા ગોટાળાવાળા આંકડાનાં કાગળીઆઓ રજુ કરતાં **હશન સબ્બાહ** ગુંચવાયો અને **નિઝામ ઊલ મુલ્કે** તે તકનો લાભ લઇ **સુલતાન સલજુકી** ને **હશન સબ્બાહ**ની ઉતાવળ વિષે ભંભેર્યો. પરિણામમાં **હશન સબ્બાહ** પોતે કોઈ પ્રપંચનો ભોગ થયો છે એમ જ્યારે જાણ્યું ત્યારે તેનાં સ્વચ્છ અંતઃકરણ ઉપર તિરસ્કાર ઉપજ્યો અને વધુ ખટપટીઆ સવાલ જવાબમાં **નિઝામ ઊલ મુલ્કનોજ** વધુ પડતો ભાગ

જોઇ તેને મિત્રનાં લેબાસમાં છુપાએલો કપટી બેવફા નાગ દેખાયો અને એવીજ ઉશ્કેરાયલી હાલતમાં **સુલતાન સલજુકીની** કાંઇપણ કનવાર કર્યા વગર તિરસ્કારનાં શબ્દો **નીઝામ ઊલ મુલ્કને** સંભળાવી બેધડકપણે પોતાની બુલંદ હીંમતનાં જોરે ખુદાઈનુરનાં ઝલકાટ તરફ પોતાનું નસીબ અજમાવવા તેની નીચ ખટખટ ભરેલી કંગાલ દરબારને છોડીને ચાલ્યો ગયો.

× × × × × × × ×

* તઝકરે દોલતે શાહી, અને રોજતુલ સફા, એ બે ફારશી તવારીખનાં ગ્રંથો સિવાય ઇંગ્રેજી તવારીખ લખનારાઓનાં પુસ્તકનો અમોએ એટલા માટે આધાર નથી મુકયો કે **હુશાન સબ્બાહુની** અસલ હકીકત જેટલી ઉપરનાં બે ફારસી ગ્રથોમાંથી મળી આવે છે. તેનાં કરતાં કાંઇ વિશેષ હકીકત તેઓ દર્શાવતા નથી, તેમાં પણ તઝકરે દોલતે શાહીનો લખનાર સુલતાનનું નામ મલેકશાહ બતાવે છે કે જે ખરૂં નથી, અને તેટલા ઉપરથી અમારે આ લેખનો બધો આધાર "**રોજતુલસફા**" નામનાં પ્રખ્યાત પુરાણા તવારીખી ગ્રંથનાં આધારે પુર્ણ કર્યો છે. જ્યારે મજકુર કીતાબની અંદર **હુશાન સબ્બાહુ** પર થયેલા દગાની હકીકત એવી રીતે છે કે જ્યારે **હુશાન સબ્બાહુ** પોતાનો દફતર દરબારમાં લઇને હાજર થયો ત્યારે **નિઝામ ઊલ મુલ્ક** આગળથી આવીને બેઠો હતો, તેણે **હુશાન સબ્બાહુ** પાસેથી દફતર જોવા માંગ્યું, અને તેનાં માન ખાતર સઘળું દફતર **હુશાન સબ્બાહે** ખુલ્લા મનથી **નિઝામ ઊલ મુલ્કને** સોંપ્યું, અને દરબા-

રની રીત પ્રમાણે **હુશન સબ્બાહે** પોતાની બેઠક લીધી, જે બેઠક **નિઝામ ઊલ મુલ્કથી** જરા દુર હતી, **હુશન સબ્બાહ** પોતાની બેઠક પર બેઠો ત્યારે **નિઝામ ઊલ મુલ્ક** તે દફતર તપાસવા લાગ્યો, તપાસતાં તેને ખાત્રી થઇ કે આ દફતરો જે **હુશન સબ્બાહે** લખેલાં છે તે જો સુલતાન પાસે રજુ થશે તો સુલતાન મારી નબ-ળાઇ ગણી મને હલકો પાડશે એવી બીકથી **હુશન સબ્બાહની** નજર ચુકાવીને દફતરમાંના થોડા પાનાં કહાડી નાખ્યા અને પછવાડે પોતાનો ગુલામ ઊભો હતો, તેને આપી તે કાગળો નાશ કરવાનો હુકમ કર્યો જે હુકમ ગુલામ સાંભળીને આપેલા કાગળોનો નાશ કરવા ચાલ્યો ગયો અને ત્યાર પછી થોડો વખત રહી સુલતાન દરબારમાં આવ્યો, અને **હુશન સબ્બાહનાં** કાગળીઆઓ રજુ કરવામાં આવ્યા ત્યારે અંદર અધુરી વીગત જોઇને સુલતાનને ગુસ્સો આવ્યો, જે તક જોઇને **નિઝામ ઊલ મુલ્કે** કહ્યું કે બાદશાહ સલામત! હું તો આપને કહેતો હતો કે આપણો વિશાળ રાજ જેની સરહદ રૂમ અને મીશરથી લઇને ખુરાશાન સુધીની છે. તેનો હીસાબ રજુ કરવા માટે મેં જે એક વર્ષની મુદત માંગી હતી, તે જો આપે મંજુર રાખી હતે તો કદી પણ **હુશન સબ્બાહની** જેમ ભુલ થવા નહીં પામતે. **સુલતાન સલજુકી** કાચા કાનનો હોવાથી **નિજામ ઊલ મુલ્ક**નાં ખુશામદ ભરેલા અલફાજો સાંભળી વધુ ગુસામાં આવી ગયો જેથી **હુશન સબ્બાહની** આ મહાભારત મહેનત સામે ન જોતાં બદલામાં ગેરઇનસાફ આપ્યો જેથી **હુશન સબ્બાહે** પોતાનાં મન સાથે વિચાર્યું કે એવાં બેકદર રાજા પાસે રહેવામાં આપણી સલા-

મતી નથી. જેથી હમેશ માટે સુલતાનની દરબાર છોડીને પોતાની આલી હીમતનાં હીસાબે પાછો મેદાને પડયો.

× × × × × × × ×

કલામે અલી.

**હીમત બડી ઇમાન નીશાની,**
**બડી રખો અપની હીમત;**
**જીસ કીસીકી હીમત બડી.**
**ઊસપે આવે રબકી રહેમત.**

---

**અપીલ**=ઇસમાઇલી બીરાદરો જાગો અને ઊંઘમાંથી બેદાર થાઓ ! આપણા સાચા મઝહબ પ્રત્યે વિરૂધ્ધીઓ તરફથી જે ખોટા આક્ષેપો અને જુઠી જોડી કાઢેલી બીનાઓથી ટુંક બુધ્ધીવાળાઓને શંકામાં નાખવાના સાધન તરિકે પુસ્તકો છપાવે છે, તેઓને સભ્યતાથી પુસ્તકોદ્વારા સત્ય ઉત્તર આપવા તૈયાર થાઓ. તેમાં આપણે ભોગ આપેલો વખત જરૂર પરવરદીગાર ઇબાદતમાં ગણશે.

**કર્તા.**

# હસન બીન સબ્બાહ–

## ઈસમાઈલી કેમ થયો.

### પ્રકરણ ૫ મું.

—:o:—

સુ**લતાન સલજુકીની** દરબારમાંથી બહાર પડયા પછી **હશન સબ્બાહ** ઈસપ્રહાનમાં પહોંચ્યો અને તેનાં મનમાં **નિઝામ ઊલ મુલ્કનાં** કપટ વિષે એકથી વધુ વાર એવા વી-ચારો ઘોળાયા કરતા, પણ જ્યારે તેને મીશરમાં રાજ્ય કર્તા ઈસમાઈલી (૧૮) માં ઇમામ મોલાના શાહા મુસ્ત-ન્સીરબીલ્લાહ (અ) નાં એક **દાઇ** નામે **અબુનઝમ** સાથે મુલાકાત થઇ. અને તેમાં મઝહબી ચર્ચામાં ઉતરતાં તે દુન્યવી

ખટપટના ખ્યાલથી મોકળો થયો, **હશન સબ્બાહ** પોતાના બાપ દાદાથી પળાતા આવેલા **બતનિયેહ સુફીપંથ** ( બાતીન્યાં ) નો હતો, પણ તેને મળેલી ઊંચા પ્રકારની તાલીમ અને તેના તિક્ષણુ ઝહેનનાં લીધે તે મઝહબ સંબંધી ના વિચારમાં બહુ આગળ વધેલો હતો. અને તે **ઇલ્મેરૂહાની** ના જોરદાર તબકા ઉપર પહોંચેલો આપણે અગાઉ ઓળખાવી ગયા છીએ. તે બાબદ તરફ તે વધુ ને વધુ દોરવાયો અને તેમાં ઇસમાઇલી મઝહબના દાઇની મુલાકાતથી તેને નિર્ણય કરવા માટે વધુ સરસ તક હાથ લાગી પવિત્ર કલમાનો ભેદ અને **કુરાને સરીફ**માં સુરતુન **નુર**નું પ્રકરણ તેને વધુ આધાર ભુત થઈ પડયું કે—

## હશન સબ્બાહ તથા ઈસમાઇલી દાઇનો

## ધાર્મીક સંવાદ.

ઇસલામ ધર્મનાં પાક કલમે તોહીદ **લાઇલાહા ઇલલ્લાહ** ના સરીયતના કાનુન મુજબ સામાન્ય અર્થ કરતાં તેમાં સમાએલા ઊમદા ભેદનું રહસ્ય **હશન સબ્બાહ** પોતાની તીક્ષણુ વિચાર શકિતના લીધે મદરેસાની તાલીમ પછી જે સમજયો હતો તે એ હતું કેઃ—

**લાઇલાહા=નહિ અલ્લાહ,**
**ઈલ્લલ્લાહ=સિવાય મંઆબુદ.**

આ શબ્દાર્થ જો કે ઇસલામ અખત્યાર કરનારના પ્રથમ એકરાર રૂપે શીખવવામાં આવે છે. અને તેના મદાર ઉપરજ ઇસલામની **સરીયત, તરીકત, હકીકત** અને **મારફતની** ચારે ડીગરીઓનો મંડાણ છે, અને તેને દરેક તબકકામાં તેના દરજા સુધી સમજાવવામાં આવે છે, એમાંનું **હસન સબ્બાહ** નું અત્યાર સુધીનું શીક્ષણ સરીયતથી આગળ વધીને તરીકતના દરજા સુધી પહોંચ્યું હતું. જ્યારે ત્રીજી હકીકતની ડીગરી વિષે તેની ઇંતેજારી વચે ઇસમાઇલી દાઇની મુલાકાત તેને ઘણી વખતસરની થઇ પડી, જેમ મુળાક્ષરો ઓળખ્યા પછી તેના વાંચનની જરૂર સમજ્યા વગર જો મુળાક્ષરો ઉપરજ અટકી રહે તો તે શખ્સ કંઇ પણ મુળાક્ષર ઓળખવાનો હેતુ મેળવી શકશે નહી, તેવી રીતે કલમો અને તેની સરીયતનો અર્થ **બીજો કોઇ ખુદા નથી મગર ખુદા એકજ છે** એ વાક્યમાં પવિત્ર રહસ્ય શું સમાએલું છે, તે આગળ વધીને શોધવાની મહેનતમાં ન ઉતરનાર કદી પણ અલાહને ઓળખવાની ખરી સમજ પામી શકતો નથી.

આ વીવેચન **દાઇ અબુનઝમનું હશન સબ્બાહ** પ્રત્યે સુરૂ જીજ્ઞાસા ઉશકેરવા માટેનું હતું. અને **હશનસબ્બાહ** સરીયતની ડીગરીથી આગળ વધીને જે તબક્કે પહોંચેલો હતો. તેને આ વિવેચન એટલું બધું પ્રીય થઇ પડ્યું કે તે જે પોતાના અગાઉના હમસરીકોમાં મળેલી નીરાશી પછી આ તકે

ઘણી બુલંદ હીંમત પૂર મક્કમ થવાને બન્યું અને તેણે લાગ લાગટ પોતાને ઊભરાતા પ્રશ્નોનો જથ્થો **દાઇ અબુ-નઝમ** પાસે રજુ કરી ખુલાસાનો ઈંતેજાર રહયો; તેના સવાલો અને ઇસમાઇલી દાઇએ તેના આપેલા જવાબોમાનાં મુખ્ય નીચે મુજબ હતા.

**હશન સબાહ**=પવિત્ર કલમામાં ખુદાની વાહ્દાદાનિયત સમાએલી છે. તેની સમજ **કુરાને સરીફમાં** કયે સ્થળે છે.

**દાઇ**=સુરતુન નુરમાં એક આયતમાં કહેલું છે કે **અલ્લાહ જમીન અને આસમાનનું નુર છે. અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના નુર વડે હીદાયત કરે છે.***

**હશન સબ્બાહ**=( સુબહાન અલ્લાહ ) નુર વડે હીદાયત કરવામાં આવે છે, એટલે શું ?

---

* **દાઇના** જવાબ સાથે સંબંધ ધરાવનાર હીન્દુસ્તાનનાં ખોજા ઇસમાઇલી શાસ્ત્રમાં પણ નીચે મુજબ છે.

" હકકીતો સીફલ સબી નહી, ઓર મકાન હયે લામકા,
" લામકા સે તતસરાહ લગ, જો કુછ મખહેરી ઓર અયા.
" (મગર) જીસપે કરમ કરે વે આપે ઉસકુ આપહી આપ બુજાવે,
" ઇલમ, ઊલમા, કામીલ, મુરશદ, બન કર આપ સુજાવે.

(કલામે અલી )

**દાઇ**=(હસન) તમારી અને મારી મુલાકાત આ સવાલનાં જવાબ પછી જે સુંદર પરીણામ લાવનાંર છે. તેને માટે હું તમને મુબારકી આપું છું, કારણ કે સરીયત અને તરીકતની હદ ઓળંગીને જે હકીકતીની ખુશનુમા સરઝમીનમાં પોતાનું કદમ મુકવાને જેના નસીબમાં હોય છે. અથવા અલ્લાહ જેને હીદાયત કરવા ચાહે છે. તેજ આવા પ્રશ્નો ઉપર વધુ અને વધુ વિચાર કરે છે તેમજ ખુદાએ જેના દીલ ઉપર, જબાન ઉપર, કાન ઉપર અને આંખ ઉપર સીલ મારેલ છે, તે બીચારાઓ આ તમારા નુરાની સવાલનાં લુત્ફને મેળવવાથી બે નસીબ રહી જાય છે.

**હશન સબ્બાહ**=(મુસકરાઇને) ખરેખર મને તમારી આજની મુલાકાત ગોયા મારી ઇલ્મ મેળવવાની જીંદગીની સોનેરી ઊમેદ પાર પાડનારી લેખું છું.

**દાઇ**=(મરહુબા) અને હું પણ તમારા ઉપર જે ઝળકતી આશા રાખતો હતો. તેવા તમો પુરવાર થતા જાઓ છો એમ કહી **હશન સબ્બાહ**નાં સવાલનો જવાબ આપતાં બોલ્યો, કે **વહદહુલ્લાહ સરીક** અલ્લાહની પેછાન તેનાં નુરથી આપણે કરી શકીએ, જે નુર **લામકાંથી** દરજા બ દરજા આ દુનીયામાં ઝલવાગર થયું. તે **પંજેતન**નાં નુર તરીકે **હઝરત મોલા મુરતઝાઅલી** (અ) થી ઝળકયું.

**હશન સબ્બાહ**=(અજબ થઇને) **ઝનાબે મોહમદ મુસ્તફા** (સ) નો દરજો ત્યારે કેવા પ્રકારનો કહેશો ?

**દાઇ**=( માશા અલ્લાહ ) હશન આ તમારો બીજો પ્રશ્ન પણ મુબારક ગણું છું, કારણ કે **પયગમ્બર** અને **ઇમામ** ની શનાખત સરીયતી જે પ્રમાણમાં કરે છે તે કરતાં વધુ ઉંચા દરજાની સમજ હકીકતીઓ બતાવે છે. ચાળીશ વર્ષ સુધી નબુવત જાહેર ન કરતાં જ્યારે **હઝરત મૌલા મુરતઝા અલી** ( અ ) બાળ વયમાંથી અગીયાર વર્ષની વાહાદાનીયતના આંકડા સીધ કરનારી વયમાં આવ્યા અને જ્યારે તેમનો વિચાર થયો ત્યારે નબુવત જાહેર કીધી. અને એટલા ઉપરથી ઇમામત અને પયગમ્બરી શું દરજો ધરાવે છે તે તમારા જેવા વિદ્વાન ને વધુ સમજાવવાની હું અગત્ય માનતો નથી.

**હશન સબ્બાહ**=( હર્ષમાં ઉભરાઇને ) દાઇનાં હાથને ચુમ્બન કરવા જતો હતો. તેટલામાં દાઇએ કહ્યું સબુર કરો હશન ઉતાવળા ન થાઓ **દસ્તબોશી ઈમામ** સીવાય બીજા કોઇને પણ કરવાને હકીકતમાં મના છે, હશન અટકયો અને વધુ એશાન સાથે દાઈ તરફ માનની નજરથી જોતાં બોલ્યો જનાબ, તમારા જવાબથી મને સમજાય છે કે ખુદાનું નુર ઇમામ સીવાય પયગમ્બરો ધરાવી શકે નહીં.

**દાઇ**=નહી એમ કહેવા પહેલા ખુદાનાં નુર તરીકે ઓળખાતાં **પંજેતન**ની એકલી ગણતરીથી અચકાવવું જોઇએ, પણ **જનાબ મોહમદ મુસ્તફા** ( સ ) પણ ખુદાનું નુર હોવા

છતાં એમના પોતાના **હઝરત મૌલા મુરતઝાઅલી** ( અ )નાં સમયના માન ભરેલા જાહેરવર્તનનાં દાખલા સમજવા જોઇએ.

**હશન સબ્બાહ**=( ઈન્તેજારીથી ) તે શું ?

**દાઇ**=( ભાર મેલીને ) તે **અના મદીનતુલ** ઈલ્મ, **ફ અલી બાબોહા**, અને **લાફતા ઇલા અલી લા સએફ ઈલા જુલફીકાર**, તથા **નાદેઅલી**નાં વાકયો હું ધારૂં છું કે તમને હીદાયત કરશે. જેમાં છેવટે પયગમ્બરે પણ **હઝરત મૌલા મુરતઝાઅલી** ( અ ) ની મદદ માગી છે.

**હશન સબ્બાહ**=( પ્રફુલિત ચહેરે ) અહુશનત અહુશનતઃ હું હવે **અલી** ( અ ) તે કોણ અને **મોહમદ** ( સ ) કોણ તે સમજ્યો કે ઇમામ પયગમ્બરો કરતા એટલા માટે વધે કે અલ્લાહનું નુર તેમનામાંથી ક્રમવાર દુનીયામાં હીદાયત કરતું રહે છે. થોડા વીચાર પછી હશને પુછ્યું કે ઈમામઃ ગયેબ છે, એવું જે કેટલાક મુસલમાનો માને છે તેનું કેમ ?

**દાઇ**=( હસીને ) હશન હું અજબ થાઉં છું કે ઈમામ ગયેબ નીમાન્યતાવાલા મુસલમાનો **કુરાને સરીફ** અને **હદીસને** માનવાવાળા છતાં તે ઈમામતનાં સંબંધંમાં ખુલાસો કરનારા મુદ્દાઓ ઉપર બીલકુલ વીચાર કરવા જતા નથી. કે ખુદાનું નુર જેને માનવામાં આવે અને જે હીદાયત

કરે તે નુર કે જેની હસ્તીથી આ દુનીયાની હસ્તી છે તેનામાં કેવી અખંડ શકિત ( કુદરત ) હોવી જોઇએ તેનો જો અર્થ સમજે તો તેને દોષ લાગે એવા વિચારો આવે નહી. ખુદાનું નુર તે એક ખુદાઇ સત્તા છે અને તે સત્તા **હઝરત અલી મોલા મુરતઝાઅલી** ( અ ) માં જાહેર થવા પછી અખંડ રીતે એવી ને એવી ત્યાર પછીનાં ઇમામોમાં જુદા જુદા દેખાવે ઝળકતી રહી છે. અને તેટલા માટે પંજેતનમાં ગણાતાં છતાં ઇમામત મોલાના **હઝરત હશન** ( અ ) ને નહી પણ ઇસમાઇલી મઝહબ વાજબી રીતે મોલાના **ઇમામ હુશેન** ( અ ) ને બીજા ઇમામ તરીકે ગણે છે અને એ ઇમામ હુસેન (અ) આ દુનીયા ઉપર જે પોતાનું કર્તવ્ય અને પરાક્રમ બતાવ્યા છે તે તેના ઇમામતનાં ઝહુરનું પાવર છે તેના બદલ **હઝરત મોલાના હશન** ( અ ) મોઆવીઆ સાથે જ્યારે સુલેહ કરી ત્યારે કરાર કીધો કે તારી હયાતી સુધી હકુમત તું ભોગવે ત્યારે **મૌલાના હઝરત ઇમામ હુશેન** ( અ ) મોઆવીઆ પછી જ્યારે તેનો છોકરો **યઝીદ** ગાદીએ બેઠો તે ગાદીએ આવતાં એક જાહેરનામું બહાર પાડયું કે સર્વે પ્રજા મારી બએત કબુલ કરે એ જ્યારે **હઝરત** ઇમામ **હુસેન** ( અ ) ને કહેવામાં આવ્યું ત્યારે તેવણે ઇનકાર કર્યું ત્યારે યઝીદ તરફથી **હઝરત ઇમામ હુશેન** ( અ ) ની ગરદન મારવા હુકમ થયો પણ **હઝરત ઇમામ હુસેન** ( અ ) મલઉનને કહી મોકલાવીયું કે મારી તરફે કુદરતની સર્વે સતા છે માટે કદી

પણ હું તારી બએત કરવાનો નથી છેવટે યઝીદનાં ત્રાસથી **હઝરત ઇમામ હુસેન** ( અ ) મક્કે અને ત્યાંથી મદીને થઇ કરબલા જઇ પહોંચ્યા, તેની ખબર પડતાં યઝીદના હુકમથી કુફાના ગવ્હરનર **અબદુલ્લા જયાદે** કરબલા તરફે **ઉમરશાદ**ની સરદારી હેઠળ એક મોટો લશ્કર મોકલી **હઝરત ઇમામ હુસેન** ( અ ) સામે લડાઇ જાહેર કરી તયાં કરબલાના મેદાનમાં મોટું ખુનખાર યુદ્ધ થયું, જેમાં **મોલાના હઝરત ઇમામ હુસેન** ( અ ) પુર દીલેરી અને બુલંદ હીંમત સાથે લડયા જે લડતી વખતે ઇમામની જળકતી જુલફીકાર ફરવાથી જમીન આસમાન ધ્રુજવા લાગ્યા ચરીન્દા તથા પરીન્દા પોતાના રહેઠાણોમાં બીકથી ભરાઇ ગયા ફરેસ્તાઓ અલઅમાન અલઅમાનનાં અવાજો કરવા લાગ્યા, બીજી બાજુ કુફારો તરફથી લાખો તીરોનો વરસાદ વરસવા લાગ્યો પણ **હઝરત ઇમામ હુસેન** ( અ ) ને એક પણ જખમ થયો નહી છતાં દુનિયાના નિયમને માન આપવા દરેક દેહધારી અવતારી પુરૂષો બંધાએલા છે. કે એ દુન્યાના મેદાનમાં જે નુર સ્વરૂપ ધારણ કરી આવ્યો કે અવશ્ય તેની દેહ પડવીજ જોઇએ તે સુન્નત પ્રમાણે **હઝરત ઇમામ હુસેન** ( અ ) પોતાનાં **ફરઝંદ મોલાના ઝેનુલઆબદીન** પાસે ખીમાંમાં ગયા અને પોતાનાં જીસમમાં ઝળકતો નુર જહુર ઇમામતનો તે પોતાંનાં ફરજંદને આપ્યો ત્યારે ઇમામતનો નુર **ઇમામ ઝેનુલઆબદીન**માં જલવાગર થયો અને પોતે **હુસેન** મેદાને પડ્યા

ત્યારે કુફારો પોતાની ધારેલી મકશુદ હાસલ કરી શકયા, નહી તો જયાં સુધી એક કાલીબમાં ઇમામનું જહુર પ્રકાશતો હોય ત્યાં લગી કોઇની તાકત નથી. કે તેને કોઇ પણ જાતની ઇજા પહોંચાડી શકે, વળી **હઝરત મોલા મુરતઝાઅલી** (અ) ફરમાવ્યું છે કે હું કુરાને સરીફનાં **ગુહ્ય અર્થ** જાણું છું **તેમજ કુરાને સરીફથી અગાઉ થઇ ગએલા કીતાબોનો પણ ગુઢાર્થ સમજું છું.** ત્યારે આ તકે વિચાર કરવો જોઇએ કે ઇમામની ગેરહાજરીમાં જે ઇસલામમાં ભેદ ભરેલી ખુબીઓ સમાએલી છે તેનું વર્ણન કરી કોણ સમજાવી શકે, તેમજ ઊપલી તકલીફોના પ્રસંગમાં પણ ઇમામની હાજરી જોવામાં આવી છે ત્યારે સાધારણ સંજોગો વચ્ચે ઇમામનું ગાયબ થવું એ અશકય છે. વળી રસુલલ્લાહ (સ) ફરમાવે છે, કે **ઇમામની સહાયતા વગર જે શખ્સ સરીયત તથા હકીકત અખતીઆર કરે છે. તે ખરેખર ગુમરાહ થાય છે.** વળી બીજે ઠેકાણે ફરમાવેલ છે કે, **હયાત અને કાયમ ઇમામ** વગર ખાલી **આ જમીન રહી શકેજ નહી** એવું તો અનેક હદીશો દેખાડે છે.

**હશન સબ્બાહ** (બસ સાહેબ) ખરેખર આજે તમોએ મારૂં જીવન સફળ કર્યું છે. મારી સર્વે શંકાનું સમાધાન થયું હવે મારી જીજ્ઞાસા તમારા પ્રત્યે માન ભરેલી છે, માટે કહો કે સાહેબુલ ઝમાન કયાં છે.

**દાઇ**=( હશન સબ્બાહ ) હવે મને કહેવામાં કાંઇ પણ અચકાવાનું નથી સાંભળો **હજરત મોલા મુરતઝાઅલી** (અ) તે આપણા ઇસમાઇલીઓનાં પહેલા ઇમામથી ઈમામતનું નુર જહુર મુનતકલ થતું. હાલ **હજરત મોલાના મુસતનસીર બીલ્લાહ** (અ) માં જલવાગર થઇ રહયો છે. જેવણ સાહેબુલ ઝમાન આપણા ઇસમાઈલીઓનાં સીલસીલેવાર (૧૮) અઢારમાં ઇમામ છે એવણ ને તેવણના પીતાશ્રી **મોલાના સાહા ઝાહેરઅલી** ( અ ) તરફથી હી+સ. ૪૨૭ ઇ+સ ૧૦૩૫ માં ઇમામની પદવી આપવામાં આવી છે. જે હાલના આપણા સર્વસ્વના સાહેબ છે, તેઓ હમણા મીશરનાં રાજકર્તા તથા ઇમામતની મસનદ પર બીરાજમાન છે. એટલું સાંભળીને **હશન સબ્બાહ**ને આતુરવેલી લાગીને જીંદગીનો સાર્થક થએલો સમજી દીદારના ફીરાકમાં મુબતલા થયો.

## સીજદા.

" વઝુ કહાંકા નમાજ કએસી કઊદ કીસકા કયામ કયા હયે.
" શનમકી સુરતહો જીસકે દીલમે ફીરઉસકા સીજદા સલામ કયા હયે.

**(શાદીક).**

# હસન બીન સબ્બાહની ભયંકર-માંદગી અને દીદાર માટેની ઈન્તેજારી.

## પ્રકરણ ૬ ઠું.

**અબુનઝમ** દાઇનાં ઊપદેશથી **હશન સબ્બાહ** ને એવી અદ્દભુત અસર થઇ કે રાત અને દીવસ પોતે શાન્ત અને એકાન્તમાં પડી રહેતો અને જંગલોના અંદર ખાધા પીધાની દરકાર કર્યા વગર ભટકયા કરતો. અને જાણે એક રૂહાનીનાં પવિત્રપણાંનો સીધો સબંધ અલ્લાહના નુર સાથે પુવારાની માફક ઉછળતા ટવળી રહેલો હતો. અને તેનાં અંતઃકરણની આજુ બાજુમાં નફશાનિયતના હવાશો અને સહ-વાસોનાં મલિન રજકરણોને જાણે બાળી નાંખતો હતો અને આ મુજબની હકીકતી ઇશકની ઝળકતી જ્વાળા તેના રૂવેરૂવાં અંદર એટલી બધી પ્રસરી ગઈ હતી કે તેની જીસમાંની

હાલતનું તેને લેશ પણ ભાન રહેતું નહતું અને આવી હાલતમાં તેણે થોડી મુદત પસાર કીધી નહી તેટલામાં તેને **દાઇ અબુ નઝમે** જંગલમાંથી સોધી કાઢયો ત્યાં તદન બેભાન હાલતમાં એક પથ્થરને અઢેલો નાતવાન સ્થિતીમાં જોયો **અબુનઝમ** ગભરાયો અને તેની વધુ નજીદીક જતાં દુર્બળ થઈ ગયેલા ચહેરા ઉપર પ્રકાશતા નુરથી ચકિત થયો. ઘડી ભર તેને લાગ્યું કે **હશન સબ્બાહ** છે કે બીજો કોઇ ! પણ એ સવાલનો નિર્ણય **હશન સબ્બાહ**ની ચમકતી નુરાની આંખોએ ઉપકાર વશ શબ્દોનાં તિક્ષણ પણ અસરકારક—અહો **અબુન-ઝમ** ! એ ઉચ્ચાર કહાડયો એટલે **અબુનઝમ** દોડયો અને મહોબતથી લપટી પડયો જ્યારે **હશન સબ્બાહ**ની ચમકતી આંખોમાંથી ઉપકારના આંસુની ધાર વહેવા લાગી જીસમાંની નબળાઈને લીધે **હશન સબ્બાહ** વધુ બોલી શકયો નહીં પણ **અબુનઝમ દાઇ**એ તેની રૂહાની ઇશકની મસ્તી સમજી લીધી તેને પછી **હશન સબ્બાહ**ને વધુ છેડયો નહી પણ નજીદીકમાંથી સાધન મેળવીને ગામમાં પહોચાડવાની તજવીજ કરી બેભાન હાલતમાં જ્યારે **અબુનઝમે** તેને ઉંચકયો ત્યારે જીસ્માની હરકાતથી બહુ તીણા સ્વરે **યાશાહા ! યાશાહા !** એટલું બોલ્યો **અબુનઝમ**નાં જીગરમાં આ શબ્દોનો અર્થ એ ઉત્પન થયો કે **હશન સબ્બાહને મોલાના શાહા મુસતનસીર બીલ્લાહ**નાં દીદારથી મુશરફ બને તેટલી જડપથી થવાની તેને તીવ્ર ઇચ્છા છે.

આ રીતે ઇસલામની **હકીકતી** દરજાનાં સરદારનો આશક અને ઈસમાઇલી હક તરીકેનાં ઝુંડાનો રૂવાબ દુનિયાનાં દરેક ભાગોમાં ફેલાવનાર **હશન સબ્બાહ** દુનિયાની દ્રષ્ટિમાં અથવા તેનાં વિરોધીયોની નજરે ભયંકર માંદગી જાણે મરણ પથારીએ પડયો હતો. પરંતુ **અબુનઝમ દાઇ** સમજતો હતો કે **હશન સબ્બાહ**ના અંતઃકરણે જીસ્માની ખાહેશોને બાળી નાખવા માટે હકીકતી ઇશકની આગથી ભડકી રહ્યું હતું અને તે પોતાની સખત કસોટીમાંથી પસાર થઇ શુધ્ધ થતો જતો હતો. એવા સમયમાં **અબુનઝમે** તેની એટલી ઊંચા પ્રકારની સારવાર કરી કે **હશન સબ્બાહ** પોતાની તનદરૂસ્તી પછીના દિવસોમાં જ્યારે જ્યારે પણ **અબુનઝમ**ની સેવા યાદ કરતો. ત્યારે ત્યારે તે એને માટે દુવા કર્યા કરતો ઇસમાઇલીઓનાં અંતઃકરણની ખરી લાગણીનું એક એવું દ્રષ્ટાંત બનેલું છે કે તે ભવિષ્યનાં ઇસમાઈલીઓને પોતાની સાચી ફરજનો પાઠ શીખાવ્યા કરે છે.

**હશન સબ્બાહ** બીછાને રહયા પછી તેને, તનદરૂસ્ત કરવાને જો કોઇ પણ દવા આબાદ ફાયદેમંદ નીવડી હોય તો તે **અબુનઝમ**નાં ઇમામની હજુરમાં પહોંચાડવાની ખાત્રી ભરેલા સખુનોજ હતા. અને જેમ જેમ તેની જીસમાની હાલત કુવત મેળવતી ગઈ ત્યારે ઇમામની પીછાનત અને તેમની તારીફ એજ તેનો ખોરાક હતો.

જે વખતે **હશન સબ્બાહ** મુસાફરી કરી શકે એવો ટટાર થયો ત્યારે તેનાં ચહેરાની કાન્તિ એવા સુંદર પ્રકાશમાં ખીલી નીકળી કે તેને અગાઉ જોનાર તેની સામે નઝર કરી શકતા નહી હાશલકલામ **અબુનઝમ**ની સલાહથી ઇમામની ખીદમતમાં જવાને **ઇસ્ફેહાન**માંથી બહાર પડયો અને ઇરાંનની સરહદ તરફ મુસાફરી ચાલુ રાખી વચમાં **રેય** નામનાં ગામમાં જયાં ઇમામના મઝહબી સેખ (વજીર) જેને દાઇઓ મુકરર કરવાનો અને ધાર્મિક ઓરડરો આપવાનો ઇમામ તરફથી હુકમ મળેલો હતો. જેનું નામ **અબદુલ મલેક બીન અતાર** હતું. તેની મુલાકાતે લઇ જવા **અબુનઝમે હશન સબ્બાહ**ને ખાહેશ દેખાડી અને તે મુજબ એક દીવસ ઇસમાઇલી ધાર્મિક મીજલસમાં **હશન સબ્બાહ** ને **અબુનઝમ** લઇ ગયો, અને તે મીજલસમાં **સેખ અતાર**નો રૂહાની ઇલમ અને ઇમામના શનાખતની ઊંચા દરજાની વાએઝ ને સાંભળ્યા પછી મોસુફ શેખ સાહેબસાથે **અબુનઝમે હસન સબ્બાહ**ની ઓળખાણ કરાવી અને સીફારસ કરી જે ઉપરથી શેખ સાહેબે **હશન સબ્બાહ**ની વધુ માન ભરેલી મુલાકાતો લીધી અને આ એક ખીલતા નવજવાનનાં ગંભીર ચહેરા અને તેજસ્વી આંખોમાં ઇસમાઇલી મઝહબનો જે મક્કમ પાવર ઝળકી રહયો હતો તેની કદર કરી તેની વાકય ચાતુર્યતા ખાલીશ અંતઃકરણ અને જુસાદાર સખુનોના પ્રવાહથી **શેખ** છકક થઇ ગયા અને પ્રસન્નતાથી તેને ઇસમાઇલી

દાઇનો અધીકાર પોતાને ઇમામની મળેલી સતાની રૂઇએ બક્ષ્યો અને **હશન સબ્બાહ**ની ઇમામનાં દીદારની ઇન્તેજારી પુર્ણ કરવા માટે મીશર જવાની ગોઠવણ કરી આપી.

અંહીથી માન અકરામનાં સાધનો સહિત **અબુનઝમથી હશન સબ્બાહ** જ્યારે છુટો પડયો ત્યારે તેણે કરેલા ઉપકાર અને ધાર્મીક શીક્ષણ ઉપદેશ માટે લીધેલી તકલીફ માટે પોતાનાં કરજદાર જેવો ગણી પુર્ણ મહોબતથી મીશર તરફ રવાનાં થયો, શેખ સાહેબે **હશન સબ્બાહ**નાં રવાનાં થયા અગાઉ કાસદ મારફતે **ઇમામની** હઝુર પુર નુરમાં **હસન સબ્બાહ** ની લાયકાત અને પોતાની પસંદગી વીષે જે હકીકતો રજુ કરી હતી, તે ઉપરથી **હશન સબ્બાહ**નાં મીશર પહોંચવા સમયે ઇમામનાં તરફથી તેને ઇજત કરવા ઇસતકબાલ માટે ખાસ સભ્ય માણસો મોકલવામાં આવ્યા હતા અને આ રીતે **હશન સબ્બાહે** ઇમામની પોતા ઉપર મહેરબાની જેમ જેમ મેળવી તેમ તેમ તેની દીદારની ઇન્તેજારીની સીમા રહી નહી.

**હશન સબ્બાહને** ઇમામની માલેકીનાં એક મહેમાન-દારીની સગવડ જાળવનારા સુંદર મકાનમાં ઉતારો આપવામાં આવ્યો હતો છતાં દોઢ વર્ષ સુધી **હશન સબ્બાહને** ઇમામની હઝુર 'નશીબ થવાનું પ્રસંગ મળ્યો, નહોતો અને જાણે તેની આ છેલ્લા દરજાની ખાસ કસોટી કે જેટલી મુદતમાં

**હશન સબ્બાહને** ઇસમાઇલી મઝહબના શિક્ષક તરીકે બજાવવાની ફરજોનો અભ્યાસ કરવાનોં હતો.

જે લાંબી મુદ્દત **હશન સબ્બાહે** ઇન્તજારીમાં ને ઇન્તજારીમાં વધુ અને વધુ કસોટીમાં પસાર કરી તે **બની-ફાતમાઇ** વંશના **આલેરસુલ** અને **ઓલાદેઅલીની** સીધી નશલે ઉતરી આવેલા તે વખતનાં ઇમામતના હકદાર વારસ **હઝરત મોલાના શાહા મુસતનસીરબીલ્લાહની** હુઝુર પુર નુરમાં હાઝર થવાનું **હશન સબ્બાહને** હુકમ મળ્યો અને તેની રૂઇએ દરરોજ ઇમામની દરબારમાં હાજરી આપવા લાગ્યો અને ચુસ્ત ઇમાનદારની છાજતી રીતે દસ્ત બસ્તા ( હાથ બાંધીને ) ઇમામની ખીદમત ખરા અંતઃકરણથી કરતો રહયો અને પોતાની જીંદગીની અમુલ્ય દરેક પળો ઇમામનાં દીદાર કરી આનંદમાં રહેતો.

**શએર.**

રંજો ગમ ફીરાક મે જો મુબ્તલા નહી,
વલ્લાહ દો જંહા મે ઊસે કુછ નફા નહી.

"ફાજલ"

# મિસરમાં હસન બીન સબ્બાહ

## વિરૂદ્ધ

# લશ્કરનો સેનાપતિ.

## પ્રકરણ ૭ મું.

—(:૦:)—

ઈમામત જેનો ખુદાનાં નુરથી સબંધ છે તેવા હકીકતી ઇસલામનાં ઇસમાઇલી તરીકામાં સ્પષ્ટરીતે માનવામાં આવે છે, તે ઇમામત સપુર્દ કેવી રીતે કરવામાં આવે છે તેના ઇમામોનાં તવારીખી દાખલાઓ તરફ જોતાં એમ નિર્ણય થાય છે કે ઇમામતનું નુર જેનાં જોમા (જીસ્મ)માં હોય તે જાહેર રીતે પોતાનાં મુરીદોની હાજરી વચે જેને પોતાની નશલમાંથી પોતાનાં પછીનાં ઇમામ

તરીકે જાહેર કરે અને એ દરઝાની બક્ષીસો જેના કબજામાં રહે તેજ ઇમામ થઇ શકે છે, અને એક વખત ઇમામ તરીકે પોતાની નસલમાંથી જેને ઇમામ જાહેર કરે તે પછીના બીજા દાવેદારો ખોટા હોય છે; અથવા ઇમામનાં દરજ્જામાં જે ગાયબની હકીકતોથી વાકેફ હોય છે, તેના ઉપર ઇલઝામ આવે છે, કારણ કે ઇમામ જેને ઇમામ તરીકે જાહેર કરે છે તે ઉપરજ મુસ્તકીમપણું જાળવી રાખવાનો મુરીદોને હક છે. પણ તેમાં ફરક લાવનાર કદી ઇમાનદાર ગણી શકાય નહીં. અને ઇમામતનાં આવા નિયમનાં માટે ઘણા ઇમાનદારોની કસોટી થઇ ચુકી છે. અને તેમાં જેઓ ખાલીસ એતેકાદ ધરાવનારાઓ છે, તેજ ટકી શકયા છે. આવો દાખલો મોલાનાં શાહ ઇમામ **જાફરસાદીક**ના જમાનામાં મોલાનાં શાહ **ઇસ્માઇલ** માટે **મુસેકાઝમ**નો બનેલો છે. જેને માટે બાર ઇમામ સુધી માનનારાઓ એવી રીવાયત લાવે છે કે

"ઇમામ જાફરે સાદેક શાહ ઇસ્માઈલને પ્રથમ ઇમામ તરીકે જાહેર કરયા હતા પણ ઇમામ જાફરે સાદીક (અ)ની હયાતીમાંજ ઇમામ ઈસમાઇલ (અ) ગુજરી ગયા હતા અને તેમને દફન કરતી વખતે ઇમામ જાફર સાદીકે (અ) જાહેર કરી દીધુ કે "અયોહન્નાસ" તમે હવેથી મારી પછીનાં ઇમામ તરીકે મારા બીજા ફરજંદને ગણજો અને તેની તાબેદારી ઉઠાવજો."

અફસોસ છે એ લોકોનાં ઇમાન પર કે જેને પોતાનાં પક્ષપાતને ખાતર **ઇમામત**નાં નીયમ વિરૂધ્ધ પોતાની ઇમાનદારી બતાવી **ઇમામ**નાં વિરૂધ્ધ આવી દંતકથાઓને. સતાવાર મનાવવા હીંમત કરે છે, કે જે **ઇમામ**ની શાન વિરૂધ્ધ હોય અને આવા ગસડી ગયેલા પક્ષપાતી ઇમામ માનવાના વિચારને કુદરતે અથવા **અલ્લાહ પાક** કે જેનો સંબંધ ઇમામત સાથે પોતાના નુરવડે અંખડ છે તેમાં કેટલાક લોકોની માન્યતા **હશન અશકરી** પછી ગુંચવાડામાં પડી અને **મહેદી** તરીકે ઇમામને માટે બનેલી હકીકતો ગોટાળામાં પડવાથી ખુદાની મસલેહતનાં બાના તળે લોકોને ઇમામની સનાખ, વગર દોરવી જઇ ભુલનું કારણ બન્યા.

આ પ્રસંગે અમારૂ આ વિવેચન એક એવાજ પ્રસંગને ખાતર હતું, તેથી તે રજુ કરી આગળ વધીશું કે **હશન સબ્બાહને** મીસરમાં મોલાનાં સાહા **મુસતીનસીર-બીલ્લાહ**ની હજુર નશીબ થયા પછી ઈમામતના સવાલ ઉપર પોતાની કસોટી આપવી પડી. અનહદ મુસકેલીયોનાં કડવા અનુભવ પછી ઈમામના દીદાર રૂપી અમૃત **હશન સબ્બાહ** જેવા મુસ્તકીમ મનનાં અને બુલંદ હીંમતનાં પુરૂષાર્થી પુરૂષને પ્રાપ્ત થયું તેમાં જીવ સટોસટના વીઘ્નોથી અચળપણે ટકી રહેવાનું સામર્થ **હશન સબ્બાહ**ના દાખલાથી ભવિષ્યનાં ડગમગીઆ ઈસમાઇલીઓને પાઠ શીખવાને બસ છે.

મીસરમાં ઈમામનાં રાજયનો **અમીરઝયુશ** નામનો એક સુપેસાલાર.જે પોતાનાં લશ્કરી બળવડે અભિમાનમાં મસ્ત હતો. અને મોલાના સાહા **મુસતન સીરબીલ્લાહ** (અ) ના નાના ફરજંદ **મુસ્તેઅલીનો** મામો "થતો હતો. આ બે તરફનાં પણ ખોટા અભિમાનમાં તેણે પોતાનું ઈમાન ખોયું તેનો દાખલો તવારીખમાં નોંધાઇ રહયો.

જે વખતે મોલાના સાહા **મુસતનસીરબીલ્લાહ** (અ) પોતાનાં વડા ફરજંદ મોલાના **સાહાનીઝાર** (અ) **ને** પોતાનાં મુરીદો હજુર ઇમામત સોંપી ને ઈમામ તરીકે જાહેર કર્યા, તે વખતે પોતાના ભાણેજ મુસ્તેઅલીને ઈમામત સોંપવા માટે તે મોલાના **સાહાનીઝારની** વિરૂધ્ધ પ્રપંચ રચવા લાગ્યો, અને તે વખતે જયારે **હશન સબ્બાહે** જોયું કે ઇમામનાં ફરમાન વિરૂધ્ધ **અમીરઝયુશ** વર્તવાની કોસીશ કરે છે ત્યારે તે ઘણોજ દુખાયો પણ **અમીરઝયુશની** સતા લાગવગ અને જબરદસ્તી તથા ઇમામનાં ઘર સાથેનો તેનો સગપણ સંબંધ **હશન સબ્બાહને** પહેલી નજરે પહાડ સમાન દેખાયો પરંતુ ઇમામનાં સાચા આશક તરીકે તેની રૂહાની લાગણીઓના વિશાળપણાથી તેને મન, આ વિરૂધ્ધતા કુચ્છ બિસાદમાં નહી હતી. ઇમામત અને તેમનાં મોહકમ ફરમાનો નો ખ્યાલ, તેની દ્રઢતાનો સ્થંભ હતો. અને તેનાં છાયાં નીચે તેણે સુપહેસાલાર **અમીરઝયુશની** વિરૂધ્ધતા

સામે પોતાની ચર્ચા પોતાના હમશરીકોમાં વધારવા માંડી રાજદ્દુવારી પ્રપંચીઓની કુશળતા હમેશાં ચપળ હોય છે. એવા ખાનગી સાધનો મારફતે સુપેહસાલાર **અમીરઝયુશે હશન સબ્બાહની** વતર્ણુંક પોતાની ગણતરી વિરૂધ્ધ મોલાના **શાહાનીઝાર** (અ) ની તરફેણમાં જ્યારે જોઈ ત્યારે તેણે **હશન સબ્બાહને** ધમકી મોકલાવી કે જો તું **મુસતેઅલી**ની તરફેણમાં પોતાનો અભિપ્રાય નહી આપશે તો ઘણી સખત સજા સહન કરવી પડશે.

**હશન સબ્બાહે** એક દીલેર મર્દ તરીકે કંઇપણ છુપાંમણું કર્યાં વગર અને **અમીરઝયુશની** સત્તાનો ડર કરયા વગર ખુલ્લાં શબ્દોમાં મોલાનાં શાહા **નિઝાર** (અ) સિવાય બીજા કોઇને ઈમામ તરીકે નહી સ્વીકારવાનો પોતાનો જવાબ દ્રઢતાથી વાળ્યો.

આ રીતે **હશન સબ્બાહ** અને સુપહેસાલાર **અમીર ઝયુશ** વચ્ચે ઇમામતનાં બારામાં જબરદસ્ત ઝુંબેશ ચાલુ થઈ પણ મુરદાર દુનિયા ઉપર મોહી પડેલાઓ અને ડરપોક દીલનાં મોટા ટોળાએ જાહેરમાં **અમીરઝયુશની** તરફદારી અખત્યાર કરી અને ઈમામતનો સવાલ મોલાના **શાહા ઇસમાઇલ** (અ) પછી આ બીજી વખત મોલાનાં **શાહાનીઝાર** (અ) માટે જાહેર ભુલાવામાં પડયાં અને

આ ઉપરથી એમ સીધ થાયછે કે જે લોકો ઇમામતનો સવાલ પુર્ણરીતે સમજતા નથી અને તેનો નીયમ જાણતા નથી તેઓજ આવી રીતે વખતોવખત ભુલાવો ખાઇ પોતાની આકબત બીગાડે છે, અને અર્ધસતાવાર મુદ્દાઓ ઉપર પોતાનાં ઈમાનનો પાયો રચી મમત કરવાની મુર્ખતા વાપરે છે. પરંતુ ખુદા પરહેજગાર લોકોનેજ હીદાયત કરે છે. એવું **કુરાને સરીફ**નું મહાન વાકય પોતાનો પ્રભાવ **હશન સબ્બાહ** જેવા ખાલેશ અંતઃકરણો ઉપર પ્રગટાવે છે.

## ઝાહેર.

" અકલ કે ઓર ઇશક કે બાહમ યે રીતના યાર હુયે.
" ઈશક તો એકરાર પર હુયે અકકલ કું ઈનકાર હુયે,
" ઇશકને ખમ ઠોક બોલા **અકકલ** તુંજ કું હુયે ગુમાન,
" કહેતા હુયે ઝાહેર કું બાતુન ચલ મીયાં તુતો ખાર હુયે.

( **અલીમ.** )

———:(*):———

**જાહેર ખબર**–" ખોજાઓને હીન્દુમાં ભેળવી નાખનારાઓનું ભોપાળું "
અને
ખુલ્લી ચીઠીનો જવાબ
એ નામનું પુસ્તક તરતમાં છપાઇ બહાર પડશે.
**નામ નોંધાવો** ઓ. સેક્રેટરીને ત્યાં.

# હસન સબ્બાહનો કેદખાનામાંથી ચમત્કારીક છુટકારો.

—— *)(* ——

## પ્રકરણ ૮ મું.

——:o:——

બળવંન્ત સુપહેસાલાર **અમીર ઝયુશને** કાને જ્યારે **હશન સબ્બાહનો** નીડર જવાબ પડયો ત્યારે તે ઉશકેરાયો અને **હશન સબ્બાહને** સતાવવાનો વિચાર કર્યો.

મોલાના શાહા **મુસતનસીરબીલ્લાહની** હુજુરમાં **હશાન સબ્બાહે** સુપહેસાલાર **અમીર ઝયુશની મુસ્તે-અલીની** તરફેણ વીશે જે અરજ ગુજારી તેના જવાબમાં મોલાના શાહ **મુસતનસીરબીલ્લાહે હશન સબ્બાહને** તેની ઇમાનદારી વીષે પ્રસન્ન થઇ દુવા આપી અને સબર

પકડવા ફરમાવ્યું અને તેના ઉપર મોલાનાં **શાહા નીઝાર**ની સેવા• વીસે બશારત આપી અને તેની બુલંદ હીમતની ફતેહ ઇચ્છી.

**હસન સબ્બાહ** જેવા વીલક્ષણ પુરૂષને તથા જેણે પોતાનુ તન-મન ખાલીશપણે ઇમામની પીછાણ કરવા પછી સેવા કરવા મક્કમપણું અખતીયાર કરયું છે તેવાને ઇમામની હજુરમાં ભલી આગાહી આપનારા વચનોથી દ્રઢતામાં જે સંગીન વધારો થયો તે અ મરીયાદ હતો.

**હશન સબ્બાહ** ત્યાર પછીથી પ્રફુલીત ચહેરે રાત અને દીવસ મોલાના **શાહા નીઝાર**ની દરેક સેવા માટે કાળજી કરતો પરંતુ લશકરનાં બળે સુપહેસાલાર **અમીર• ઝયુશ હશન સબ્બાહ**ની આસપાસનાં તમામ મદદ-ગારોને ધમકી અને લાલચથી દુર કરવા માંડયાં અને આ વખતે **હશન સબ્બાહ** પોતાના અડગપણાને અને પોતાની જીંદગીમાં હાથ લાગેલી ઇમામની ખરી સેવાની તક ના હીસાબે અખંડ રીતે ટકી રહેલો હતો. છેવટે સુપહેસાલાર **અમીર-ઝયુશે** તક સાંધી **હશન સબ્બાહને** મોલાના **શાહાની-ઝાર**ની સેવાથી છુટો કરી “ દુમ્યાદ ” ના કીલ્લામાં કેદ કરવા નિશ્ચય કર્યો, મોલાનાં સાહા **મુસતન સીરબીલ્લાહને** જયારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે સુપહેસાલાર

**અમીરઝયુશને** એ કામથી હાથ ઉઠાવવા ફરમાવ્યું પરંતુ **અમીરઝયુશે** રાજદ્વારી લોભ અને અભિમાનને લીધે ઈમામના હુમકથી વિરૂધ્ધ જતા પોતાનું ઈમાન અને આકેબત ખરાબ. કીધા અને **હશન સબ્બાહને** પોતાની ધારણાં મુજબ પકડાવી ને "દુમ્યાદ" નાં કીલ્લામાં કેદ કર્યો છતા પણ **હશન સબ્બાહના** મક્કમ ચહેરા ઉપર કશી પણ નિરાશી ભર્યા ચીન્હ હતા નહી. ઇમામની આબાદીનાં રક્ષક હકીકતી વાઘ **હશન બીન સબ્બાહને અમીરઝયુશ** જેવા બેફરમાંન **રૂબાહના** પ્રપંચમાં સપડાવું પડયું ત્યાર પછી **અમીર ઝયુશે હશન સબ્બાહની** બુલંદ હીમત ઉપર આશા બાંધી જાહેર લોકોમાં ઊભરાતા કચવાટને ખાતર બંધીવાનની હાલતમાં પોતાની પાસે બોલાવી મંગાવ્યો અને દાઢમાં ઝેર ભરેલા સર્પની માફક પોતાની નરમાસ દેખાડી **હસન સબ્બાહને** પોતાનો અભિપ્રાય **મુસ્તેઅલી** ની તરફેણમાં આપવાને સમજાવ્યું તથા માન અને મોભાથી નવાજવાની લાલચ આપી. **હશન સબ્બાહે** તેની આ માંગણી તરપ્ તિરસ્કારની લાગણીથી જવાબ આપ્યો કે, અયે **અમીરઝયુશ** તુને સમજ નથી ? દુનીયા અને દીન એ બેઉને તું તારી તુંડાઇથી સરખા ગણે છે અને તેથીજ ઇમામતને તું રાજદ્વારી ખટપટ સાથે ભેળી નાંખે છે પણ તારી એ ગણતરી તને રોજે મહેશર સુધીનું ભુલાવો ખવાડનારી અને પસ્તાવો કરાવનારી છે એવું તું તારી જીંદગી

પાછળનાં દીવસોમાં જોઈશ, એમ હું તારી હાલની વર્તણુંક જોતાં કંહી શકું છું, અને યાદ કર કે તારા જેવીજ ગણતરીથી દુનીયાની લાલચમાં ભોળવાઇ જઇ, ઇમામ્ ઉપર જે જે જુલમ ગુજારનારાઓના અગાઉ દાખલા બન્યા છે, તેવાજ પ્રકારની ગુન્હાની બેડીઓમાં હું તને ઝકડાએલો જોઉં છું. જ્યારે તું મને બંદીવાન થયેલો જુએ છે, ત્યારે હું મને પોતાને ઇમામ તરફની વફાદારીને પ્રતાપે અને ઇમામની મોહબતને સદકે રોજે મહેશરનાં મેદાનમાં આઝાદી પામેલો જોઉં છું, આ ઇસમાઇલી તરીકાથી તું કેટલો વેગળો જાય છે કે જ્યારે તારા ભાણેજ **મુસ્તેઅલીની** પક્ષને ખાતર મોલાનાં શાહા **મુસતનસીરબીલ્લાહનાં** ફરમાનનું ઉલંઘન કરવા આંચકો ખાતો નથી અને આ રીતે તારા જેવા બેઇમાન થયેલાનું હું મોઢું જોવા માંગતો નથી અને તેથી તું આવા તારા બેઇમાનપણાનાં હીસાબે મને જે માન અને મોભો આપવા કહે છે તેનાં કરતાં કેદખાનામાં તારા જેવાથી દુર રહેવાનું હું વધારે પસંદ કરૂ છું. **હશન સબ્બાહનાં** આવા અપમાન ભરેલા શબ્દોથી સુપેહસાલાર **અમીર ઝયુશ** ઉશ્કેરાઇ જઇને ગુસ્સાના આવેશમાં બોલ્યો કે **હશન** તારી ઈમાનદારી તને કેવી કામ લાગે છે, તે હું જોઇ લઈશ! એમ કહી સીપાઇઓને હુકમ કર્યો કે **હશન સબ્બાહને** પાછે "દુમ્યાદ" નાં કિલ્લામાં કેદ કરો, અને હમેશ કરતાં તેનાં ઊપર વધુ સખ્તરીતે વરતો, અને તેને

મારો બીજો હુકમ થતા સુધી એ અંધાર કેદખાનામાં એકલો પુરો, ને હમણાં એકદમ મારા સામેથી દુર કરો, આ હુકમ થતાંજ **અમીર ઝયુશ**ના માણસોએ તેનાં હુકમ મુજબ **હશન સબ્બાહ**ને "દુમ્યાદ"નાં કિલ્લામાં અલાહેદો કેદ રાખ્યો.

**હશન સબ્બાહ**ને વધુ સખત રીતે કેદ કરવાનો સુપહેસાલાર **અમીર ઝયુશ**નો હુકમ એક કુદરતનાં અજાયબ બનાવ તરીકે **હશન સબ્બાહ**નાં છુટકારાનાં કારણ રૂપ થઇ પડયો. આ નવું કેદખાનું બહુ જુના વખતથી રાજદ્રોહી કેદીઓને માટે છેલ્લામાં છેલ્લી દુખદાઈ સજા તરીકે રાખવામાં આવેલું હતું અને તેની અંદર ભાગ્યેજ એક સાથે બે કેદીઓનો સમાવેશ થઇ શકે એવું હતું.

પથ્થરની મજબુત દીવાલોથી ચારે તરફ એવી રીતે તે બંધ હતું કે તેની ઊંચાઇએથી છાપરાની નીચેના નાનકડા જાળીઆમાંથી હવા અને ઉજાશ પુરાએલા કેદીના હયાતીનાં દમ માટે મુશ્કેલીથી પુરા થઈ સકતા હતા એવું જમીન તળીએથી છાપરા સુધી લગભગ બે માળની ઉચ્ચાઈનું આ કેદખાનું હતું, જ્યારે સુપહેસાલાર **અમીરઝયુશ**નાં માણસો **હશન સબ્બાહ**ને આ કેદખાનામાં છુટો પુરીને ત્યાંના લોખંડી મજબુત દરવાજાઓને તાળા મારી, પહેરેગીરને સાવધ કરી ત્યાંથી રવાના થયા, ત્યારે આવા કેદખાનામાં પુરાયા પછી **હશન**

સબ્બાહનું ખાલીશ રૂહાની પાવર ઉશકેરાયો અને ઇમામની તરફ રજુ થઇને નીચેની *મુનાજાત આજેજી સાથે બોલવા લાગ્યો કે:—

### બેત.

બ હક્કા આંકે વસ્ફત બે કયાસસ્ત,
ઝહુરત હર ઝમાન દર હર લેબાશસ્ત.

#### ભાવાર્થ.

અયે હરેક જમાનામાં અને હરેક લીબાશમાં જહુર કરવાવાળા હું તને તેનો વાસ્તો આપું છું કે જે તારામાં બેહદ સીફતો ભરેલી છે.

### બેત.

બહક્કી નાશરી મુસ્તનસીરી હક,
બહક્કી કાયમે કય્યુમે મુત્તલક.

#### ભાવાર્થ.

અએ દાદનાં સાંભળવાવાલા સાચા મુસ્તનસર વાસ્તો તારી હમેશાગીનાં કય્યુમપણાનો ( કે તું મને મદદ કર )

---

* આ મુનાજાત આખીનો તરજુમો બુકની શરૂઆતના પાનામાં સોનેરી અક્ષરે આપેલ છે તે વાંચવાની એલ્તેમાસ કરવામાં આવે છે.

## બેત.

મનમ યક કતરા તું દરયાએ આમી,
જ લુત્ફી ખુદ મમુન કારમબખામી.

### ભાવાર્થ.

હું એક તારા (ઇશ્કના) દરીયાનું ટીપું છઉં અને મારૂ (મારેહું) કામ તારી મહેરબાનીથી તું પુર્ણ કર.

મુનાજાતની આ છેલી આજીજી ભરેલી માંગણીની લીટીઓ અંતઃકરણનાં સાચા પ્રેમના ઊભરામાં ખલાસ કીધી કે તરતજ કેદખાનાની મજબુત દીવાલો ચમત્કારિક રીતે તુટી પડી, અને **હશન સબ્બાહ** આ રીતે પોતાનો છુટકારો થએલો જોઇ શુકરાનાનો દમ ભરી મોલાનાં **શાહાનીઝાર**ની સેવાઓને ખાતર મોલાના શાહા **મુસનસીરબીલ્લાહ**ની હજુરથી મળેલ આગાહીનાં હીસાબ મુજબ સીધો દરીયા કીનારે જઈ પહોંચ્યો અને તરતમાં રવાના થતી એક કીસ્તીમાં સવાર થયો.

## ચહેરા.

યાર ખીલવત સે નીકલ ચહેરા દીખાને કો લગા;
દરશે બદનામી કે વોહ નામ અપનાં છુપાને કો લગા.

———:(૦):———

# પ્રાચીન કાળની ઇસમાંઇલી યુનીવર્સીટી અને મીસરની જાહોજલાલી.

=(*)=

## પ્રકરણ ૯ મું.

:o:

મીસર એ એક જગબત્રીસીએ ચડેલું નામાંકીત પુરાણું સુંદર શહેર છે જેનું અસલ નામ 'કોસ્તાત' હતું. પણ જ્યારે એ શહેરનો નવો ભાગ ઈ. સ. ૯૭૨ માં "ફાતમાઇ" ખલીફાઓએ બંધાવ્યો ત્યારે તેનું નામ "અલકાહીરો" રાખવામાં આવ્યું એનાથી અગાઉ ઇસમાઇલી ફાતમાઇ ખલીફાઓની રાજધાની **મહેદીઆ** નામના કીલ્લામાં હતી. ત્યાં ઇસમાઇલી અગીઆરમાં ઇમામ **મોલાના સાહા મહેદી મોહમદ** (અ) રાજ કરતા હતા.

\+ + + + + +

ફાટમાઇટના સ્થાપક **અબુમહમદ અબદુલાહ** હતા. ( મોલાના શાહા **રજીઅબદુલ્લાં** ) જેઓ ઇમામ **ઇસમાઈલની** ત્રીજી પહેડીએ

ફરજંદ થતા હતા. જેવણે બે ખેતાબ ધારણ કર્યા હતા એક તો "**મહેદી**" અને બીજો "**અબદુલ્લાહ**" એઓએ મીસર પાસે **મએદીઆ** નામનો કીલ્લો બંધાવ્યો.

**હીસટોરી ઓફ પરશીયા.**

+ + + + + +

તેવણ બાદ ઈસમાઈલી (૧૪) ચઉદમા ઇમામ મોલાના **શાહા મોએઝ** ઇમામની મસનદ પર બીરાજી રાજ લગામ હાથમાં લીધી. જ્યારે ઇ. સ. **૯૬૮** માં મોલાનાં **શાહા મોએઝ** (અ) પોતાનાં ગુલામ **જોહરની** સરદારી હેઠળ મજબુત મીસરનાં કીલ્લા ઉપર એક ચહડાઇ કરી ફતેહ કર્યું, ત્યારે હી. સ. ૩૬૧ માં મોલાનાં **શાહા મોએઝ** (અ) "**મહેદીઆ,**" ના કીલ્લામાંથી પોતાની રાજધાની ઉપાડીને મીસર શહેરમાં સ્થાપી.

મીસર દેશ તાબે કીધા પછી તેવણે "અરબસ્તાન" દેશપર ચહડાઈ કરી મોટી જીત મેળવી, પવિત્રસ્થાન "મકકા" અને "મદીના" માં ઇસમાઇલી વાવટો ફરકવા લાગ્યો. ત્યાર બાદ "દમાસ્ક" પર ફતેહ મેળવી "શામ" નાં આખા પ્રાંતને હાથ કીધું.

બાદ મૌલાનાં **શાહા અઝીઝ** (અ) જેવણ ઇસમાઇલીઓના (૧૫) પંદરમાં ઇમામ હતા. તેઓ હી. સ.

૩૬૫" માં તખ્તનશીન થયા તેઓએ " સામ " અને " હીબઝ " નાં પ્રાંતો 'તાબે' કરી અને " કરામતી " નામનું ભુંડા કામ કરનારૂં જે ટોળું હતું તેને ભુંડા કામોથી અટકાવીને દાબી દેવા માટે પકડી કેદ કર્યું.

બાદ મોલાના શાહા **હાકેમ અબુઅલી** (અ) ઇસમાઇલીઓનાં (૧૬) સોલમાં ઇમામે ગણા જાણવા જોગ વધારા સુધારા કર્યા અને " અલહકીમ " નામની એક ગણી રોનકદાર **મદરેસા** બંધાવી, તે મદરેસામાં ( કોલેજ ) લગભગ ( ૨૦૦૦ ) બે હજાર વિદ્યાર્થીઓ તાલીમ લેતા હતાં એવી રીતે ઇસમાઇલી ઇમામોની રાજ્ય સતા વધીને ઈ. સ. ૧૦૫૮ માં " **બગદાદ** " ની પવિત્ર મસજીદમાં મોલાનાં **શાહા મુસ્તનસીરબીલ્લાહ** (અ) જેઓ ઇસમાઇલીઓના (૧૮) અઢારમાં ઇમામ હતાં તેઓનું નામ=જાહેર નમાઝમાં " અમીરૂલ મોમેનીન " તરીકે લેવામાં આવતું હતું. તે જમાનામાં મીસરમાં એક "**દારેહીકમત**" નાં નામની **યુનીવર્સીટી** બાંધવામાં આવી હતી.

× × × × × ×

લેકીન હેરત કી બાત હયે કે સબસે પહેલે ખસ કીસમકી એક અજીબ આલીશાન સોસાઇટી ઇસલામ કે ફીરકે ઇસમાઇલીઓ મેં કાયમ

હુદથી જીસકા બાની મઝહબે ઇસમાઇલીઆ થા ઔર ખલીફએ ફાતમાઇ મીસર સર પરસ્ત થે.

( ઉરદુ હુશાન સબ્બાહ )

× × × × × ×

ત્યાં જેમ આજે 'કેમ્બ્રીજ' તથા 'ઓકસફર્ડ' યુનીવર્સીટીમાં પાસ થએલાને નીશાની તરીકે જબ્બાઓ પહેરાવવામાં આવે છે તેવીજ રીતે **દારે હિકમત**માંથી પાસ થએલાઓને "ખલાઅ" તથા "કફતાનો" પહેરાવવામાં આવતા હતાં એ યુનીવર્સીટીમાં ખગોળ વિદ્યા, ગણિત શાસ્ત્ર ઇશ્વર જ્ઞાન ( ઇલમેતસવુફ ), કુરાને સરીફનાં ગુહ્ય અર્થ, "ફીલોસુફી" વીગેરે ઇલમ શીખાડવામાં આવતાં હતાં.

જેમાં મોટી મોટી ઉમરના આલીમ બુઝરગોને ઉસ્તાદ તરીકે રોકવામાં આવ્યા હતા. તેઓની સુફેદ નુરાની દાઢીઓ બેઠે બેઠે જમીન પર લહેરાતી હતી જેઓનું ખાસ શિક્ષણ એ હતું કે આદમ જાત એકજ આત્મા છે એવો ભાઇચારો શીખવવામાં આવતો હતો, તે યુનીવર્સીટીમાંથી 'ઓલમાઓ' "વિદ્વાનો" "ફિલસુફો" "શાએરો" "પંડિતો" "જયોતિષીઓ" "તવારીખ નવેસ્તો" "વકતાઓ" અને "રાજ કારબારીઓ" ઘણા કુશળ પેદા થયા હતા તેઓએ રાજદુવારી તરીકે દુનીયાની ટકકરો ઝીલીને સેનાપતિ તરીકે

સલતન્તની કિસ્તીને તુફાની દરીયા વચે સલામતી સાથે હકારતા હતા મજકુર યુનીવર્સીટીનું માન દુનીઆમાં પહેલ વહેલું ઇસમાઇલીઓનેજ ઘટે છે.

એ યુનીવર્સીટીમાં આપણા પુસ્તકનો નાએક **હશન બીન સબ્બાહે** ત્રણ વર્ષ અભ્યાસ કરીને '**હુઝતે આઝમ**'નો માનવંતો ખેતાબ મેળવીને દુનીયામાં શુદ્ધ આત્મા પુકવા ઇસમાઇલી મઝહબનો ફેલાવો કરવા બહાર પડયો.

**હશન સબ્બાહ**ના રચેલા પુસ્તકો " સરગુઝીસ્તા " તથા "અફતબાબ" નો હાલ ત્યાં વસતા ઇસમાઇલીઓ લાભ લે છે જોકે તેવી તેની અનેક કીતાબો રચેલ હતી પણ જયારે તાર્ત્તરીઓએ આલમોત સર કરયો ત્યારે તેઓએ સર્વે કીતાબોનું નાશ કર્યો છતાં કેટલીક કીતાબો સત્યનું કોઇ નાશ કરી શકતો નથી એ કહેવત પ્રમાણે રહી જવા પામી છે.

**દાઇ " નાશેર ખુશરો "** એ પણ એજ યુનીવર્સીટીમાં સાત વર્ષ તાલીમ લઇ **હુઝતે માઆદુદનું** ખેતાબ મેળવી ખુરાશાન તરફ જઇને ઇસમાઇલી મઝહબનુ ઉપદેશ કરવાનું ચાલુ કર્યું, જેવણે ત્યાં કેટલાક પુસ્તકો રચ્યાછે તેનો આજે ત્યાં વસ્તા ઇસમાઇલીઓ વાંચન કરે છે. કીતાબોના નામો: " વઝદદીન " " અફતબાબ "

"મીરઆત" "હવજહાફ્સ્ત" "સરકુલ મશાતીબ" એ જણાવેલી સર્વે કીતાબો મોટી છે, બાકી બીજા તેવણે અનેક પુસ્તકો લખ્યાં છે.

જ્યારે ખુરાશાનનાં હાકમને માલમ પડયું કે **નાશેર ખુશરો** બધાઓને ઈસમાઈલી બનાવવાની તજવીજ કરે છે અને તેને ઘણી ઝડપી ફ્તેહ મળતી જાય છે માટે એને ખુરાશાનમાં રહેવા દેવો એ એક આફ્તકારક છે. માટે એને છુટો ફરવા દેવો જોઈએ નહી. જેથી ત્યાંનાં સતાવાળાઓ તેને પકડવા આવ્યા, ત્યારે **નાશર ખુશરો** પહાડોમાં નીકળી ગયો અને ત્યાં પહાડી વસ્તીને ઈસમાઈલી ઉપદેશ કરીને લાખોના હીસાબે ઈસમાઈલીઓ બનાવ્યા જયાં પહાડોમાં તેણે વીશ વર્ષ સુધી ઈસમાઈલી મઝહબની પુરેપુરી ખીદમત કીધી જેના હાથે થએલા ઈસમાઈલીઓ હાલ "ખોરાશાન" "શમરકંદ" "બોખારા" "રશીઆ" વીગેરે પ્રાંતોમાં મોટા પ્રમાણમાં હસ્તી ધરાવે છે, **નાશેર ખુશરો** એટલો આલીમ હોવા છતાં શું કહે છે તે જુઓ.

### બેત.

**હરગીઝ દીલેમન ઝેઇલ્મએ મહેરૂમ ન શુદ,**
**કમબુદ ઝે ઇશરાર કે મફ્હુમે ન શુદ;**

## અફતાદે દુ સાલ ફીકર કરદમ સબોરોજ,
## માલુમ અમી સુદ કે ઇચ માંલુમ ન શુદ.

( નાશેર ખુશરો )

**ભાવાર્થ.**

મારો દીલ કોઈ વખતે મસ્તી ( સરાબે તહુરાની ) વીના ખાલી નહી રહયો તેમ ભેદ ભરેલી એવી ઘણી થોડી બાબતો રહી જે હું સમજી શકયો નહી. તેની બઉતેર વર્ષ સુધી રાત અને દીવસ ફીકર કરી ત્યારે નકી સમજાયો કે મેં કાંઇ પણ જાણયું નહી.

**દાઇ મોહીયુદીનઅરબી**=એણે પણ **ફતુહાતેમકી** નામનો પુસ્તક રચેલો છે. જેવણને પણ ઇમામ **મોલાના શાહા મુસતનસીરબીલ્લાહ** ( અ ) તરફથી "**હુઝતે આઝમ**" નું ખેતાબ બક્ષવામાં આવ્યું હતું. તેણે અરબસ્તાન દેશમાં ઇસમાઇલીઆ મઝહબ ફેલાવ્યો હતો. તેવણે **કુરાને શરીફ**ની તફસીર લખી છે. તે **તફસીરે મોહીદીન** આજે ઇસલામ આલમમાં એક મોતેબર કીતાબ ગણાય છે તથા તેની રચેલી કીતાબ "**ફતુહાતે મકી**" ની તાલીમ હાલમાં ત્યાં વસતા ઈસમાઇલીઓ લે છે. તે વડે તેઓ ઇમામની સનાખ (ઓળખ) મેળવે છે.

**અબદુલમેમુન**–સુફીમતનો મુળ પાયો રચનાર એ વિદ્વાન ગૃહસ્થ "**દારે હિકમત**" માં શિક્ષક હતો તેણે સુફી પંથનો દુનીયાના ઘણા ભાગોમાં ફેલાવો કરયો હતો એ સુફી

પંથ છુપું રાખવાને ઉસ્તાદોની ખાસ નેમ હતી કારણ કે એ પંથની બારીકી ન સમજાતા નાસ્તીક થઈ જવાય તેવો ભય રહેતો હતો માટે જે ઇલ્મે રૂહાની મેળવવા લાયક હોય તેને જ એ તાલીમ દેવામાં આવતી હતી અને એ તાલીમ વડેજ ઈમામે ઝમાનને નુરે ખુદા તરીકે ઓળખવાને બની આવતુ હતું, તેવી તાલીમ મેળવેલાઓ મઝહબપર મુસ્તકીમ રહી ઘણાઓને ફાયદેમન્દ નીવડયાં હતાં.

**મોલાના શાહા વફીએહમદ** (અ) જેઓ ઇસમાઇલીઓના આઠમા ઇમામ મનાય છે, તેઓ (આહમદ બીન મોહમદ ઈસમાઇલ) એ **અખવાનુંસફા** નામની ઘણી મોટી કીતાબ લખેલી છે. જેને આખી ઇસલામ આલમ એકી નજરે માન ભરેલી રીતે જુએ છે અને તેમાં આખી દુનીયામાં પરવરદીગારે પેદા કીધેલા મનુષ્યો તથા જાનવરો વીગેરેની પુરેપુરી વીગત સાથેની સમજણ છે જે કીતાબ પઢીને તેનો મતલબ જાણવાથી દુનીયા તજી દેવાનો મન થાય છે, અને દુનીયામાં જે તત્વ સમાએલું છે. તેની સમજ વાંચનારને આરીસા જેવી દેખાય છે. ખાસ મોટા મોટા આલીમો ફકત એની તાલીમ લે છે. વળી ઇશમાઇલીઓ ખાસ તેને માન આપી પોતા પાસે રાખે છે. જે વાંચીને સૃષ્ટિ કર્તાની મહિમાપર મોહ પામીને હમેશાં તેનાં શરણમાં ઝુકીને આનંદ મેળવે છે.

**મૌલાના શાહા મુસતનસીરબીલ્લાહ** ( અ ) એ મશહુર કીતાબ નામે **ફેરદીયાતે જવામરદી** લખેલ છે જેમાં ઇસમાઇલી મઝહબનાં ખાસ " **ઊસુલ** " તથા " **ફેરઝ** " ની પુરેપુરી સમજવાની ઉત્કંઠા હોય ખરેખર તે **ફેરદીયાતે જવામરદી** એક વખત સમજીને વાંચી જાય તો તેને તરત સરવે સાફ સાફ સમજ પડી જાય છે, અફગાન તથા બદકશાન તેમજ રશીયા અને ચીત્રાલ તરફ વસતાં ઇસમાઇલીઓ એ પુસ્તકનું વાંચન કરીને વરતે છે.

**મૌલાના શાહા હાકમ અબુઅલી** ( અ ) ઇસમાઇ-લીઓના ( ૧૬ ) સોલમાં ઈમામ તરફથી " ખુતબો " નામની એક કીતાબ લખવામાં આવી છે. તે કીતાબ હકસનાસ છે, જેમાં આશકાઇ તથા વેરાગ એવો સમાવવામાં આવેલો છે. કે એક વખત કોઇ પણ મોહબતથી સાંભળે તો તેની આખોમાંથી પાણીના ટીપા પડયા વગર રહે નહી.

**દાઇ અબુઇસહાક** એણે પણ પુસ્તક નામે " **અફત-બાબ** " લખી છે અને તેને એરાન દેશનો દાઇ ઠેરવવામાં આવ્યું હતું. તેણે ઇમામની સેવા કરવા ઇરાન દેશમાં ઇસમા-ઇલીઓનો મોટો જુમલો કરયો હતો, સાંભળવા પ્રમાણે એ **અબુઇસહાકને** ઈમામ તરફથી **હુઝતે ઝઝાઇરનો** ખેતાબ અર્પણ કરવામાં આવ્યો હતો.

**મોહમદ તુશી** નામનો "તુશ" નો રહેવાશી એક ઈસમાઈલી વિદ્વાન થઈ ગયો છે. તે ઈસ્લામીઓમાં **ભુગોળ** વિષયનો પહેલો શોધક હતો. જેણે **સહીફા** નામની કીતાબ લખેલ છે. તેનો ઈસમાઈલીઓ ચાલુ લાભ લે છે.

**દાઈ સૈયદ સોરાબ** એ પણ ખુરાશાનમાં **નાશેર ખુશરોનાં** હાથ નીચે ઉપદેશ કરતો હતો. તેને પણ ખુરશાનનાં હાકમ તરફથી જ્યારે તકલીફ પડવા લાગી ત્યારે તે આજુ બાજુનાં નાના ગામડાઓમાં નીકળી ગયો અને પોતાના ખરા અંતઃકરણથી લગભગ ઈસમાઈલી મઝહબની ( ૩૦ ) ત્રીસ વર્ષ ખીજમત કરી ને આ ફાની દુનીયા છોડી પોતાની પવિત્ર **આત્માથી** પરવરદીગારની **હજુરમાં** પહોંચ્યો.

**મોલાના શાહા મોહમદ બાકેર** ( અ ) જેઓ ઇસમાઈલીઓનાં ( ૪ ) ચોથા ઇમામ ગણાય તેઓએ કીતાબ નામે "**ઊમુલ કીતાબ**" લખી છે, જેમાં ઉંડું ( તત્વ જ્ઞાન ) ઇલમે હકીકી સમાએલું છે. જેની મતલબ ટુંક બુધ્ધીવાળા પામી શકતા નથી, જેમાં ઘણા દીનનાં ઉતમ ભેદો સમાયેલા છે. એક વખત જે શખ્સ એ કીતાબની તાલીમ લે છે તેને આખી દુનીયાનું ઈલ્મ હાંસલ થઇ જાય છે અને હાલમાં અરબસ્તાન તરફ વસતા ઇસમાઇલીઓ **ઊમુલ કીતાબની** ઘણા માન સાથે અને અદબ સાથે તાલીમ લે છે જે કીતાબ ઇસલામમાં પણ જાણીતી છે.

**લાઇબ્રરી**—જે મશહુર "દારૂલકુતુબ" નામની લાઇબ્રેરી મીસરમાં હસ્તી ધરાવતી હતી. જેમાં લગભગ બે લાખ પુસ્તકો હતાં. અને દુનીઆ માંહેની સરવેથી મોટી લાઇબ્રેરી તરીકે ગણાતી હતી. જેમાં દુર દેશાવરોના વિદ્વાનો ખાસ કીતાબો વાંચવાને આવતા હતા. તેમાં દરેક મઝહબોનાં પુસ્તકો હસતી ધરાવતા હતાં. ત્યાં ઈસમાઈલી મઝહબ શીખવવાને ઘણો બની આવતું હતું ત્યાં આલીમોનું હમેશા મુબાએસો ચાલુ રહેતો હતો.

એ શીવાય ઇસમાઇલી ઇમામો તથા દાઇઓ તરફથી અનેક કીતાબો લખાએલ છે જેની અહી ગણુતરી કરવી મુશકેલ છે. છતાં પણ થોડી મોટી મોટી કીતાબોના અત્રે જાણ માટે નામ ટાંકી બતાવેલ છે, જેમાં કેટલીક કીતાબો તો આખી ઈસલામ આલમમાં મશહુર માનીતી છે તેનો આખી દુનીયા લાભ લે છે. એ ઉપર જણાવેલી ઘણી ખરી કીતાબો લંડનની જનરલ લાઇબ્રેરીમાં મોજુદ છે. જેમાં કેટલીક કીતાબોનાં અંગ્રેજીમાં તરજુમા પણ થઇ ચુકયાં છે.

હવે એ જમાનામાં ઈસમાઈલીઓ કોઇની સાથે મઝહબી તાસુબ નહી રાખતા, બીજાઓને સમજુક રીતે સમજાવીને પોતાનાં પંથમાં લેતાં હતાં. એ અરસામાં જોકે ઇમામો સાથે દુશમનીનું બજાર ગરમ હતું. જે એકંદર તપાસતા ઇમામો માટે એવુંજ સરજાએલું છે દરેક ઇમામના

જમાનામાં દરેક ઇમામે જે દુનીયાને દાખલો બેસાડવા માટે મુશરીકો તરફથી જે તકલીફો ઉઠાવી છે, તેજ પ્રમાણે મોલાના શાહા **મુસતનસીરબીલ્લાહ** હી. સ. ૪૮૭ માં વફાત થયા બાદ મીસરના સુપહેસાલાર **અમીરઝયુશની** દગલબાજીથી ઇમામ મોલાનાં **શાહા નીઝારને** કેદ કરીને પોતાનાં ભાણેજ **મુસ્તેઅલીને** ગાદીએ બેસાડયો. ત્યાં ફાત માઇ ખલીફાઓએ આશરે લગભગ ૨૫૦ અઢીસો વર્ષ સુધી પુર ઠાઠમાઠથી અને જાહોજલાલી સાથે રાજ ભોગવીને મીશરમાંથી ઇસમાઈલીઓનો સુર્ય અસ્ત પામીને અલબુર્ઝ ( આલમોત ) ઉપર પ્રકાશમાન થયો.

## બેત.

દર મસજીદો દર કાબાઓ, બુતખાના મનમ.
દર હરદો ઝહા હદીશ અફશાના મનમ
હરચન્દ કે અકલે કુલ ગુલામે દરેમાં અસ્ત;
બા. ઇન હમાં **મુસતનસરે** દીવાના મનમ.

( હીકાયતે નાશેર ખુશરો. )

## ભાવાર્થ.

મસજીદ કાબા અને મંદીર (બુતખાનાં ) માં હું છું. બેઉ-જહાનની સઘળી વાત ચીતમાં પણ હું છું. અગર જો બધી અકલો મારા દરની ગુલામ છે તો પણ મુસતનસર ( મુસતનસીરબીલ્લાહ ) દીવાનો હું છું..

# તુફાન વચ્ચે

# હસન બીન સબ્બાહની

# અલૌકીક દ્રઢતા.

:(o):

## પ્રકરણ ૧૦ મું.

રાહત પછી રંજ અને રંજ પછી રાહત" નો અનુભવ મેળવતો **હશન સબ્બાહ** મિસરનાં કેદખાનામાંથી ચમત્કારીક રીતે થયેલ છુટકારા પછી જે કીસ્તીમાં સવાર થયો તે કીસ્તી ક્રીસ્ચીયન રાજ્યનાં બંદરે જનાર હતી મુસાફરી લાંબી હતી અને લગભગ ૭ સાત દિવસનો રસ્તો હતો.

મિસરથી કીસ્તી રવાના થયાનાં ચોથે દિવસે એટલે મધ્ય રસ્તે આવતાં દરિયામાં ભયંકર તોફાન ઉઠયું,

**હશન સબ્બાહ** કીસ્તીમાં સવાર થયા પછી મિસરની રાજ્ય ખટપટ, **મુસ્તેઅલી**નો તેના મામા સુપેહ-સાલાર **અમીરઝયુશ** તરફથી ઉભો કરવામાં આવેલો દાવો અને **મોલાનાશાહનિઝાર**નાં નૂરે ઈમામતનો પોતે મેળવેલો પ્રસાદ અને ઉપકારનાં ઉભરામાં તલ્લીન થઇ રહ્યો હતો તેને અંતઃકરણમાં ઈમામની સેવાઓની ભારી ઉત્કંઠા સ્ફુરી રહી હતી અને **મોલાના શાહ નિઝાર**ની હિફાઝતી હજુરથી જુદો પડયાની યાદ તેને દિગ્મુંઢ બનાવનારી થઇ પડી હતી છતાં **મોલાના શાહ મુસ્તનસરબિલ્લાહ**નાં ઇશારાનાં સ્તંભ ઉપર પોતાની મુસાફરીનો તંબુ ઠોકી કયાં જવું અને શું કરવું તેનો કંઇપણ વિચાર કરયા વગર ઈમામની આશકાઇમાં મસ્ત બન્યો હતો તેની આવી શાંન્ત અને મુસ્કરાતી મુખમુદ્રા ઉપરનાં ચિન્હોનાં અગાધપણાથી કીસ્તીપરનાં લોકો જેઓ દુન્યવી રંગરાગમાં મુસાફરીનો વખત ગુઝારતા હતાં તેઓ **હશન સબ્બાહ**ની નજદીક જ્યાની હીમત કરી શકતા નહીં અને તેને પણ તે લોકો માટે ખયાલ આવે એવી ફુરસદ પણ નહોતી પરંતુ જ્યારે કીસ્તીનાં સુકાનીએ મુસાફરોને ગંભીર ચેતવણી આપી કે આપણું વહાણ તોફાનમાં સપડાતું જાય છે, અને તોફાન

આપૂતકારક છે, ત્યારે મુસાફરો આ ખબરથી ગભરાણાં અને બચાવ શોધવાની તજવીઝમાં પડયાં પણ અફસોસ ! ભર દરિયો હોવાથી તેમજ બચાવના બીજા સંસારીક સાધનો ન હોવાથી તેવી દરેક મદદથી નિરાશ થયાં ને તોફાની મોજાંના અથડાવાથી કીસ્તી ડોલવા લાગી તેમ તેમ મુસાફરોમાં મોતનો ભય ઉત્પન્ન થયો અને છેક અણી વખતે જ્યારે રડાકુટ અને હાયવોયમાં કીસ્તી ઉપરનાં લોકોએ પોતાના બચાવના છેલ્લાં સાધન તરીકે અલ્લાહ તરફ પોતાની લાગણી રજુ કરી તે વખતે **હશન સબ્બાહ** જે અલ્લાહના નુર (તે વખતનાં ઇમામ)નાં હુકમથી હીદાયત કરવા નિકળ્યો હતો તેણે કીસ્તીમાંના લોકોનાં ઘોંઘાટ તરફ ધ્યાન કરયું અને લોકોને અસરકારક વચનોથી શાંત પાડયા અને આગાહી મેળવેલ તરીકે ખુશ મિઝાઝ–સ્વભાવે લોકોને ખાત્રી આપી કે કોઇએ બીહવું નહીં કારણ કે મારા ઇમામ તરફથી મને આ મુસાફરી અગાઉ આગાહી મળેલ છે, તે મુજબ આપણે સરવે સહીસલામત રીતે આ તોફાનમાંથી બચીને દરિયા કિનારે ઉતરીશું પૂરણ સંકટ અને નિરાશી વખતે **હશન સબ્બાહ**નાં આ "**આશા**" અને "**વિશ્વાસ**" ઉત્પન્ન કરાવનારાં અમૃતવચનો સમયસરનાં તેમજ તેની મુસાફરી દરમીયાનની માન ઉત્પન્ન કરાવનારી વરતાણુંકના લીધે તથા આશાનાં વચનોમાં "**દયા**" અને "**માયા**" ઝળકી રહેલી હોવાથી તમામ મુસાફરો શાંન્ત થયા અને દ્રઢતાથી

કીસ્તીને તોફાનમાં અફલાતા મોઝાં વિશ્વાસ રાખનારને ઝુલા સમાન આનંદદાયક લાગવા મંડયા; જ્યારે કેટલાક એબ જો અને અવિશ્વાસ દિલનાંઓ **હશન સબ્બાહનાં** આ શબ્દો તરફ હશદની નજરથી જોતા હતા અને તેમાંના એકે આવીને પૂછ્યું કે આ કિસ્તી જ્યારે સલામત ઉતરવાની છે ત્યારે કહો કે તેને કેટલી વાર છે? **હશન સબ્બાહે** મુસ્કશાઇને ગંભીરાઇથી જવાબ દીધો કે ત્રીજે દિવસે!

તોફાનનાં બે દિવસો **હશન સબ્બાહનાં** આશાજનક વચનો મુજબ પસાર થયાં અને તેમાં પસાર થતી પળો નવા અવતાર માફક ગણનારાને ત્રીજે દિવસે જ્યારે તોફાનના ચિન્હો નરમ પડવા લાગ્યાં. અને આંધી દુર થતી ગઈ તે વખતે **હશન સબ્બાહનાં** કદમપર મુસાફરો ઉપકાર માનવા અને ઇજ્જત આપવા લાગ્યા, અને તે દરેક વખતે નિરાભીમાનપણે **હશન સબ્બાહે** તે બધાઓને **ઇમામ મોલાના શાહ નિઝાર** ઉપર એતેકાદ લાવવા બોધ કીધો અને પોતે તેમનીજ રહેમતથી નવાજેશ થયેલો અને ગુલામીમાં દાખલ થવાની મગરૂરી માનતો હતો.

આ સ્થળે અમો વિરોધીઓનાં **હશન સબ્બાહ** જેવાં નિરાભિમાન અને કાબેલ પુરૂષને દગાબાજ તરીકે ચિતરનાર "આરીસામાંના શ્વાનની સામે ભસ્તા શ્વાન" માફક

પોતાનીજ ખસલત બતાવે છે એટલો ઈશારો કર્યા વગર રહી શકતા નથી.

તોફાન પસાર થઇ ગયા પછી કીસ્તીમાંના લોકો **હશન સબ્બાહ** ઉપર એતેબાર લાવ્યા, અને પોતાનો બચાવ જેની બરકતથી થયો છે. તેના ઉપર પોતે ઈમાન લાવવાં તૈયાર થઇ ગયા. પરંતુ દુનિયામાં અધુરીયાઓનો જેમ તોટો નથી. તેમ આ એક ચમત્કારીક બનાવ પછી પણ એક **અબુખલીદ** નામના જઇફ જીંદગીનાં છેલ્લા વરસોના સફેદવાળની બાકી રહેલી કાળાશને મટાડવા ડહાપણનાં લિબાસમાં થોડાક સવાલો સાથે **હશન સબ્બાહ** પાસે આવ્યો **જેને હશન સબ્બાહે** ઇઝ્ઝતથી આસન આપ્યું. અને પછી ધાર્મીક સમજણ અને ઇમાનની બાબતો વિશે રજુ થયેલી ખાહેશ ઉપર પોતાની પ્રસન્નતા દેખાડી, અને તે વખતે કીસ્તી ઉપરનાં તમામ લોકોને ભેગાં થવા કહેવરાવ્યું, અને એ મુજબ **હશન સબ્બાહ** જે ઇસ્માઇલી મઝહબ ઉપર સંપુર્ણતા મેળવી ચુકેલાને ઇમામતની સમજ સાથે એતેકાદ સમજાવવાની એન તક બહુજ નરમાશથી અદા કીધી.

**બુઢો**—જનાબ. આપણી મુસાફરીનાં બાકી રહેલા થોડાક સમયનો ઉપયોગ આપની સોબતમાં કેટલીક શંકાઓનુ નિવારણ થવા માટે હું અરજ કરૂં છું.

**હશન**–ઘણીજ ખુશીથી કહો. તમો કઈ બાબત પર સમજવા માગો છો?

**બુઢો**–આપે જમાનાંના હયાત ઇમામની આગાહી વિશે કહયું તે કોણ છે? અને કયાં છે? તે ફરમાવશો?

**હશન**–હા, **મૌલા મુશકીલ કુશા મુરતઝાઅલીની** સીધી નસલે ઉતરી આવેલા હાલનાં હયાત ઇસમાઈલીઓનાં ૧૮ માં ઇમામ **મૌલાના શાહ મુસ્તન સરબીલ્લાહ** જેઓ હાલ મિસરમાં રાજય કરે છે તે છે અને તેમનાં પછી **મૌલાના શાહ નિઝાર** જેઓને તેમનાં પિતાની પછીના ઇમામ તરીકે જાહેર કરવામાં આવ્યા છે તે છે.

**બુઢો**–( અજબ થઇને ) ત્યારે ગાયબ થયેલા ઈમામ મહેદી વીશે શું સમજવું?

**હશન**–જઝાક અલ્લાહ! ગાયબ થવું એ ઈમામતની શાનથી તેમજ અલ્લાહની ખલ્કતના હિસાબે ઉલટું છે. કારણ કે ઇમામ દુનિયામાં હીદાયત કરનાર છે. અને ગાયબ રહી હીદાયતનો જુમ્મો બીજા ઉપર નાખી શકતા નથી. કારણ ઈમામત એ અલ્લાહનું નુર છે અને ઇમામ એ મનુષ્ય જીસ્મનો લિબાસ છે. અને તે ક્રમવાર આ દુનિયામાં **એહલે-બૈત**થી સીધી નસલમાંજ જહુર થાય છે.

**બુઢો**–સીધી નસલ એટલે ?

**હસન**–ખાનદાની કુટુંબના ઇમામનાં મોહોરદાર મારફત થએલા ફરજંદમાં નુર ઉતરે છે તે સીધી નસલ.

**બુઢો**–ત્યારે ગાયબ ઇમામ વિશે તેવો કોઈ નુકસ છે ?

**હસન**–હા બે નુકસ એકતો ઇમામતનું નુર જે કદી છુપાતું નથી તે છુપાયલું કહે છે અને બીજું ગાયબઈમામનાં બાપાવા મુસાકાઝમ તે મૌલાના શાહ ઈમામ જાફરે સાદીકની "**બરરા**" નામની *લૌંડીના પેટે અવતર્યા હતા.

**બુઢો**–સુબ્હાન અલ્લાહ ! એ સિવાય ઈમામતનાં નુરની સિફત સંભળાવી એહસાન કરશો.

**હશન**–અલહમ્દોલિલાહ! સાંભળો, નૂરે ઈમામત તે નુરે ખુદા છે તેની સિફત ઈન્સાનની તાકાત નથી કે પૂર્ણ કહી શકે પણ તેમાંથી દુનિયાનાં મઝહબમાં વહેંચાયલા લોકોને ઉપયોગી થઇ પડે તેવી રીતની થોડીક સિફતો મારી બંદગીના એક ભાગ તરીકે કહું છું તે સાંભળો અને વિચાર કરી મુસ્તકીમ રહો.

---

* હીસ્ટરી ઓફ પરશીઆમાં લખે છે કે ઇમામ જાફરે સાદીકના ફરજંદ મુશાકાજીમની માતા લોંડી હતા. જ્યારે ઇસ્માઇલનાં માતા સૈયદ હતા.

ઇમામત જ્યારથી પ્રગટ થઇ છે તે મૌલા **મુરતઝા-અલી**થી આજ સુધી ઓછા વધુ પ્રમાણમાં કોઇ ને કોઇ સ્થળે જહુર થયા વગર રહી નથી. અને દુનિયાનાં ગમે તેવા સંકટ વખતે. કોઇ પણ ઇમામે પોતાની ઇમામતને જાહેર કરી છે.

જુવો કે **ઇમામ હુસેને** કરબલાની ભયંકર લડાઇમાં પણ ઇમામતનો દાવો જાહેર કરયો હતો ત્યાર પછીનાં ઇમામ **જાફરે શાદીક** સુધી તમામ ઇસલામી આલમ એક સરખી માન્યતા ધરાવે છે. તો પણ ઇસ્મિમાઇલી તરીકાની માનીનતા ઘણા ચઢતા પ્રકારની છે.

**બુઢો**–( ઘણી આતુરતાથી ) ફરમાવો. તે શું ?

**હશન**–તે એકે ઇમામ એ ખુદાનું નુર છે, અને રૂહ એ ઇમામ હોવાથી જીસ્મ મનુષ્ય દેહનું નાશ થયા છતાં ખુદાનું નુર જે **વહદહુલ્લા શરીક**ની સિફત ધરાવે છે તે હય્યુલ કય્યુમ છે, તેનું નાશ થતો નથી પણ જીસ્મને તજી દેવા અગાઉ ખુદાઇ નુર પોતાની ઇમામતની નસલનાં જીસ્મમાં સોંપવામાં આવે છે, જેવી રીતે હઝરત **મૌલા મુરંતઝાઅલી** એ **ઇમામહુસેન** (અ) ને અને **ઇમામ હુસેન** (અ) ઇમામ **ઝેનુલઆબદીન** (અ) ને સપુરદ કર્યું હતું, અને ઇમામ **ઝેનુંલઆબદીન** (અ) પણ

પોતાની ઇમામત **યઝીદ**ના પાયતખ્ત શહેરમાં મુસલમાનો સનમુખ બેધડકપણે જાહેર કરી હતી ઇમામત એ ખુદાનો પાવર હોવાથી **ખદકુલ્લાહ**થી કોઇ કારણે જાહેર થવામાં અચકાય અથવા ગાઇબ છે, એમ કહેવું તે ઇમાનદારીથી વેગળું ગણાય, વળી સાંભળો ઇમામતનો ચમત્કાર એ હોય છે કે માત્ર ઇચ્છાથીજ તે પોતાનું જીસ્મ બદલે છે, અને તે પણ મુકરર કરેલી જીદંગીના વરસોની અંદર, નહી કે કોઇ ઇમામે આખર જમાનાની ઇનસાનની વય કરતાં વધુ હદ્દ અખ્તીઆર કરી હોય કારણ કે જીસ્મ મુકવું એ ઇમામતનાં દરજ્જાને એક બદન ઉપરથી જાંમો ઉતારી નાંખવા સમાન છે. વળી જોશો તો **મોલાઅલી** (અ) માટે પ્રસિદ્ધ છે. **લાફ્તા ઇલ્લાઅલી** એમ સાબીત કરે છે કે **હઝરતઅલી** (અ) સિવાય કોઇ જબરદસ્ત નથી અને તેમની લડાઇનાં ઇતિહાસોમાં આફત વખતે એજ મોલાના **મુરતઝાઅલી** (અ) થીજ ઇસલામનું પણ રક્ષણ થયું છે.

વળી **નાદેઅલી** એવુંજ દ્રષ્ટાંત છે. અને **જંગેખૈબર**ની લડાઇના કટોકટ વખતે જ્યાં હઝરત **પયગમ્બર નબી મોહમદ મુસ્તફા** ( સ ) સાહેબ મુંઝાયા ત્યારે ચાલીસમે દિવસે એમણે **નાદેઅલી** પડીને **મોલાઅલી** ( અ ) ની મદદ માંગી કે **હઝરતઅલી** હાજર થયાં અને લડાઇ ફતેહ થઇ, તેમજ **હઝરત ઇમામહુસેન** ( અ ) ની યઝીદના પક્ષ

સાથે કરબલાનાં મેદાનમાં મોટી લડાઇ થઇ. તમામ કાફરના લશ્કરે **ઊમરશાદ**નાં હુકમથી **હઝરત ઇમામ હુસેન** (અ) ઉપર તીરો ફેંકી ? પણ અજાયબ જેવું એ હતું કે એક પણ તીર હઝરત **ઇમામ હુસેન** ( અ ) ના જીસ્મને અડક્યું નહી પણ જ્યારે મોહરમની છેલ્લી તારીખે ઇમામતનો પાવર ઇમામ **જેનુલઆબદીન** ( અ )ને સોંપી મેદાનમાં જતા સહીદ થયા. અને ઇમામ **જેનુલઆબદીન** ( અ ) ને યઝીદના લશ્કરે કે **ઇમામહુસેન** ( અ ) ની નસલ ન રહે એવા ઇચ્છનારાઓ કોઇએ પણ તેમની જીંદગી વિશે નુકશાન પહોંચાડી શક્યા નહી, આ એક ઇમામતનો ચમત્કાર છે કે ઇમામને કોઇ હરકત પહોંચાડી શકતું નથી, અને તેઓ ગમે તેવા ભયંકર વખતે પણ સલામત રહે છે. અને તેઓ આજ સુધી હાજર અને સલામત છે. તેમજ આ દુનિયા ઇમામની હીદાયત વીના ટકી શકે નહી, એ ઇસ્લામના સિદ્ધાંતોનો ખરો અર્થ માત્ર મોજુદ ઇમામથીજ સાબેત થઇ શકે છે,

**બુઢો**–જનાબ, અહીં હું પુછવા માગું છું જે ગાયબ ઇમામને **ખીઝર** માફક હયાત ગણી માને છે તે માટે ખુલાસો કરશો ?

**કુશાન**–ખુશી સાથે સાંભળો, **ખીઝર**ની હયાતી જીસ્મ સાથે માનવી એ ઇસ્લામનાં પવિત્ર સિદ્ધાંતથી ખિલાપ્ છે.

કારણ કે જીસ્મ સાથે હયાત રહેવું અગર માનવામાં આવે તો **જનાબે રસુલેખુદા હઝરત નબી મોહમદ મુસ્તફા** (સ) ખાતેમુનનબી તથા **મોલાઅલી** (અ) " મુસ્કીલ કુશા " અને **ઇમામેહુસેન** (અ) જેવાઓ જે પોતાના જીસ્મ મુબારક તજી ગયા છે, તે શા માટે? જીસ્મ સહીત હયાત રહેતે તો તેમનું રહેવું ખીઝર કરતાં આલા હતું, પણ નહી! કુદરતી રૂલ વિરૂધ્ધ ઇસલામ કદી પણ વેગળો જતો નથી અને સામે તે કુદરતનાં નિયમોને પોતે પહેલાં સિદ્ધ કરે છે, ત્યારે ગાયબ ઇમામ આજ સુધી એટલે ઇનસાનની હયાતી ઉપરાંત જીવતાં છે, એમ માનવું તે સરીયતથી પણ બઇદ છે. પણ જો ખરૂં પુછો તો ગાઇબ ઇમામનું હક નહિ હોવા છતાં પોતે દાવો કર્યો, તેનું એ પરિણામ છે, કારણ કે ઇમામતની " હય્યુલ " " કય્યુમ " નું નુર હતું નહી તેને નિભાવી નીભાવી આખરે અટકવું પડયું પાછળથી આલીમો એ પોતાની કરેલી ભુલને ટકાવી રાખવા ગાયબનો ફતવો બાહેર પાડીને ખરા ઇમામથી લોકોને રોકી રાખવા કોશીશ કરીને પોતાની છાપ બેશાડી.

**બુઢો**—બસ હવે મને પુરેપુરી ખાત્રી થઇ કે ઇમામે ઝમાન મોલાનાં **મુરતનસીરબીલ્લાહ** બરહક ઇમામ છે, અને આજથી મારી જીંદગી આપ શાહેબે સફળ કીધી જેના માટે તમારો ઉપકાર માનું છુ. ત્યાર બાદ કીસ્તીમાં

બેસનારાઓ તમામ દીને ઇસલામનાં મઝહબે ઇસમાઇલી-
આ થી મુશરફ થયાં એમ કરતાં વહાણ કીનારે આવી પહોંચ્યું
જયાં તે શાહેરનો બાદશાહા ક્રીસ્ચીયન હતો તેણે પોતાનાં
ગામમાં આવેલાં તમામ મુસાફરોને મેહેમાંની કીધી ત્યાં
**હશન સબ્બાહ** થોડા દીન રહી થાક ઉતારી પોતાની
મુસાફરી આગળ વધારવા ને પાછો કીસ્તીમાં બેશીઆ, તુર્ક-
સ્તાન તરફ જવા નીકળયો.

"ઇશક"

કયા હુવા હુએ વઝુ કીયે, ઓર કયા મસજીદમે જાને સે.
કયા હુવા હુએ નમાઝ પડકર સરકું વહા ઝુકાને સે.
કીયા ન જીસને ઇશ્ક જહામે ઊઠાયા ન હાથ ઝમાને સે.
જીતેજી ન મીલે ખુદા તો કયા મીલેગા મર જાને સે.

**( મસ્ત )**

———:o:———

**જરૂરી એલતેમાસઃ**—અરધા આનાની ટીકીટ મોકલી મુફત મંગાવી લીઓ.
" **"આર્ય સમાજી પંડિતોનું પોકળ"** નામનું પુસ્તક.

ઠે.—**ખોજા મુખતારભાઇ નાનજી,**

**ખડક** ખોજા જંમાતખાના પાસે—**મુંબઇ.**

# હસન સબ્બાહની જાણવાજોગ મુસાફરી

## અને

# ઈસિમાઇલી મઝહબનો ફેલાવો.

### પ્રકરણ ૧૧ મું.

—(:०:)—

હીમતે મરદા તો મદદે મૌલા" એ ધોરણ ઉપર **હશન સબ્બાહે** થોડા દિવસ દરયા માર્ગે મુસાફરી કરીને એશીઆઇ તુર્કસ્તાનના કાંઠા ઉપર ઊતરયો, અને ત્યાંથી કીસ્તી છોડી ને ખુશકીને રસ્તે મુસાફરી કરવા લાગ્યો; જેમાં **"હલબ" "બગદાદ" "ખુજીસ્તાન" "કેરમાન" "સીરીયા" "ગીલજીત" "પામીરની ખીણો" "મેસેપોટેમીયા"** વીગેરે પ્રખ્યાત શહેરોમાં મુસાફરી

કરતો કરતો અને લોકોને ઇસમાઇલી મહઝબનો ઉપદેશ કરતો આગળ વધતો હતો, હવે જે શખ્સ પોતાના ખાલીશ-ઇતેકાદથી ઇમામ તરફની દુવા પામેલો હોય અને જેનો કામ હક રસ્તાની હીદાયત કરવાનું હોય તે શખ્સ દરેક સ્થળે ફતેહમંદી મેળવતો રહે છે, એવી રીતે **હશન સબ્બાહ** જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં તેનો ખુશમીઝાજ સ્વભાવ અને ખાલીશ મહોબતનાં પરિણામે દરેકે દરેક મુલાકાત કરનારાઓનું ચાહ પોતા તરફ ખેંચતો અને પુરતી ઇજત સાથે તેઓનું મહેમાન થતો હતો. અને તેના બદલામાં **હશન સબ્બાહ** ઇમામ તરફની હીદાયત અને ઇસમાઇલી તરીકેનું વીવેચન કરી જાણે ઇસમાઇલી ફોજ ભવિષ્યના **મોલાના શાહા નિઝાર**નાં રાજ્ય માટે તૈયાર કરતો હતો.

છેવટે જ્યારે **હશન સબ્બાહ** આલમોતના મજબુત પહાડોની કુદરતી બચાવ વાલી સહી સલામત જગ્યા પાસે આવી પહોંચ્યો ત્યારે કુદરતે તેની નેક મુસાફરીઓનું અજાંમ ત્યાંજ લાવવાની ગોઠવણ કરી હોય અને **હશન સબ્બાહ** જાણે બનવા કાળની કુદરતી **લોહે મહેફુઝ**ની તખતીઓમાં લખાએલ બીના તરીકે ઇસમાઇલી શહેનશાહતની ઝળકતી કારકીર્દીનો મુખ્ય સ્થંભ બનવાનું જે કારણ હતું. તે પ્રગટ થવાને હીસાબે પોતાને કાયમી મુકામ ત્યાંજ રાખવાનું દ્રઢ વિચાર કર્યો અને આલમોતનાં પહાડોને લગતી થોડી અત-

રાફની જમીનની હદ બાંધી ત્યાં આગળ રાહતનો સરઅંજામ એકઠો કર્યો, એ આલમોતનાં પહાડો **ધેલમ** દેશનાં પ્રગણાંમાં કુદરતી કીલ્લેબંધી માફક આવેલાં છે.

× × × × ×

આલમોત એ ધેલમ પ્રગણામાં આવેલો એક કીલ્લો છે ત્યાં જઇ **હશાન સબ્બાહ** ખુદાની ઇબાદતમાં મસગુલ થયો.

(રોજતુલ સફા.)

× × × × ×

ઈ + સ. ૧૦૯૦ માં એરાનની ઊતર તરફના પહાડી પ્રગણામાં રહેનાર સબ્બાહના દીકરા હશાને ઇસમાઇલીઆ ખાનદાન સ્થાપ્યો.

(જોન વીલ.)

× × × × ×

મોલાના શાહા **મુસતન સીર બીલ્લાહ**ના મીશરથી નીકળવા અગાઉના ચોકસ ઇશારાઓ મુજબ જ્યારે **હશાન સબ્બાહ** આલમોત પાસે અટકયો ત્યારે તેણે પ્રથમની થોડી મુદત પોતાનાં રૂહનાં ઝળકાટને ખાતર અને પોતાને થયેલાં હુકમને બજાવી લાવવા અગાઉ ઇબાદત બંદગી એકાન્તવાસમાં રહીને કર્યાં કીધી.

ત્યાર પછી નજીક આવેલા આલમોત ગામમાં તેની આવજાવ થવા લાગી અને તે વખતે **હશન સબ્બાહે** ત્યાંના લોકોને પ્રસંગોપાત ઇસમાઇલી મઝહબ વીષે હીદાયત કરી જેના પરિણામે પાછળથી **હશન સબ્બાહને** આલમોતના પહાડ પરનાં પોતાનાં રહેઠાણમાં ટોળાબંધ લોકોની મુલાકાતો માટે શહેરમાં જવાને વખત મળતો નહી. દીન પ્રતી દીન શહેરના લગભગ તમામ લોકોની એક સરખી લાગણી **હશન સબ્બાહ** ઉપર ઊભરી નીકળી અને ગોયા **હશન સબ્બાહ** આલમોતના વાસીઓનો જીવ જાન થઇ પડયો આથી શહેરના કોટવાળ **ખ્વાજા નસીર તુશીએ** એ શહેરના લોકોનું ખેંચાણ **હશન સબ્બાહ** પ્રત્યેની ખાલીશ ભાવનું હદબારનું જોઇ તેણે પોતાના ઇજતવાળા સલાહકારો સાથે આલમોતનાં પહાડોના રહેઠાણમાં **હશન સબ્બાહની** માન ભરી મુલાકાત લીધી તેનાં પરીણામમાં મઝહબ સંબંધી કેટલોક એવો સમવાદ થયો કે જેથી **ખ્વાજા નસીર તુશી** એ ઇસમાઈલી મઝહબનું અંગીકાર કર્યો. ત્યાર પછી શહેરનાં બાકી રહેલા બીજા લોકોએ ઇસમાઇલી મઝહબની લાગણી ખુલી રીતે પ્રગટ કરી અને એ હીસાબે આલમોત શહેરના બધા લોકો ઇસમાઇલી થયા.

શહેરના કોટવાળ **ખ્વાજા નશીર તુસીએ** પોતે જે **હશન સબ્બાહથી** મઝહબી ફાયદો મેળવ્યો તેના

ઉપકાર તળે એક જાહેર મહેમાનદારી માટે પોતાની ખાહેશ તાબેદાર માફક રજુ કીધી અને **હશન સબ્બાહે** કોટવાલની સાચા દીલની આ માંગણીનો સ્વીકાર કરી શહેરનાં લોકો જે ઘણી મુદત થયાં **હશન સબ્બાહની** મુલાકાતનો લાભ લેવા ટળવળી રહેલા હતા તેને પોતાની આ માન ભરી મુલાકાતથી ખુશ કીધા.

કોટવાલ **ખ્વાજા નશીર તુશીએ** આખા શહેરમાં ખુશીનાં સરજામ માટે યોગ્ય તજવીજો કરાવી રાખી અને **હશન સબ્બાહને** પુર્ણ જાહોજલાલી સાથે અને શહેરના લોકોનાં મહોબતનાં જુસ્સા સાથે પુર્ણ આનંદ વચે પરોણાગત કીધી.

ત્યાંથી રૂખશત થતી વખતે **હશન સબ્બાહે** મોલાનાં હાજર ઇમામની મુલાકાતનો ઇસ્તેયાક એટલો બધો વધારી દીધો કે જે પોતે પોતાનાં સાચા અંતઃકરણથી ઇચ્છતો હતો તેની બરોબરીમાં તમામ લોકોએ **હશન સબ્બાહને** કરગરીને કાકલુદી સાથે એવી માંગણી કીધી કે અમોને ઇમામના દીદાર કરાવવાની મહેરબાની કરશો ? આ બાબતમાં લોકોને તસલી આપી કે અમુક મુદત પછી ઇમામનાં દીદારને માટે અરજ ગુજારીને ઇમામ પાસેથી પધારવાની માંગણીની કબુલાત લઇશું એટલું કહી તે પાછો આલમોતના પહાડોમાં પોતાનાં રહેઠાણ પર જંવા લાગ્યો પણ ત્યાંનાં ઇસમાઇલીઓએ તેને રોકી લીધો.

લગભગ એક વર્ષ જેટલી મુદત **હશન સબ્બાહને** આલમોતમાં આવી વસ્યાને થઇ નહોતી તેટલામાં ભવિષ્યનાં ઇસ્માઇલી શાહોની રાજગાદી માટે જાણે આલમોત શહેર ઉપર પોતાનો સમપુરણ કાબુ મેળવી લીધો, અને રફ્તે રફ્તે શહેરનાં મધ્ય ભાગમાં એક ઇબાદતખાનું બંધાવી કરી ત્યાં ઇસમાઇલી તરીકા મુજબ ઇબાદત બંદગી શહેરના લોકો સાથે કરવાનું ચાલુ કર્યું અને ઈસ્માઈલી મઝહબની ઉન્નતિ અર્થે પોતાની વાએઝ દર અઠવાડીએ **હશન સબ્બાહ** કરતો જે સાંભળવાને માટે સંખ્યાબંધ ઈસમાઇલીઓ ભેગાં થતા હતા અને આજુ બાજુના ગામોમાંથી પણ ઘણાંક લોકો **હશન સબ્બાહનાં** વાએઝની તારીફ સાંભળી ત્યાં આવતા અને તેનો લાભ લેતા આ રીતે **હશન સબ્બાહે** આલમોતનાં કીલ્લા અને શહેર સાથે ધાર્મીક સંબંધ ચાલુ રાખ્યો.

મીસરમાંથી **હશન સબ્બાહ** નીકળી જવા પછી ઇ. સ. ૪૯૦ માં મોલાનાં **શાહા મુસતનસીરબીલ્લાહ** ( અ ) ઈમામતનું નુર જહુર મોલાનાં **શાહાનીઝારને** સપુર્દ કરી આ દુનીયાંમાંથી કુચ કરી ગયા એટલે વફાત પામ્યા પછી **મુસ્તેઅલીની** તરફેણવાળા તેનાં મામા **અમીરઅંચુસે હશન સબ્બાહની** ગેરહાજરીમાં પોતાના બળ અને લાગવગનાં જોરે **મોલાનાં શાહા નીઝાર** ( અ ) ને કેદ કર્યા. ઈમામ અઢી વર્ષ સુધી કેદખાનામાં રહયા પછી ઈમામતનું નુર પોતાનાં ફરજંદ મોલાના **શાહા હાદી** (અ) **ને**

આશરે આઠ વર્ષની બાળવયમાં સપુરદ્દ કરી પોતે રહેલત કરી ગયા આ તમામ ખબર તદન છેલ્લે વખતે એટલે મોલાના **શાહાનીઝાર** વફાત થયા પછી અને સાત આઠ વર્ષની બાળવયમાં **મોલાના શાહા હાદી** ( અ ) ને ઈમામત સોંપાયા પછી **હશન સબ્બાહ**નાં એક વિશ્વાસુ ઇસમાઈ-લીએ ખબર પહોંચાડી અને જ્યારથી **હશન સબ્બાહે** આ સમાચાર જાણ્યા કે ત્યારથી આલમોત શહેરના લોકોની ઇમામના દીદારની માંગણીનો ખ્યાલ એવા આકારમાં ઉશ-કેરાયો કે કોઇ પણ પ્રકારે **અમીરઝયુશ**નાં હવશી ચીકન-ઝામાંથી **મોલાના શાહા હાદી** ( અ ) **ને** આલમોતમાં લાવવા માટે અને ઇમામતનું નુર સ્વતંત્ર રીતે ઝળકતું રહેવા ખાતર કોશીશો તરીકે પોતાની સેવાઓ અર્પણ કરવાનો મજબુત વિચાર કીધો.

**ફના કયસી.**

ફના કયસી બકા કયસી જબ ઉસકે આશનાં ઠયરે,
કભી ઇસ ગર મે આ ઠયરે કભી ઉસ ગરમે જા ઠયરે.

( અમાર )

# અલબુર્ઝનાં પહાડપર શાહા હાદીની રાજગાદી.

## પ્રકરણ ૧૨ મું.

અલબુર્ઝ એ એક જગત આશકાર પહાડ છે, તે ઇરાનની ઉતરે આવેલો છે, એ લાઇનમાં કુલ્લે પહાડોની સંખ્યા ૨૨૪૪ બાવીસ સો ચુમાલીસની છે, તેમાં સઊથી મોટો અને છેલ્લો પહાડ એ અલબુર્ઝનાં નામથી ઓળખાય છે. જેની ઊંચાઇ ૧૮૦૦૦ અઢાર હજાર ફીટ છે. અને તેંમાંથી ત્રણ નદીઓ વહે છે જે "કીઝીલ" "ઓઝેન" અને "એરેશ" નાં નામોથી ઓળખાય છે.

અલબુર્ઝ (આલમોત) એ કાઝમીનથી ઉતરે પુર્વ દિશામાં બત્રીસ માઈલને છેટે છે, એ ઈસમાઇલીઓનું મુખ્ય

મથક છે, અને એ આખા સંસ્થાનમાં ઘણા મજબુત કિલ્લાઓ હસ્તી ધરાવે છે, જ્યાં ઇસમાઇલીઓ પુર્વ કોહીસ્તાનથી તે કેમગામ સુધી મોટી સંખ્યામાં ફેલાયલા છે. હાલમાં ત્યાં ઇસમાઇલીઓ મોટે ભાગે ખેતીવાડીનું કામ કરે છે. દેખાવે સરવે મજબુત બાંધાના અને સ્વભાવે મીલનસાર છે, જેઓ આખી દુનીયામાં મેહેમાનોની પરોણાગત કરવામાં પેલે નંબરે ગણાય છે, તેઓ પોતાની રોટલીનો છેલ્લો કટકો પણ ખેરાત કરવા માટે તૈયાર રહે છે, તેમ નહી બની શકવાથી દીલગીરી સાથે ખુદાપર ભરોંસો રાખવાને કહે છે કે ખુદા રોજીનો માલેક છે, તે દેશે.

હવે જ્યારે **હશન સબ્બાહ** કોટવાલ **ખ્વાજા નશીર તુસીની** મહેમાનદારીથી પ્રારેગ થઇ પોતાને સ્થાને આવવા પાછા વળ્યાં, ત્યારે તમામ સહેરનાં રહેવાસીઓએ તેવણને રોકી લઇ અને કેટલાક આગેવાનો એ અરજ કરી કે હવે આપણા ગામની વયવસ્થા કોઇ એવા પ્રકારની કરવી જોઇએ કે જેથી ઈમામની ખીજમત કરવાનું બની શકે. એવી ગુફતગુ ચાલુ હતી તેમાં વિશ્વાસુ ઇસમાઈલીએ જે ખબર આપી હતી કે મોલાનાં **સાહાનીઝાર** (અ) ની કેદખાનામાં વપ્રાત થઇ છે એ દુઃખદાયક સમાચાર કહી સંભળાવ્યાં તેથી ત્યાં હાજર રહેલાં સરવે ઘણા દીલગીર થયા અને હવે તેવણનાં ફરજંદ **મોલાનાં સાહા હાદી** (અ) જેઓની ઉમર ઘણી નાની છે, તેઓ **મોલાના શાહા નીઝાર**

(અ) પછીનાં આપણા બરહક ઇમામ છે. જેઓ હમણાં કાચી વયે પોતાની માતુશ્રીના હવાલામાં છે, માટે તેવણને આપણે આપણા જીવને જોખમે અત્રે લાવી તેવણની પચરવી કરીએ તો ખરેખર આપણા ધન્ય ભાગ છે આગળ ચાલતા **હશન સબ્બાહે** જણાવ્યું કે આપણે ઇસમાઈલીઓ ઇમામના પ્રતાપે તથા તેવણની દુવાથી સરવે કામ કરવા સમર્થ છીએ. આપણી થોડા દીવસ અગાઉ મીસરમાં મોટી જાહોજલાલી હતી. પણ અવલ ઇમામ **મોલાઅલી** (અ) થી અત્યાર સુધી સરવે ઇમામો સાથે જાલીમો તરફથી દુશ્મનાવટ થતી આવી છે, તે પ્રમાણે **મોલાના શાહા નીઝાર** (અ) માટે પણ જેમ તેવણનાં ઘરાણાથી હમેશાં થતું રહયુ છે તેમ બન્યું છે. મીસર દેશ દુશ્મનોની હકુમત તળે ગયો છે, પણ એશાન છે તે પરવરદીગારનાં કે ફરીથી આપણે આપણા ઇમામની તાબેદારી કરવા માટે નાનકડું રાજ્ય મેળવવા નશીબવંત નીવડયા છીએ અને એના પછી જો આપણે સરવે સાથે મળીને એક બળથી આપણા સત્ય ધર્મની તાબેદારી માથે ઉપાડીશું તો **મોલાના શાહા હાદી** (અ) ની દુવાથી ઘણું વધારે મેળવવા ફતેહમંદ થઈશું માટે આપણે **મોલાના શાહા હાદી** (અ) ની ગુલામી તળે રહીં આપણી ફરજ છે કે જીવને જોખમે પણ તેવણ **સાહેબુલઝમાનને** અત્રે લાવવા જોઇએ તેમાં કદાચ મોતને શરણે થયા તો મોડા મરવાથી આ વહેલુ 'મરવું ઘણું કીંમતી

લેખાસે, એ દીનનું કાંમ નીડર વીરલાઓ જણ બેને સોંપું છું, એક **શાહાજાદા અસદ** અને બીજો **અબદુલા બીન ઇસમાંઇલ.** આ નામ બ્હાર પડતાંજ તરત તેઓ બે જણાએ પોતાનો જન્મ સફળ થયો સમજીને હાજર થઇ કહેવા લાગ્યા કે ફરમાવો ઉતાવળે ફરમાવો! અમો બંને જણાઓ એ કામ તમારી દુવાથી પુર દીલેરી સાથે અજાંમ લાવીશું! જો કે બીજા ઘણાઓએ ઉમેદવારી કરી પણ **હશન સબ્બાહે** કહયું કે એ કામ ફકત બે માણસોનો છે તેથી બીજાઓ દીલગીરી સાથે ચુપ બેસી ગયા.

હવે **શાહાજાદા અસદ** તથા **અબદુલા બીન ઇસમાઇલ** તૈયાર થઇ **હશન સબ્બાહનો** રૂકો લઈ મીસર તરફ કુચ કરવા આલમોતથી રવાનાં થયા જેને કેટલાક શહેરીઓ મોકલાવવા આવ્યાં તેઓ સરવેની દુવાઓ તથાં મુબારકીઓ લેતા ખુદા ઉપર ભરોસો કરીને મુસાફરી કરવા આગળ વધ્યા.

**શાહાજાદા અસદ** તથા **અબદુલ્લા બીન ઇસમાઇલના** રવાના થયા બાદ આલમોતમાં **હશન સબ્બાહે મોલાના શાહા હાદી** ( અ ) ને રહેવા માટે શહેરના મધ્ય ભાગમાં એક મનોહર સુશોભીત મહેલ બંધાવવાનું કાંમ ચાલુ કરયું, તે મહેલ તૈયાર થઇ રહેતાં સરવે શહેરીઓ એકઠાં થઇને **મોલાના શાહા હાદી** ( અ ) ને તખ્તનશીન

કઇ જગોએ કરવા તેનો વિચાર કર્યો, છેવટે એ નિર્ણય થયો કે છેલ્લે મજલે તખ્ત રાખવું ને તે જગ્યાને **બૈતુલ ખયાલ**નાં નામે ઓળખાવવી તે મુજબ નકી કરીને સરવે હાજર રહેલાઓ ચાલ્યાં ગયાં.

બીજી બાજુ **શાહજાદા અસદ** તથા **અબદુલા બીન ઇસમાઇલ** ફાડી ખાનારા જાનવરોની દરકાર નહી કરતાં ઘણી તકલીફો વેઠી મહા વીકટ રસ્તો પસાર કરી લગભગ પાંચ મહીને મીસર આવી પહોંચ્યાં. જો કે તેઓ લાંબી મુસાફરીથી ઘણા થાકી ગયા હતાં પણ તેની દરકાર ન કરતા ઇમામનાં દીદારની ઇન્તેજારીએ તેમને ઘણાજ તંદુરસ્ત અને હીમતમાં રાખ્યા હતાં.

એવી રીતે શોધતા શોધતા ત્રીજે દીવસે તેઓને પતો લાગ્યો કે શહેરથી બહારનાં એક નાના ખંડીઅર મકાનમાં મોલાના **શાહાહાદી** (અ) ને રાખવામાં આવ્યા છે અને **મુસ્તેઅલી**નાં મામા **સુપહેસાલાર અમીરઝયુસ** ની તેઓ ઉપર ઘટતી દેખરેખ છે. જો કે તેથી ઇસમાઈલી બન્ને બહાદુરો જરા પણ અચકાયા નહી અને મધ્યરાત્રે જ્યારે ચોકીવાનો ગફલતીમાં પડયા હતાં તેનો લાભ લઇ **મોલાનાં સાહા હાદી** ( અ ) ની હજુરમાં પહોંચી દીદારથી મુશરફ થઇ ઇમામનાં દસ્ત મુબારકની દસ્ત બોશીકરી, અજીમ સવાબ હાંસલ કર્યો, ત્યાર બાદ **સાહાહાદી** (અ) ની માતુશ્રી **નેંહશન સબ્બાહએ**

લખી આપેલો રૂકો આપી અને આલમોતમાં **મોલાના સાહા હાદી** (અ) માટે જે વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે સઘળી પહેલેથી છેવટ સુધી હકીકત કહી સંભળાવી તે સાંભળીને **મૌલાનાં સાહા હાદી** ( અ ) પ્રસન્ન થયાં અને પોતાની માતાને તરત નીકળવાને ફરમાવ્યું તે નકી થતા **મૌલાના સાહા હાદી** ( અ ) તથા તેવણનાં માતુશ્રી રાતના પાછલે પહોરે આલમોત જવા માટે **સાહજાદા અસદ** તથા **અબદુલ્લા બીન ઇસમાઇલ** સાથે બહાર પડયા અને મીસર છોડી પોતાની મુસાફરી આગળ કરવા લાગ્યા, મજલ બ મજલ બને ઇશમાઇલી વીરલાઓ ઇમામની ખીજમત કરતા આગળ વધતા હતા એ ખબર જ્યારે **સુપહેસાલર અમીર ઝયુસને** પડી ત્યારે તેઓને પકડી મંગાવવાને પાછળ સવારો દોડાવ્યા પણ જેની તરફેણમાં કુદરતનો ધણી હોય તેનીજ હમેશાં ફતેહ થતી આવી છે, તે પ્રમાણે **અમીર ઝયુસ** પોતાની કોશીસમાં નિશ્ફળ નીવડયો.

**મોલાના શાહા હાદી** ( અ ) ( ઇસમાઇલી વીસમા ઇમામ) પોતાની માતુશ્રી તથા બે મુરીદો સાથે જ્યારે રૂદબાર પ્રાંતમાં આવી પહોંચ્યાં ત્યારે **હશન સબ્બાહ** તરફથી ઉપદેશ કરવા નીકળેલા દાઇઓ જે અતરાફમાં હતા તેઓને ખબર પડતાં તમામ પ્રાંતના ઇસમાઇલીઓ **મોલાંના શાહા હાદી** ( અ ) નું ઇસ્તકબાલ કરવા આવ્યા, મુલાકાત કરી તેઓ સરવે ઇમામને આલમોત પહોંચાડવા સાથે

ચાલ્યાં એ સમાચાર આલમોતમાં ફરી વળતા તરત તમામ શહેરનાં માણસો **મોલાના શાહા હાદી** (અ) ને સત્કાર કરવાને બહાર નીકળી પડયા. જેને **મોલાના શાહા હાદી** (અ) આશીશો ફરમાવતાં, મોટી ખુશ ખુશાલી તથા ધામધુમથી શહેરમાં દાખલ થયા. અને મુકરર કરેલા મહેલમાં જઇને જ્યાં તખત ગોઠવી રાખેલું હતું ત્યાં **"બેતુલ ખ્યાલ"** માં ઇમામને મશનદપર બેસાડીને તમામ અદબ સાથે ઉભા રહ્યા, ઈમામે તેઓને ખુદાઇ નુરનાં પાવર વડે ઘણી ઊપયોગી નશીહતો કરીને દુવા આશીશો ફરમાવી એવી રીતે લાગટ સાત દીવસ આલમોતમાં ઓચ્છવ તરીકે તહેવાર પાળવામાં આવ્યો.

\+ + + + +

**હુશન સબ્બાહ** કાંઇ આપ વડાઇ ચાહતો નહતો તેણે કદી પણ પોતાને ઇમામ તરીકે ઓળખાવ્યો નહોતો. તેમજ ઇસમાઇલી થયા પછી છેવટના દમ સુધી ઘણુજ મકકમપણે ઇમામના ઘરની તાબેદારી કરી આ ફાની દુનીયામાં નામ અમર કરી ગયો.

**"સૈયદ મુનીર"**

\+ + + + +

યાર કે દરશન કે ખાતર જાન ઓર તન ભૂલજા,
મુખ મુનોવર દેખ ઉસકા રંગે ગુલસન ભુલજા;
દમ બદમ દીલકી નજર સે પી કે દરશન કા સરાબ,
અએ "**અલીમુલ્લાહ**" જહાં કે મકર ઓર ફન ભુલજા.

**અલીમુલ્લાહ.**

# આલમોતના કીલ્લાનો ઝળકાટ.

અને

# દુનિયામાં ફુંકાયલો ઇસમાઈલી આત્મા.

## પ્રકરણ ૧૩ મું.

જ્યારે **મોલાના શાહા હાદી** (અ) નું કદમ મુબારક આલમોતમાં થયું કે તેના ઝળકાટ માટે બોલવું એ ગોયા "સોના પર ઢોળ ચડાવવા" બરોબર છે, કે જ્યાં ખુદાઇ નુર પ્રકાશમાન થાય તે સરજમીનની તેમજ ત્યાં વસતી રૈયતની ખુશ નસીબી સમજવી તે બીના કાંઈ નવાઇ ઉત્પન્ન કરનારી નથી.

**મોલાનાં શાહા હાદી** (અ) ની ગાદી સ્થાપન થયા પછી **હશન સબ્બાહે** હી+સ ૪૮૩ માં "આલબુર્ઝ"

પર્વતપર આલમોત નામનો અજીત ગઢ બંધાવ્યો અને વધારે રક્ષણ માટે આજુબાજુ કીલ્લાઓ બંધાવીને સરવે ઇસમાઇલીઓ ઇમામનાં દીદાર સાથે દીનની ખીજમત કરતાં આનંદ સાથે આલમોતમાં નિર્ભય રહેવા લાગ્યા.

ત્યારે બીજી બાજુએ મીસરની સરઝમીન હમેશા માટે ઇમામ વગરની થઇ પડી હતી, ત્યાં અનેક ઝગડા બરપા થયાં, માંહો માંહે કુસંપનો સડો પેઠો મતલબીઆ, લાલચુ અને આપસ્વાર્થીઓ પોતાનું પેટ ભરવા માટે અમલદાર લોકોની તરેહવાર રીતે ખુશામત કરી તેઓને ભંભેરી માંહોમાંહે કાપાકાપી કરાવતા હતા, પરિણામે તેથી મીસર હમેશાં તકલીફો અને આફતોમાં મુબતલા રહયો અને સઘળી રૈયતમાં બેદીલી ફેલાઇ રહી.

જ્યારે બીજી બાજુ " **અલબુર્ઝ** " ની રૈનક અને એક દીલીની લાઇટથી અદેખાઓની આંખો અંજાવા લાગી તેથી અદેખાઓ ઇસમાઇલીઓ માટે મન ભાવતું જાહેર અવાજ કરવા લાગ્યા અને વગર દોકડે ઇસમાઇલીઓને જાહેરમાં લાવવાની કોશીશ કરવા લાગ્યાં, જોકે કોશીશ વિરોધી તરિકે નીંદીને કરતા હતા? પણ સત્ય હમેશા પ્રકાશમાન થાય છે તેવી રીતે ઘણા લોકોનું ધ્યાન આલમોત તરફ ખેંચાયું જેમાં કેટલાક સમજુ લોકોને ઇસમાઇલી મઝહબ જાણવાની જીજ્ઞાસા થઇ તે જાણવા માટે આલમોતમાં આવતા

હતા ત્યાં ઇસમાઇલી મઝહબની સત્યતા સમજી તેનો અંગીકાર કરીને સામે ખીજમત કરવા બાહેર પડતા હતા એવી રીતે ફરીવાર દુનીયાનાં ઘણા ભાગોમાં ઇસમાઇલી મઝહબ પ્રસરી રહયો અને ઘણા સ્થળે ઇસમાઇલી આત્મા પુકાવા લાગ્યો તેના પ્રતાપે ટોળેબંધ લોકો ઈસમાઈલી થવા લાગ્યાં.

આ સંજોગો વચે **હશન સબ્બાહ** કિલામાં બેઠો બેઠો પોતા પાસે **કોટવાલ ખ્વાજા નશીર તુસી** તેમજ બીજા આગેવાનોને એકઠાં કરીને સરવે સાથે મસવરો કરી રહયો હતો કે મઝહબે ઇસમાઇલીઆમાં લોકોને કેવી સમજુક રીતે તેમ મોહબતથી સમજાવી લેવા તેનું શિક્ષણ દેતો હતો એમ કરતાં એક **ઇસમાઇલીઆ મીશન હોલ** સ્થાપી તેમાંથી અનેક દાઇઓ ઉભા કરી તેઓને આખા રૂદબાર પ્રાંતમાં ફેલાવી દીધા જે દાઇઓ ઘણીજ ખંતથી મહેનત લઇને સીદક દીલે ઈસમાઈલી મઝહબની સેવા કરતાં હતાં તેથી લગભગ આખો રૂદબાર પ્રાંત ઈસમાઇલી થઈ ગયો હવે જે **ફાતમાઇ ખલીફાઓને** માનનારાઓ જુલમી મુર્ખ તાયફાવાલાઓના ત્રાસથી છુપી રીતે ઇસમાઇલી મઝહબ પાળતાં હતાં તેઓ ખુલી રીતે **મોલાનાં શાહા હાદી** (અ) ની બએત કરવા લાગ્યાં જોકે તે સમયમાં હશદખોર મોલવી અને મુલ્લાઓ પોતાનું મતલબ તૂટી જવાને સબબે ટુંકું બુદ્ધિના તાયફાવાળાઓને ઉસકેરી બખેળા ઉભા કરતા હતાં પણ પરિણામે ઇસમાઇલીઓમાં

સંપ સારો હોવાનાં સબબે તેઓને એક બળે દબાવી દેતા બલ્કે કોશીશ કરીને તેઓને પણ પોતાનાં પાક મઝહબમાં સામેલ કરી લેતાં હતા. આવી રીતે આખો રૂદબાર પ્રાંત હાથ કરયા પછી **હશન સબ્બાહે** પોતાનાં દાઇઓને અરબસ્તાન અફગાન તથા બીજા દુર દેશાવરો તરફ ઉપદેશ કરવાને મોકલ્યાં તેથી દીન બ દીન ઈસિમાઈલી મઝહબ **ઝાહેરા આશકારા** થઇ પડયો જેની તાલીમ લેવા મોટા મોટા આલીમો અને વિદ્વવાનો પણ આલમોતમાં આવતા હતાં અને લાખોની સંખ્યામાં ઈસમાઇલીઓ દુનીયાની સપાટી પર નીડર થઇ વસવા લાગ્યા

× × × × ×

**હશન સબ્બાહ** એ ચમત્કારીક માણસ વગર પૈસે એક પણ એકર જમીન વારસા હીસામાં મેળવ્યા વગર અને લશ્કરનાં વગર બળે પોતાની અકલ હુશીઆરી અને ડહાપણુથી અને સમય સુચકતાનાં જોરે તે વખતનાં અમીર ઉમરાવો અને બાદશાહોને થરથર ધ્રુજાવનાર થઇ પડયો હતો. અને આલમોત ગઢની આસપાસનાં સઘળા કીલ્લાઓ તેને શરણે આવ્યા હતા.

( ખોજા તવારીખ. )

× × × × ×

ઇસમાઇલી ૨૫ પચીશમાં ઇમામ **મોલાના શાહા ખુદ જલા-લુદીન હશન** ( અ ) જેવણુ આલમોતની ગાદી પર (હી. સ. ૬૦૭ માં આવ્યા અને જાહેર ઇસમાઇલી ઇમામ તરીકે સ્વીકારાયા) ત્યારે જે ઇસલામી તાયફાવાળાઓ પડોશમાં આબરૂદાર બળવાન રાજકર્તા હતા. તેઓ સાથે સગપણનો વહેવાર ચાલુ કર્યો, અને સગપણની ગાંઠથી જોડાવા માટે **મોલાના શાહા ખુદ જલાલુદીન હશન ( અ ) " ગીલાન "** ના સુબાની દીકરી વેરે પરણ્યાં. ( તેઓએ આલમોતના પહાડ પર ૪૦ ચાલીશ વર્ષ રાજ કર્યું. ).

**" દુમાસ્યા "**

× × × × ×

તે ઝળકી રહેલા વખતમાં ઈસમાઈલીઓ એટલી હદ સુધી પ્રસરીને આબાદ થયાં કે " આજરબૈજાન " " ગીલાન " " માઝુંદરાન " " કાસ્પિયન કીનારો " " ખુઝી-સ્તાન " " ફાર્સ " " લારિસ્તો " " કેરમાન " " કુર્દીસ્થાનનાં પર્વતો " " પામીરની ખીણો " " તહેરાન " " તેબ્રીઝ " " સીરાજ " " સીરીયા " " સામ " " દમાસ્ક " "જેરૂસેલમ" " બગદાદ " " હલબ " " ખુરાશાન " " મીસર " તેમજ થોડા પ્રમાણમાં આખા અરબીયા તથા ઇરાનનાં દરેક ગામમાં

અને અફગાન તથા રશીઆ પોર્ટમાં છુટા છવાયા અને બ્રીટીષ "ચીત્રાલ" વેગેરે દેશોમાં તેમજ દરેક પહાડો પર અને દરેક ખીણોમાં નજરે પડતાં હતાં જ્યાં અત્યાર વેર પણ આનંદ સાથે વસે છે, અને વખતો વખત ઝમાનાનાં ઇમામની મુલાકાત લઇને પાવન થાય છે.

કોનથા.

કીસ તાકત હો ગઇ ખૈયબર સીકન,
વોહ અલી થા યા ખુદા થા કોન થા.

"અકબર"

---

મફત! મફત!! મફત!!!

આગાખાનીઓમાં વધારો
અને
હિન્દુઓમાં ઘટાડો.

—:o:—

"શ્લોકો સાથે કાવ્યમાં રચેલું પેમ્ફલેટ" અડધા આનાની ટીકીટ મોકલી મંગાવી લ્યો.

ઠેકાણું—શેઠ હાસમઅલી અલીમામદ મહેતા,
પોસ્ટ ઓફીસ નાં. ૯ ની સામે, પારસી બીલ્ડીંગ ત્રીજે માળે.
મુંબઇ.

# હસન સબ્બાહની ઝળકતી કારકીર્દી, ધાર્મીક વ્યવસ્થા અને અદલ ઈન્સાફ.

## પ્રકરણ ૧૪ મું.

—:=(*)=:—

જે સૃષ્ટિના સરજનહારે આ સંસારને સરજીને તેમાં સત્યને કેવા ઉપાયો વડે જાહેરમાં લાવવું તેનાં માટે દુનીયાદારીઓના હાથમાં અનેક કુંચીઓ આપી છે, તેમાંની એક શકિત આપણા પુસ્તકનાં નાએક **હસન સબ્બાહને** પણ અતા થઇ હતી. એવું એણે બજાવેલા કાર્યો ઉપરથી સહેલાઇથી સમજી આવવાનું બની શકે છે, નહી તો આવા મહાન કાર્યો એકલે હાથે કરવાને ઘણા દુર્લભ હતાં.

**હશન સબ્બાહે** જ્યારે અતરાફમાં અનેક દાઇઓને મઝહબનો વધારો કરવાને ફેલાવી દીધા ત્યારે બીજી બાજુ આલમોતમાં એક "**ખ્વાંને નીઝારીયા**"નાં નામનું એક બગી-

ચામાં મોટું આલીશાન મકાન બંધાવ્યું તેમાં કદાચ કોઇ મેમ્બર રાત દીવસ રહેવા ઇચ્છે તો તેનાં માટે તેવી સગવડો તેમાં રાખવામાં આવી હતી. તે હૉલમાં મુકરર કરેલા અમલદારો લગભગ રાત અને દીવસમાં ૧૮ અઢાર કલાક હાજરી આપતા હતા, જે વખંત દરમ્યાન રાજ્યની મજબુતી, ઇસમાઇલી મઝહબનો ફેલાવો, રૈયતને સુખી કરવાનાં સાધનો, અનિતીને નાબુદ કરવાનાં ઉપાયો, દુસમનાવટ કરનારાઓને દબાવી દેવાની કોસેશો, બેકારોને ધંધે લગાડવાની ગોઠવણો, તેમજ ગરીબ તથા તવંગરોને એક સરખા ગણવાની ફરજો, એવા વીચારોમાં સઘળો વખત પોતાનું કર્તવ્ય સમજીને ઘણા ઉમંગથી ભોગ આપીને સારી સંસ્થાઓ સ્થાપતા હતાં, એ ચીવટાઇનાં પરિણામે આબાદી વધતી ગઇ અને સરવે રૈયત આનંદમાં રહેવા લાગી, પણ જે હાંદેશા ઈસિમાઇલીઓને વખતો વખત દુશ્મનો તરફથી ભોગવવા પડયાં હતાં તે પ્રસંગોપાત ઘણીજ અસરકારક રીતે **હશન સબ્બાહ** કહી સંભળાવતો હતો, અને પાછા તેવી બલાઓમાં મુબતલા થઇને હેરાન પરેશાન થવું નહી પડે તેને માટે હુશીઆર રહેવા સુચના કરતો હતો.

એક હાજરીમાં **હશન સબ્બાહ ખ્વાનેનીઝારીયામાં** આવી કરી વખત જોઇને વિવેચન ચાલુ કરયો જે આપણે ઈસિમાઇલીઓએ સરવેથી સંપીને રહેવું એ બહેતર છે સાથે તે સંપથી પરીણામ સારો આવશે એમ જોવું જરૂરનું છે. કે ક્રુઝેડની યાદગાર લડાઈ વખતે ખ્રીસ્તી અને આપણે એક

સંપ થવાં માટે **જેરૂસેલમ**ના બાદશાહા **બોલ્ડવીને** જે તજવીજો કીધી. તેને તે વખતની આલમે વખોડી કહાડી ને આપણુને વગોવવા લાગી. જો કે આપણે સંપી રહેવામાં રાજી હતાં. એ વગોવવાનું કારણ એ હતું કે આપણા પાસે ઇમામની મોજુદગીના હીસાબે કેટલાક હુશદખોર અથવા પેટ માટે પાપ કરનારાઓ આપણા પાસેથી કાંઈ લાભ ન મળવાના સબબે બેવકુફ બાદશાહો તથા મતલબી રૈયતને ઉશકેરીને આપણાં ઉપર ઘાતકીપણું ગુજારતા હતા. જે વખતે મઝહબી ભાંજગડો જગે જગે વ્યાપી રહી હતી. તે વખતે આપણાં ઉપર ગુજરેલી બેહદ અને જબુન ધીકારવા જોગ સીતમગારીઓ અને મુસીબતોનાં આપણે બે ગુન્હા ભોગ થઇ પડયાં હતાં. તેવા લાંબો વખત સુધી દહેસતનાક સીતમ અને જુલમ સહેયાં છે, એવી આજારીયો અને જફાકારીયો કે જેથી ઇનશાનીયત થરથરી રહી હતી, તેવી ગઝબનાક તથા ત્રાશદાયક આવી પડેલી જાનપરની મુશીબતો વેઠી છે. માટે હવે સુસ્તી નહીં કરતાં હમેશાં પોતાનાં અંગ બચાવ માટે હુસીઆર રહેવું જોઇએ કારણ તાસુબ રાખનારાઓ આપણુને હેરાન કરે છે. તેનું સબળ કારણ એ છે, કે આપણે " હયાત " અને "હાજર" ઇમામનાં ચેલા છીએ. જ્યારે એ આપણું આકેબતનો ભાતું છે, તેને કોઈ પણ કાળે આપણે તજી શકતા નથી. અને જીવને જોખમે પણ ચલાયમાન થઇશું નહી. હવે ખ્યાલ કરો કે **હઝરત ઇમામ હુસેન** (અ) ના છેવટે ૭૨

બહોતેર સાથી રહયા હુતા તે વખતે ભલે બધી વસ્તી ઈસ્લામીઓ તરીકે પોતાને ગણુતી હતી. ત્યારે શુકર છે તે પરવરદીગારનાં કે તેજ **ઇમામ હુશેન** (અ) નાં પુર નુર **મોલાના શાહા હાદી** (અ) ની હુજુરમાં આપણે મોટી સંખ્યાનાં જોવામાં આવીયે છીએ. અને એક સલતનતનાં માલેક છીએ, એનાથી અગાઉ આપણાં ઇસમાઇલીઓને 'તકીયો' રાખવો પડતો હતો. સબબ કે જુલમી "અબા સાઇડો" નાં દોરમાં કોઇ પણ ઇસ્માઇલી સપડાઈ જતો હતો તો તેને જીવતો બાળી નાખતા હતા, અથવા તેને રીબાવી રીબાવીને મારી નાંખતા હતા એ કારણોનાં લીધે બીચારા આપણાં ઇસ્માઇલી ભાઇઓ સુન્ની ખલીફાઓની હકુમતમાં સ્વભાવિક પોતાના ઇમામની માન્યતાનો ભરમ છુપાવી રાખતા હતા, સબબ કે તેઓ પર ગુજરતી ત્રાસદાયક જપ્રાઓને તે જુલમગારો--જલાદ દુસમનો ગુન્હા તરીકે નહી ગણતાં સામે તેમાં માન અને સવાબ સમજતા હતા. જો કે વખત વહેવા સાથે ઇનસાફ સરવેને આપવો પડયો છે, અને તે દુશ્મનો આપણાથી પણ વધારે બલાઓમાં મુબતલા થયા છે; કારણ કે ખુદા ઇનસાફી છે, તે વખતથી આપણામાં છુપામણાની રૂઢી પડી ગઈ છે. પણ **અલ્લાહમદોલીલ્લાહ** તે જમાનો આપણાં ઊપરથી ગુજરી ગયો છે, ખરૂં પુછો તો એ છુપામણો ફકત **સુફી તરીકો** નહી સમજનારાઓ તથા જંગલી તાયફાવાલાઓ અને તાસુબ રાખનારા આલીમોનો ઉપકારી હતો તે

જમાનો જનુની દુસમનોની ચાલુ જફાકારીઓ અને ખોફનાક ઘાતકીપણાથી નીપજતી ધાસ્તીનું પરિણામ હતું, એ છુપામણાનાં સબબે આપણે અબુજ દુનીયાની આંખે બદનામ હતા, હવે તે જુલમથી ઘેરાયલું વાદળ આપણાં પરથી વીખરાઇ ગયું છે. માટે હીમત કરી બહાર પડીને આપણા હાજર ઇમામ **મોલાના શા હાદી** (અ) ની ખીજમત કરવા તયાર રહો, એટલું **હશન સબ્બાહ**નાં બોલી રહેવા પછી હાજર રહેલાઓ સાથે **હશન સબ્બાહે** મસેલત કરીને મઝહબ તથા રાજ્ય બંધારણનો ખરડો કરીને તેમાં ત્રણ તરફ કામ કરનારાઓનાં ક્રમવાર નામ મુકરર કરયાં પેલો " **રફીક** " તે ખાશ રાજ્યનો સલાહકાર બીજો " **દાઇ** " તે દીનની ખીજમત કરીને મઝહબનો ફેલાવો કરનાર ઉપદેશક, ત્રીજો " ફીદાઇ " એ રાજ્ય તથા ધર્મ ઉપરફીદા થનાર લશકરી સીપાઇ, એમ જાહેર કરીને **હશન સબ્બાહ** પોતાનો સઘળો વખત " **દાઇઓ** " ને " **રફીકો** " સાથે બેસીને ઇસમાઇલી મઝહબ પર આક્ષેપ મુકનારાઓને હક વાત સમજાવવા માટે ભીન્ન ભીન્ન કીતાબો લખીને અજાણ્યાને જણાવવાની કોશીશ કરતો હતો. તેમજ રૈયતે ધાર્મીક તથા રાજય કાયદાને માન આપવામાં કેવા ફાયદા સમાયલા છે. તથા પોતાના મઝહબની પુરેપુરી માહીતી મેળવવા સીવાય પરાયા મઝહબનાં બ્હારના દોર દમામ પર મોહી ઊલમાઓમાં ખપાવવા માટે પહેરેલા વેશને વશ થઇ અજાણી

વાતોને આધીન રહી. આકેબત ખરાબ કરનારી સ્થીતિમાં આવીને કમોતે મરવાથી હુશીઆર રહેવાને હમેશાં સાચી સમજુતી આપતો રહેતો હતો.

પરીણામે **મોલાના શાહા હાદી** (અ) નાં પ્રતાપે ઇસમાઇલીઓ આખી સૃષ્ટિમાં ઝળકવા લાગ્યાં, દ્રઢ મકકમ વિચાર અને આલી હીમતવાન ગણાવા લાગ્યાં, અને દુનીયાની નજરોમાં એક નીમકહલાલ અને બળવાન પ્રજા તરીકેની ગણતરીમાં આવ્યા.

× × × × × ×

**હશનસબ્બાહ**ના એક છોકરાએ "કોહીસ્તાન" માં ઇમામત **અમારા** ઘેરમાં છે, એવો દાવો કરયો, તે **હશન સબ્બાહને** ખબર પડતા તેને બંધીવાન કરી તેડાવીને પોતા સામે તેની ગરદન મરાવી.

"**શાહજાદા મુનીર**"

\+ + + + + +

**હશન સબ્બાહ**નાં છોકરા **હુસેને** કોઇ દાઇથી તકરાર થતા તેને મારી નાખ્યો જેથી **હશન સબ્બાહે** તેને મોતની સજા કરીને કતલ કરાવ્યો.

"**રોજતુલ સફા**"

\+ + + + + +

એક વખત એક જાણીતા માણસે આલમોતનાં કિલ્લામાં વાંસળી વગાડી તે મઝહબ વિરૂધ હોવાથી તેને શહેર બદર કીધો. તેનાં ખાનદાને ઘણી કાકલુદી કીધી પણ ઇનસાફની સામે **હશન સબ્બાહે** લાચારી દેખાડી કાયદા ને અમલમાં મેલ્યો.

**" જોન માલકમ "**

× × × × × ×

**હશન સબ્બાહ** જેવા તદન અપક્ષપાત અને બાહોશ નીડર નર જેણે ઇનસાફ ખાતર પોતાનાં છોકરાને કતલ કરાવવા ને પાછી પાની ન કરી તેવા વીરલાને મઝહબી ઝગડાઓનાં ગરમ બજારમાં દુશ્મનો તેને નીંદાને પાત્ર ઠેરાવે, તે અજબ જેવું નથી કારણ કે તે સમયનાં વિરોધી રાજકર્તાઓને **હશન સબ્બાહ** કાંટા સમાન ખટકતો હતો. પણ જેના પર કાયમ દાયમ ઇમામનો સાયો હોય છે તેને દુરીજનો શું કરી શકે છે.

**ખુદા અલી.**

અએ મોમીનો નહી હયે, ખુદા સે જુદા અલી,
હમ બંદે હયે ઉસીકે બ ખુદા હયે ખુદા અલી.

**" એખલાસ "**

——:o:——

# આલમોત પર હલ્લો

અને

# વિરોધીઓનાં સુલતાન તથા વજીરનું મરણ.

## પ્રકરણ ૧૫ મું.

---:૦:---

જેમ પરમાર્થી પુરૂષની કસોટી કરવા પરવરદીગાર તેને અનેક સંકટોમાં ગીરફ્તાર કરે છે, પણ તે સંકટો સંતોષ સાથે સહન કરી સચ્ચાઇને વળગી રહે તો અંતે તેની ફતેહ થાય છે, તેવી રીતે **હશન બીન સબ્બાહ**એ હજારો આફતો વેઠી, દુઃખોથી ડરી ન જતાં ચીવટપણે અને મકમપણે **મોલાના શાહા ઇમામુલ વક્તની** સાચા દીલે પહાડ સમાન દુખોને સુખરૂપી સમજીને સેવા કીધી. તેના ફળરૂપે વખતના વહેવા સાથે **હશન સબ્બાહ**ને નશીબ દેવી વરી અને રીધ સીધ ઇસમાઇલીઓનાં આગળે રમવા બેઠી.

એ હકીકત જ્યારે **નિઝામ ઊલ મુલ્કને** પહોંચી ત્યારે તેણે કરેલો દગો તેને યાદ આવતાં મનને ડંખવા લાગ્યો, અને મન સાથે કહેવા લાગ્યો કે હું તો ધારતો હતો કે, **હશાન સબ્બાહ** રખડી રજડીને મરી ગયો હશે પણ એતો સતાધારી થયો. હવે મને એ કોઇ પણ કાળે જીવતો રહેવા દે તેમ નથી ને જરૂર મેં કીધેલા દગાનો બદલો લેશે જો કે **હશાન સબ્બાહને** એ સ્વપને પણ ખયાલ નહતો, છતાં પાપી પોતે કરેલા પાપને પ્રતાપે કદી પણ ચેન લેતો નથી. તેવી કફોડી સ્થીતી **નિઝામ ઊલ મુલ્કની** થઇ પડી હતી. તેણે કરેલા કાવત્રાં તેને સ્વપ્ના સ્થીતીમાં ભયંકર ચીતાર તરીકે તેની સામે આવી ખડા રહેતા હતા. તેથી તે બહુ દહેસ્તનાક રીતે બુમો પાડીને ઘભરાઈ જતો હતો. હવે એ ભય પોતા ઊપરથી કેવી રીતે જાય તેની યુકિત શોધવા લાગ્યો.

એક દીવસ **સુલતાન સલજુકી** ખુશ મીઝાઝમાં બેઠો હતો, તે ટાંકણે જોઇને વજીર **નિઝામ ઊલ મુલ્કે** કહ્યું કે પેલો **હશાન સબ્બાહ** જે આપણી દરબારમાં થોડા દીવસ હતો. તેને આપ ગરીબપરવરે અપમાન કરીને કાઢેલ છે. તેના માટે મારા સાંભળવામાં આવ્યું છે કે ઈરાન પ્રગણામાં આવેલા “ **અલબુર્ઝ** ” નાં પહાડ પર આલમોત નામનો ૭૦ સીતેર હાથ ઊંચો અજીતગઢ બંધાવી ત્યાંનો સરદાર બની બેઠો છે. બીજી એ મને આપણા જાસુશો તરફથી ઘણીજ

છુપી રીતે ગંભીર ખબર મળી છે. કે તે આપે કરેલા અપમાનનો બદલો લેવા મોટા લશ્કરની તૈયારીઓ કરે છે. અને આપણે ગફલતમાં હઇશું, ત્યારે એકાએક આપણા પર છાપો મારીને આપણુને બરબાદ કરવાની ઇચ્છા રાખે છે, તેનાં બચાવ માટે આપણુને જરૂર છે કે મજબુત ગોઠવણો કરવી જોઇએ, જો કે તમો અનદાતા સીંહ જેવા સામે એ શીયાળવાની કાંઈ બીસાત નથી છતાં, કહેવત છે કે "તણુખલા સમાન દુશ્મનને પહાડ જેવો સમજવો જોઇએ" એની અનુસાર જો ઉતાવળે **હશન સબ્બાહ**ને દબાવી દેવા હુકમ બહાર પાડશો તો આપણા માટે ઘણું બહેતર થશે, આટલું બોલ્યા પછી સુલતાન ઉશકેરાઈ બોલ્યો કે વજીર! **હશન સબ્બાહ**નાં શા ભાર છે? તે આપણાં સામે માથું ઉપાડી શકે શું? એની મોતે તેને આપણી સામે થવાને સુચવ્યું છે બસ મને ખાત્રી થઇ ચુકી છે કે **હશન સબ્બાહ**ને હલાક થવાનો વખત નજદીક આવ્યો છે. નહી તો કદી પણ સુતેલા સાંપને છેડતે નહી. હવે એ આપણા હાથમાંથી છટકવો દુસવાર છે. તમો સત્વર જાઓ અને લશ્કરને તૈયાર થવા માટે ઓરડર કરો. અને આવતી પરમ દીને વહેલા સવારે કુચ કરીને આલમોત તરફ રવાના થાઓ હું પણ તમારી સાથે ચાલવા તૈયાર થાઉં છું.

વજીર સુલતાન **સલજુકી**થી છુટો પડીને ખુશી થઇને મન સાથે કહેવા લાગ્યો કે "ભાવતું હતું ને વૈદે બતાવ્યું"

તેથી મલકાતો મલકાતો લશ્કરી અમલદારોને પોતા પાસે બોલાવી સુલતાનનો થયેલો હુકમ કહી સંભળાવ્યો, જે સાંભળી અમલદારો સમજી ગયા કે એ સરવે કાવત્રુ વજીરનું છે, અને આપણાં ભોળા સુલતાનને ભંભેરીને નખોદ વાળવા બેઠો છે પણ લાચાર સુલતાનનો હુકમ માથે ઉપાડવો જોઇએ. તે પ્રમાણે દરેક અમલદારે પોતાનાં તાબાનાં લશ્કરને ખબર આપી દીધી. ત્રીજો દીવસ આવી પુગ્યો કે સુલતાન અને વજીર પોતા સાથે મોટું લશ્કર લઇને વેલે પરોઢીએ શહેર બહાર આલમોત તરફ જવાને બહાર પડયા.

બીજી બાજુ **હશન સબ્બાહ**નાં તરફદારીઓએ તરત આલમોતનાં કોટવાલ **ખ્વાજા નશીર તુશીને સુલતાન સલજુકી**ની તમામ હીલચાલથી વાકેફ કીધો, કોટવાલે **હશન સબ્બાહ**ને ખબર આપી કે **સુલતાન સલજુકી** પોતાનાં વજીર સાથે મોટું લશ્કર લઇને આલમોત પર ચહડાઈ કરી આવે છે તેનાં જવાબમાં **હશન સબ્બાહે** સરવે લડાઈ ખાતાનાં અમલદારો તથા લશ્કરી ફીદાઈઓને ભેગાં કરીને દુશ્મન પ્રબળ છે. માટે ખુદાપર ભરોંસો રાખીને ચીવટાઇથી લડવું એ સુચના કરીને કહયું કે હીંમતથી કામ લેજો સબબ આપણે ઇમામનાં સાહયા તળે હકપર છીએ તેથી અજીત છીએ. કદાચ મઝહબપર ફીદા થઈશું. તોપણ આપણી ફતેહ ગણાશે. એવા **હશન સબ્બાહ**નાં

અસરકારક સખુનો સાંભળી સરવે લશ્કરીઓ આલમોત ગઢમાં સુલતાન સામે ટક્કર ઝીલવા માટે એક બળે તૈયારીઓ કરવા બેઠા.

બીજી તરફ સુલતાનનું લશ્કર **ઇસફહાનથી** કુચ કરી આલમોત આવી પહોંચ્યું, અને ગઢને ઘેરો નાંખવાની તજવીજમાં પડયું, ત્યારે **હશન સબ્બાહે ખ્વાને નીઝારીયામાં** શહેરનાં અમલદારો અને **રફીક** સલાહકારોને એકઠા કરીને સલાહ કરીને કહેવા લાગ્યો કે ખાસ આપણા વિશ્વાસુ **ફીદાઇની** મારફતે ચોકસ ખબર મળ્યા છે કે સુલતાનને ભોળવીને **નિઝામ ઉલ મુલ્ક** ચહડાઈ કરી આવ્યો છે, તેથી સુલતાન કપટી **નિઝામ ઉલ મુલ્કનાં** કાવત્રાનો ભોગ થઇ પડયો છે. જેથી સમજાય છે કે સુલતાન તદન બે ગુન્હા છે, પણ કાંટો ફકત **નિઝામ ઊલ મુલ્ક** છે, તેનું જો કાસળ કાઢી નાંખીએ તો લાખો માણસોનું લોહી ન રેડાતા સરવે સમાધાની થઇ જાય તેવું સમજાય છે, માટે કળથી કામ લેવું ઠીક છે તે જો કામ ન લાગે તો પછી બળનો ઉપયોગ કરવો. એવો ઠરાવ કરીને ત્યાં હાજર રહેલા **ફીદાઇઓમાંથી** એક ઇસમાઇલી યોધ્ધાને બોલાવીને **હશન સબ્બાહે** હુકમ કર્યો, કે "દીલેર બેટા તું જા, અને યુકિત વડે એકલા **નિઝામ ઊલ મુલ્કને** ઠાર કરી આવ! એ સાંભળીને પહેલા શુરા સીપાઇએ જવાબ દીધો કે મારા સાચા સરદાર હું સરોચશ્મ તૈયાર છું. મારા દેશ અને મારા ખેશીઓ માટે હું મરવાને રાહત

સમાન સમજું છું, એમ બોલી જવાને તૈયાર થઇ કહ્યું કે હવે મારા ધર્મ બંધુઓને મારા છેલ્લા સલામ છે, તેમ કહેતો સરવે હાજર રહેલાઓની આશીશો લેતો ખુશાલ ચહેરે બહાર પડયો, અને ત્યાં પહોંચીને સુલતાનના લશ્કરમાં કુનેહ સાથે ભળી ગયો જ્યાં દાવ શોધવા લાગ્યો કે **નિઝામ ઉલ મુલ્કનો** ભેટો થાય તો મારા પર આવી પડેલી ફરજને અદા કરૂં. એવા વીચારમાં હતો એટલામાં **નિઝામ ઉલ મુલ્કને** ત્યાંથી પાસ થઇને પોતાનાં જનાનખાનાનાં તંબુ તરફ જતો જોયો કે તે **ફીદાઇ** સમય સુચકતા વાપરીને તેની પછવાડે હલકે પગલે ગયો. જ્યારે એકાન્ત જગા મળી કે તે બહાદુર સીપાઈ **નિઝામઉલમુલ્કની** સામે જમરાજની માફક આવી ઉભો રહીને કહેવા લાગ્યો કે એ દગાબાજ ઓળખ! હું તારો મલેકુલમોત તારી સામે ઉભો છું! તું જે પ્રપંચ કરી લાખો બેગુન્હાનું લોહી રેડવા માંગે છે. અને નાહક સુલતાનને ઉસકેરીને જે લાખો માણસોને રેંસવાની કમર બાંધી છે તે અમો જાણી ગયા છીએ. માટે હવે તું તારો ધર્મ સંભાળ અને છેલ્લા આ કરેલા પાપનો પસ્તાવો પરવરદીગાર પાસે રજુ કરી તૈયાર થા? હું ખાસ તારૂં નીકંદન કરવા આવ્યો છું. કેમ કે ગુનેહગારને તેને ફેંઝ પહોંચાડવા મને મારા સુરા સરદાર **હશન સબ્બાહ** તરફનો હુકમ છે. તે બજાવવામાં હું કદી પાછી પાની કરીશ નહી, એ વાકયો **ફીદાઇનાં** સાંભળી **નિઝામ ઉલ મુલ્ક** થર થર ધ્રુજવા લાગ્યો અને

ઘેલા ચેન ચાળા કરીને મદદ મેલવવાનું સીગનલ કરવા ચાહતો હતો કે તરત તે સીપાઈ બચ્ચાએ પાસે રાખેલી છુરી પહેરાવી દીધી કે વાત વાતમાં **નિઝામ ઊલ મુલ્ક** ભોંય પર તરફડીઆ મારીને મરણને શરણ થયો. એ ખબર જ્યારે લશ્કરમાં ફેલાઇ કે સુલતાનને તેની હેબત પડી ગઇ તે ફીકરમાં ને ફીકરમાં થોડા દીવસ પછી સુલતાનનું ત્યાંજ મૃત્યુ થયું ત્યારે સુલતાનનું લશ્કર સરવે નીરાધાર થઇ પડયું, તેથી આલમોતપરથી પોતાનો પડાવ ઉપાડી નીસાપુર તરફ પાછું ફર્યું, ત્યારે બીજી બાજુ વજીરને મારનાર યોદ્ધો આલમોતમાં પાછો સહી સલામત **હશન સબ્બાહ** પાસે આવી ઉભો રહયો તેને સારો જેવો ઇનામ એકરામ આપીને ખુશી કર્યો.

\+ \+ \+ \+ \+ \+

જ્યારે આલમોતને દુશ્મન બાદશાહા તરફથી ઘેરો ઘાલવામાં આવ્યો ત્યારે **હશન સબ્બાહે** પોતાની બીબી તથા બે છોકરીઓને પોતાનાં વિશ્વાસુ મિત્ર નામે "**રએશ મુઝફ્ફર**" ને હવાલે કરીને કહયું કે જ્યાં સુધી આપણા કીલ્લાને ઘેરો છે ત્યાં સુધી તેઓની સલામતી તારે રાખવી એઓને બીજા કોઇ પણ પ્રકારની મદદની જરૂર નથી. પોતાનું ગુજરાન એઓ કાંતીને કરશે.

**"જોન માલકમ"**

× × × × × ×

**હશન સબ્બાહે** સુલતાનનાં લશ્કરને વારંવાર મારી હઠાવ્યું હતું, એ સઘળું કાંઈ તેણે પોતા માટે કર્યું નહોતું પણ ઇમામ **મોલાના શાહા હાદી** માટે કર્યું હતું.

**"ખોજા તવારીખ."**

\+ \+ \+ \+ \+ \+

## નુશેરી કે ખુદા.

તલવાર દી અલ્લાહને બેટી દી રસુલીલ્લાહ ને,

બે શક નુશેરી કે હો ખુદા, મોલા અલી મુસકીલ કુશા.

**"અકબર"**


**ઇસમાઇલી બીરાદરોને સુચના**

મરહુમ મારતર હાસમ બોધાનાં લખેલાં પુસ્તકો નામે

**ઇસમાઇલી દર્પણ** તથા **ઇસમાઇલી પ્રકાસ**

અને **નુરે વાહાદાનીયત,** મંગાવો.

જે વાંચવાથી ઇસમાઈલીઓપર આક્ષેપ કરનારાઓને સમજાવવાની

રીગતો તથા જાણવા જોગ **"કુરાને શરીફ"** તથા

**"હદીશ"**થી ઇસમાઈલીઓની સરખામણી કરી છે.

ઠેકાણું **ખોજા સીંધી પ્રેસ,**

પાલખી મોહલા, **મુંબઈ.** પો. નં. ૯.

# આલમોતની ટુંકમાં ઇમામોની હકીકતો

અને

# આલમોતપર બીજો હુમલો.

## પ્રકરણ ૧૬ મું.

જ્યારે **હશન સબ્બાહે** રાજ વ્યવસ્થાની પુરેપુરી મજબુતી કરી સઘળી બાજુએ દુશમનો સાથે કુનેહથી કામ લેતો હતો, તેથી આખી દુનીયાપર એકે અવાજે **હશન સબ્બાહની** છાપ બેઠી ગઇ કે કોઈ જોરદાર સલતન્ત પણ તેની સામે આંખ ઉપાડી શકિત નહોતી, બલકે ઇસમાઇલીઓમાં એવો બળવાન એખલાશ હતો કે કોઈ શહેનશાહ વટીક પણ તેને સામે પગ જમાવાને અશકત હતો.

એવા જોર શોર ભરેલા દમામદાર વખતમાં પણ **હશન સબ્બાહ** પોતાના બળ ઉપર મગરૂર નહતો ને દુશમનો

સાથે ખુનરેજીમાં ન ઉતરતા હજારો બેગુન્હોપર કતલ ન ચલાવવા. સમાધાની થઇ જાય તેવા ઉપાયો કરતો હતો પણ છેવટે જ્યારે તેમાં નિશફળ નીવડતો હતો ત્યારેજ પુર દીલેરી સાથે દુસમનો સામે તલવાર કહાડીને બહાર પડતો હતો. તે તેના મકકમ વિચારનાં જોરે ફતેહ મેળવતો હતો.

**સુલતાન મલેકશાહ**ની હાર પછી એક બળવાન બાદશાહ કે જે **સુલતાન સજર**નાં નામથી ઓળખાતો હતો તેણે **હશન સબ્બાહ**ની ખ્યાતી સાંભળી. જેથી તેને દુશમની પેદા થઈ, તેથી તેણે પોતાના સુપહેસાલારને એક ચુંન્દો લશ્કર તૈયાર કરવાને કહયું. તે પ્રમાણે થોડા દીવસ બાદ સુપહેસાલારે **સુલતાન સજર**ની સનમુખ આવીને કહયું કે **જહાપનાહ** આપનાં ફરમાન મુજબ લશ્કર તૈયાર છે માટે હવે તેનાં માટે શું હુકમ છે. તાબેદાર તૈયાર છે તે સાંભળી સુલતાન સુપહેસાલારને કહેવા લાગ્યો કે મારો વિચાર આલમોતને પાયમાલ કરવાનું છે, સબબ કે **હશન સબ્બાહ** ત્યાં દીન પર.દીન મજબુત થતો જાય છે. જેથી મને ખુંચે છે કે કદાચ ભવિષ્યમાં આપણાથી સર થઇ જાય. માટે એકદમ સારૂં મુહુર્ત જોઇને આપણા તમામ લશ્કરને કુચ કરાવી બહાર પડો તેમજ લડાઈ માટે ખાધા ખોરાકી તથા હથીઆરોનું સરજામ પુરેપુરો સાથે લેજો, કારણ કે **હશન સબ્બાહ** એક એવું વફાદાર લશ્કર ધરાવેછે કે તેમાંનો એક સીપાઇ પણ કોઇ બાદશાહ ધરાવતો નથી. તેમજ મારા

સાંભળવા પ્રમાણે **હશન સબ્બાહ** ધારે તો મજબુત કિલ્લાઓમાંથી, તેમજ સખત પહેરેગીરોનાં અંદરથી, યા હજારો હથીઆરબંધ લશ્કરનાં વચમાંથી, અથવા ગમે તેવી બીકટ જગામાં છુપાઇ ગયેલો હોય, છતાં તેના દુશમનને બચવું એ ગોયા ગુમ્બઝ પર અખોરટ ઠેરાવા બરોબર છે. તેના માટે ખયાલ રાખવો જોઇએ કે એવા સબળ રાજ પર ધસારો લઇ જવો છે, એ બાદશાહનું કહેવું સાંભળીને વજીરે જવાબ આપ્યો કે અનદાતા ધારવાથી પણ આપણી તૈયારીઓ મોટી છે, માટે કોઇ પ્રકારની ચીન્તા કરશો નહી. અને આવતી કાલે સવારમાં આપણા લશ્કરને કુચ કરવાનું કહું છું. અને આપ ગરીબપરવર પણ તૈયાર રહેશો. એમ કહી લશ્કરને હુકમ કરવા વજીર બાદશાહ પાસેથી વિદાય થયો, બાદશાહે પોતાની તૈયારીઓ ચાલુ કરી બીજે દીવસે બાદશાહ તથા વજીર તમામ લશકરને સાથે આલમોત તરફ રૂખ કરીને પરાયણ કર્યું.

આ વાતની જ્યારે **હશન સબ્બાહને** ખબર પડી ત્યારે **ખ્વાને નીઝારીયા** ( નીઝારીયા હોલ ) માં પોતાનાં સલાહકારો " **રફીકો** " ને એકઠાં કર્યા, ને કહયું કે '**સુલતાન સજર** આપણા પર ચહડાઇ કરવા પોતાનાં વતનમાંથી નીકળી ચુકો છે, અને લગભગ પોતાની સરહદ ઓળંગીને આગળ વધ્યો છે, તેનાં સાથે આપણને કેવા પ્રકારે કામ લેવો તેનાં માટે તમારા વિચારોની જરૂર છે. હાજર

રહેલાઓએ જુદોજુદો મત રજુ કરયો, પણ સઘળાઓનો વીચાર એ હતો કે ફોકટમાં લોહી લુહાણુ ન વેરાતા બીજા કોઇ ઊપાય વડે એ મામલો વીરાંમી જાય તો ઘણું બહેતર થાય.

તેઓની સર્વે વીગત **હશન સબ્બાહે** સાંભળીને **ખ્વાજા નસીર તુશી** તરફ રજુ થઇને કહયું કે, સુલતાનની નીયત ખરાબ છે તેને ફકત આપણી એક ઢીલી જોઇને હશદ થયો છે, માટે જરૂર છે કે સુલતાનને સખત છાપ બેસાડવી જોઇએ અને કરી બતાવવું જોઇએ કે આલમોત વાસીઓ શું કરી શકે છે. કદાચ તે દાખલો લઇને નરમ પડી જાએ તો લાખો માણસોના જતા જાન બચશે. અને નાણાની પણ બરબાદી થતી અટકશે તે માટે આ પ્રસંગે તમોને સોંપું છું કે એક જોરદાર યોદ્ધો તમારી પસંદગીનો તૈયાર કરો.

**હશન સબ્બાહ**નાં આ વચન સાંભળી **ખ્વાજા નશીર તુશી** મુશકેરાયો અને કહયું કે નામદાર એક બદલે એકવીશ હજાર હાજર છે. શું કહેવું છે ઉતાવળે કહો એ પાસે ઉભેલો **અબુલ હશન** તૈયાર છે, ત્યારે **હશન સબ્બાહે** પુછયું કેમ **અબુલહશન** તમારો શું વીચાર છે. **અબુલ હશને** જવાબ દીધો કે મારા બહાદુર સરદાર આ બંન્દો આપનો હુકમ બજા લાવવા ઉમેદવાર છે, તેમ મારા ધર્મ બંધુઓ માટે મરવું એ રમત સમજવી તેવો મારા દીલને કરાર છે માટે સતવર કહો આપનું કહેવું માથે ઉપાડવું એ સેવકનો ધન્ય અવતાર છે.

એ સાંભળી **હશન સબ્બાહે અબુલ હશનને** કહયું કે જવામરદ સબુર કરો, એ કામ તમારેજ હીસે આવશે, એમ કહી એક કાગળ, દવાત, કલમ, લઇને નીચેની ઈબારતનું એક રૂકો લખી આપ્યો કે "અએ ગફલતીની ઊંઘમાં પડેલા બાદશાહ હુશીઆર થા અને વીચારી જો કે તેં કોની સાથે ? બાથ ભીડી છે. જો આ ખંજર જે જમીનમાં ખોડેલો છે તે ધારતે તો તારી છાતીમાં ઘણી સહેલાઇથી ઉતારી શકતે. કારણ કે આ સખત જમીનથી તારી છાતી ઘણી પોચી છે." મજકુર એ લેખ અને એક ખંજર **અબુલ હશનને** આપીને કહયું કે જયાં બાદશાહ સુતેલો હોય ત્યાં પહોંચે કે આએ ખંજર છે તેને જમીનમાં ખોસી આએ આપેલો રૂકો બાદશાહનાં તકીઆ તળે રાખી પાછો વરી આવજે, એટલું સાંભળતાં વેત સરવે હાજર રહેલાઓ પાસેથી રૂખશત મેળવીને પોતાને સોંપાયલા કામનું અંજામ લાવવા માટે ત્વરાથી રવાનો થયો, અંહીઆ જેના દીલમાં મઝહબી બીરાદરોનાં બચાવ કરવાનું પાવર ઉશકેરાતો હોય. તેને દીલે આએ સોંપેલું કામ કાંઇ બીશાદનું નહી સમજતો, સુન્ય રસ્તાની મહાન હાડમારીઓને આનંદ સાથે સહન કરતો આગાળ વધતો જતો હતો, લગભગ ચાર અઠવાડીએ જયાં **સુલતાન સજર** પડાવ નાંખી પડયો હતો, ત્યાં જઈ પહોંચ્યો, જયાં રાત્રીની ચુપકીદીનું લાભ લઇને સુલતાનના તંબુમાં દાખલ થયો. જયાં સુલતાન સુતેલો હતો ત્યાં ઓશીકા તળે

પેલો **હશન સબ્બાહ**એ લખી આપેલો રૂકો રાખી અને બીછાનાથી જરા દુર ખંજર ખોડીને તંબુના પાછલે રસ્તેથી પસાર થતા એક ચોકીબાને તેને રોકયો, તેથી પાસે રાખેલી રીવોલવરની ધમકી આપતાં તે ચોકીવાન પોતાની જાન બચાવવા ચું ચા કરયા વગર બાજુ હટી ગયો અને **અબુલ હશન** ત્યાંથી નીકળતા સીધો આલમોતને રસ્તે પડયો.

**સુલતાન સજર** સવાર પડતાં ઉઠયો આંખો ચોળી એમ તેમ દીવસ કેટલો ઉગ્યો છે તે જોવા લાગ્યો. જ્યાં તંબુમાં સૂર્યનાં ઝીણાં ઝીણાં કીરણ પડતા હતા તેથી ખોડેલો ખંજર ચમકતો હતો. તેનો ચમકાટ જોઇને સુલતાન ચમકયો અને પોતાના ખીદમતગારોને અંદર બોલાવીને કહ્યું કે જુઓ આ ચળકતી વસ્તુ શું છે જે જોતાં ખંજર દેખાયો સુલતાને તેને હાથમાં લીધું. તેવામાં નજર ઓસીકા તરફ પડી કે ત્યાં એક કાગળ પડયો હતો. તે ઉપાડી વાંચી જોતાં સુલતાન થર થર ધ્રૂજવા લાગ્યો અને ગભરાઇને અમલદારોને બોલાવીને કહ્યું કે ઉતાવળે આપણા વતને “ કાઝમીન ” તરફ પાછા વરો. આપણને **હશન સબ્બાહ** સાથે લડાઇ કરવી નથી. હુકમ થતાં લશ્કરે પડાવ ઉપાડીને ‘કાઝમીન’ તરફ પાછુંકુચ કરવા લાગ્યો. જ્યારે સુલતાને પોતાનાં એક ખેપીઆને આલમોત મોકલ્યો, અને **હશન સબ્બાહ**ને ખાહેસ દેખાડી કે આપણે સલાહ કરીએ માટે તમારા એલચીને મહેરબાની

કરીને " કાઝમીન " મોકલો, જો કે **હશન સબ્બાહ** સંપનો હેમાયતી હોવાથી પોતાનાં એલચીને " કાઝમીન " તરફ રવાનો કરયો એલચી **સુલતાન સજર**ની દરબારમાં પહોંચ્યો ત્યાં સુલતાને તેની ઘણી ઇજત કીધી અને જે કોલ કરાર બંને રાજ વચ્ચે થવાનાં હતા તે વાતચીત કરીને નકી કરયું, એ મુલ્લાઓને રૂચતું ન આવવાથી રૈયતમાં ઉસ-કેરણી કરીને એલચી જેવો દરબારથી બહાર નીકળ્યો કે તેને મુલ્લાઓએ મરાવી નાખ્યો જો કે એ બાયલું કામ સુલતાનની મરજી વિરૂધ્ધ થયું હતું. તેના માટે સુલતાને **હશન સબ્બાહ** પાસે દીલગીરી જાહેર કરી, તેનાં જવાબમાં **હશન સબ્બાહે** એલચીના ખુનીઓ સોંપવા એવી માંગણી કરી પણ સુલતાને ખુનીઓ સોંપવાની ઢીલ કરી તેથી **હશન સબ્બાહે** પોતાનું લશ્કર મોકલી " ગીલાન " ફતેહ કરીને ત્યાંના ગવ્હરનરને કેદ કરયો, **હશન સબ્બાહ** પછી જ્યારે તેનાં છોકરા **મોહમદ કીયા બુઝરગને** આલમોતની સર-દારી મલી, ત્યારે મોલાના **શાહા ખુદ જલાલુદીન હશન** ( અ ) એરાકનાં ગવ્હરનરને સામે લડાઇ જાહેર કરી " એરાક " તાબે કરીને ત્યાંનાં ગવ્હરનરને આલમોતમાં કેદ કર્યો. એ અરસામાં બે મોટા બાદશાહો એ ઇસિમાઇલી મઝહબનો અંગીકાર કર્યો હતો, અને ઇસમાઇલી ઇમામની વડપણ હેઠળ તેઓએ પણ ઘણી જીતો મેળવી હતી. ત્યારે અરબસ્તાન-એરાન કે અફગાનીસ્તાનમાં કોઈ એવું ઘર નહી

હશે કે જેમાં એક બે ઈસમાઈલી હસ્તી નહી ધરાવતા હોય, એ ઝમાનામાં કોઇ રૈયતની તાકાત નહોતી કે ઇસમાઈલી વીરૂધ્ધ કાંઇ બોલી જાય, પીઠ ફેરવતા પછવાડે ઈસમાઇલી દેખાય, મોઢા આગળ જોતા ઇસમાઇલી હોય આજુ બાજુ તપાસતા ઇસમાઇલી નજરે પડે જાણે તે જમાનો ઇસમાઇલીઓથી ઉભરાઇ જતો હતો, અને સઘળા દુશમનાવટ કરનારાઓની જબાન પર સીલ લાગી ગઇ હતી. એ અરસામાં મોલાના શાહા **અલઝીકરયાસલામ** ( અ ) ઇસમાઈલીઓનાં ( ૨૩ ) ત્રેવીસમાં ઇમામ તેવણુ હી. સ. ૫૫૭ માં ઇમામની મસનદ પર આલમોતમાં બીરાજ્યા, તેવણુ સાહેબે **સુફીઝમ**નો બહોળો ફેલાવો કરયો, તેથી ખુદાઇ નુર તરીકે ઇમામને ઓળખવાનું નુરાની પાવરનો જોશ વધી ગયો જેથી હકીકતી ઈશક સઘળા ઇસમાઈલીઓમાં દેખાવા લાગ્યો તેથી

## બેત.

**બર દાશ્ત ગીલ શહેર બતાઇદ એઝદી,**
**મખદુમ રોજગાર અલી ઝીકરત સલામ.**

### ભાવાર્થ.

જમાનાનાં સાહેબ, મોલાના અલી ઝકરીયાસલામે સરીયતના તોક ને ખુદાની મદદથી ઉપાડી કહાડી નાંખ્યો.

બાદમાં મોલાનાં **શાહા અલાઉદ્દીન મોહમદ** ( અ ) ઇસમાઇલી ( ૨૪ ) માં ઇમામ હી. સ. ૫૬૧ માં જ્યારે ઇમામનાં તખત મુબારક પર બીરાજ્યા ત્યારે તેવણે ઘણા ધાર્મીક તથા સંસારીક સુધારા વધારા કરી, તેવણ સાહેબ ૪૬ વર્ષ રાજ ભોગવી મોલાના **શાહા રૂખનુદીનખુરાશા** ( અ ) ને ઇમામતનું નુર સોંપી પોતાનો લીબાસ બદલી દીધો.

× × × × ×

હાલમાં પોપે જેવી બદનામી ફ્રીમેશનોને લાગુ પાડવા માંગી હતી. તેવીજ બદનામીને લાયક ઇસમાઇલીઓને તે જમાનામાં ધારવામાં આવતાં હતાં. ઇસમાઇલીઓ ખુલી રીતે યા જબરદસ્તીએ કોઇને પોતાના દીનમાં લેતાં નહી, ફકત સમજાવટથીજ કામ બજાવતા હતા. પણ તેઓનાં દુશ્મનો " કુફરો પર જિહાદ " એવો જનુની પુકાર ઉઠાવતા અને બધે બધ ખુનરેજી ચલાવતા હતા. તેઓ બીજાની જાન કાંઇ બીશાદમાં સમજતા નહોતા. તોપણ તેઓ ઇસમાઇલીઓને તેમનાં ખરા નામથી બોલાવવાને કોઇની પણ હીંમત ચાલતી નહોતી. એટલી બધી એ બળવાન પક્ષનો ગુસો ખેંચી લેવાની તેઓને સખત ધારતી રાખવામાં આવતી હતી.

**" દુમાસ્યા "**

× × × × ×

એવા તો અનેક હુમલાઓ વારંવાર આલમોત પર જુદા જુદા બાદશાહો તરફથી થતા રહયા હતા. છતાં ઇસમાઇલી-ઓએ જવા મંરદી અને પુર દીલેરીથી દરેક વખતે તેઓને મારી હઠાવ્યા હતા, એવી જાનફેશાની અને મઝહબી ઇમાનદારીને પ્રતાપે આજે જગજાહેર ત્યાંનાં ઇસમાઇલીઓનાં નામો અંતઃકરણપર સોનેરી અક્ષરે લખાએલા દેખવામાં આવે છે, અને એ બીનાને નવ સદી વહી ગઇ છતાં તેઓને સંબંધી માન સાથે યાદ કરે છે. જ્યારે બીજી તરફ વિરોધધીઓ વેરભા-વથી યાદ કરે છે એકંદર તેઓનું નામ આજે જંહારોશન છે.

**આદમ.**

ખાકી ખલ્કકા પ્રેમ પીઆં સો આદમ બન કર આયારે,
ઇસ બાડી મે ખેલ ખેલ કર માલી બનકર આયા રે.

---

## બાબી—તે ઇસ્માઇલીઆથી કે અશનાસરીયાથી ?

આ સવાલ, મી૦ કાબાએ કરેલ તેનો રદીઓ સતાવાર અંગ્રેજી પુસ્તકોના આધારે બુકદ્વારા ટુંક મુદતમાં બહાર પાડવામાં આવશે.

**લેખક–કાસમઅલી લધાભાઈ**

ઠે. સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ નં. ૯.

# બાતેન્યા, કરામતી, બાબી, હશીશીન, ટોળાઓ

## ઇસમાઇલી હતા નહી તેનાં પુરાવા;

### પ્રકરણ ૧૭ મું.

જેમ ભલાની જોડીમાં બુરો હોય છે. કે જે વડે ભલાની ભલાઇ રોશન થાય. તેવીજ રીતે સત્યને જાહેરમાં લાવવા માટે તેનાં શત્રુ તરીકે અસત્ય તેને વગોવવા દરેક પળે તૈયાર રહે છે, જો કે ટુંક બુધ્ધિવાળાઓ તેની ભ્રમણામાં ભુલી જાય છે, છતાં સત્ય વેલો અથવા મોડો અંજવાળામાં આવવા વીના રહેતો નથી, એવીજ રીતે હમેશાં આ અસાર સંસારમાં ક્રમવાર થતું રહયું છે, તે પ્રમાણે ઇસમાઇલીઓ માટે પણ બનતું રહયું છે. તેમાં અચરત થવા જેવું નથી.

ઇસલામમાં આજે (૭૩) તઉતેર ફીરકાઓ હસ્તી ધરાવે છે, તે માંહેનો ઇસમાઇલી પણ એક ફીરકો છે એ

ઇસમાઇલી ફીરકો દુનીયાનાં તમામ ભાગોમાં પ્રસરાયેલો છે. જેઓ સઘળા હાજર નાજર ઇમામની હીદાયતથી વર્તનારાઓ છે, તેથી સરવે ઇસમાઇલીઓના મઝહબી "**ઉસુલ**" એકજ **હોય** છે, જો કે ક્રીયાઓમાં અથવા ભાષાનાં હેરફેરનાં સબબે ફરક સમજાય છે, પણ મુળ નેમ ઇમામની તાબેદારી કરવી, તેઓના ફરમાન મુજબ વર્તવું. એ મુખ્ય તેઓની અએન ફરજ છે, હવે તે દેશાવરોમાં અથવા તેના લગભગનાં દેશોમાં જ્યાં **હશન સબ્બાહ** થઈ ગયો છે. ત્યાં વસતાં ઇસમાઇલીઓ ફકત "**મોલાઇ**" "**ઇસ્માઇલી**" અથવા "**નીઝારીયા**" નાં નામે ઓળખાય છે. બાકી બીજા ટોળાઓને ઇસમાઇલીઓ તરીકે વર્ણવી ને વિરોધીઓએ વેર ભાવે ઇસમાઇલીઓને જે બદનામ કર્યું છે. તેઓની આશા ફકતપોતાનો મતલબ સાધવાની હતી, કારણ તે જમાનાની હવા ઘણી ઝેરી હોવાથી દુનીયામાં મઝહબી ઝગડાઓને લીધે બખેડાઓનો બજાર ગરમ હતો, "મોલવીઓ" "મુલ્લાઓ" તથા "મુફતીઓ" નવી નવી પધ્ધતિ પર નવા નવા ટોળા ઉભા કરતા હતા, તેઓનો મુળ હેતુ સ્વાર્થ સાધવા સીવાય બીજુ કસું નહોતું.

જ્યારે નવા ટોળાઓ ઉભા કરતાં હતાં તે ટોળામા "**ઉસુલો**" "**સુફીઝમ**" અને **ઇસમાઇલીઓ**થી મીલતા જુલતા રાખતાં હતાં, તેથી ટુંકી બુધ્ધિ ધરાવનારાઓને પાથરેલી પ્રપંચની જાળમાં તેઓ સપડાવી પોતાની મોજ શોક

માટે હથીઆર બનાવી પોતે તેઓની આડમાં રહીને મતલબ સાધતા હતા. અને જયારે તે બાપડાઓપર તકલીફ આવી પડતી હતી, ત્યારે લાઇલાજ થવાથી ઇસમાઈલીઓના મોટા સમુદાયમાં ભળી જઇને પોતે કરેલાં હલકા કર્તવ્યોની નામના ઇસમાઇલીઓને લગાડતાં હતાં, જો કે તે દરમ્યાન ઇસિમાઇલીઓ હુશીઆર થઇ જતા હતા તો તેઓની બરોબર ખબર લેતા હતાં. જેની દલીલો નીચે ટાંકી બતાવેલ છે. જે પરથી પ્રિય વાંચક સહેલાઇથી સમજી શકશે.

× × × × ×

## કરામતા ઇસિમાઈલી હતા નહી તેના પુરાવા.

કરામતા એ ધુતારા ટોળાનાં પ્રપંચથી તેનું નામ કરામતા પડયું. તેનો વડો જાણીતો ધુતારો ઇ. સ. ૮૯૧ માં થયો હતો જેનું નામ "**કરમ**" અથવા "**કરમતીયન**" હતું એ પંથનો વડો તેનો નામ "**અબુઝરર**" હતું તેણે હઝરત **મોહમદ મુસ્તફા** ( સ ) નાં ફરમાનો ઉંધા વાળવાની કોશીશ કરી હતી, પ્રથમ તેણે કોહીસ્તાન કુફા ભણી આવી તેણે પવિત્રતાઇ જણાવી દીવસમાં લગભગ પચાસ વખત બંદગી કરી લોકોને ઢોંગથી વિશ્વાસમાં લઇ લીધા હતા. અને કહેવા લાગ્યો કે **હઝરત મોહમદ** ( સ ) પછીના કેટલાંક ઇમામો તેના ફરમાનમાં છે એમ કરીને પોતાનાં પંથને મજબુતી આપવા માટે ઘણા લોકોને પોતા તરફ વાળી લીધા હતા, અને તેનાં પર બાર

ધર્મ ગુરૂઓને શીખવવા નેમ્યા, તે પછી એ સીરીયા તરફ ગયો. ત્યાંથી કદી પાછો ફર્યો નહોતો, એનો પંથ ખલીફ **મોતમીદ**ના અમલમાં ફેલાયો હતો, અને તેઓ અરેબિયન "એરાક" અથવા "ખાલદીઆ" માં એકઠા થતા હતા તે પછી તેઓ ખલીફની સામે થયા, ઈ. સ. ૯૩૧ માં "મકકા" પર હુમલો લાવીને "ઝમ ઝમ" ના કુવાને અપવિત્ર કીધો, તેમજ સર્વતા લુંટ ચલાવી "સંગે અસવદ" (પવિત્ર કાળો પથર) લઇ ગયા પણ તેઓએ ઇ. સ. ૯૫૦ માં પાછો લાવીને અસલ જગોએ મેલી ગયા, એ પંથમાં પછી ધીરે ધીરે તડા પડતાં તે નાબુદ થઈ ગયો.

**(જ્ઞાનચક્ર)**

× + + + +

## પુરાવો બીજો.

જયારે (મોલાના શાહા) **માએઝ** (અ) નું લશકર ઇ. સ. ૩૫૭ માં પોતાનાં ગુલામ **ઝોહર**ની સરદારી હેઠળ રહીને મીસરના મઝબુત કીલ્લાઓ ઉપર ચહડાઇ કરીને ફતેહ કરયું ત્યારે "મેદીઆ" કીલ્લામાંથી પોતાની રાજધાની ઉપાડીને **કેરો** શહેરમાં સ્થાપી મીસર દેશ તાબે લીધા પછી તેવણે અરબસ્તાન જીત્યું **મકકા** અને **મદીના** માં (મોલાનાં શાહા) **મોએઝ** (અ) નું રાજ ચાલવા લાગ્યું. ત્યાર પછી **દમાસ્ક**માં ફતેહ મેળવી **શામ**નાં આખા પ્રાંતને જીતી

લીધું. તે વખતે એક " **કરામતા** " ટોળુ કે જે ભુંડા કામોથી જાણીતું હતું. તેને તાબે લઇ સજા કીધી.

( જ્ઞાનચક્ર )

\+ + + + +

## પુરાવો ત્રીજો.

( મોલાના શાહા ) **અઝીઝ** ( અ ) હી. સ. ૩૬૫ માં તખ્ત નશીન થયા પછી શાહા **અઝીઝે** " સામ " અને " હીઅઝ " નાં મુલ્કો તાબે કરયા, એવણુની કારકીર્દીમાં **અલગીઝ** બગદાદથી **શામદ** તરફ લશકર લઇ આવ્યો. અને એક કરામતા ટોળાના **હશન** ઇબ્ને **મોહમદકરામતી**ની મદદ સાથે શાહા **અઝીઝ**ની સામે થયો પણ **અલગીઝ**ની નજર જયારે ( ઇમામ ) વાવટા તરફ પડી કે તરત ઘોડા ઉપરથી ઉતરી પડયો, અને પીયાદો આવીને ઘોડાનાં રીકાબને ચુમવા લાગ્યો. જયારે કરામતીએ એ હાલત જોઇ ત્યારે બીકથી નાશી ગયો, અને **અલગીઝ** થર થર ધ્રુજવા લાગ્યો.

( જ્ઞાનચક્ર )

\+ + + + +

## બાતેન્યા ઇસમાઇલી હતા નહી.

જ્યારે અમોને " **સુફીમત** " માટે માન છે ત્યારે **બાતેન્યા** ટોળો પણ એક સુફી પંથ માંહેની શાખા છે પણ **ઇસમાઈલીઓ બાતેન્યા** તરીકે સાબીત થઈ શકતા નથી

જો કે **બાતેન્યાને** અમો વીખોડવા તૈયાર **નથી** કારણ તેનો પાયો સુફી મતપર રચાયલો છે તેથી તેણે જરૂર સીધો રસ્તો અખતીયાર કીધેલો હશે તે નીસંદેહ છે, **સુફીપંથ** એ **રૂહાની** પાવરથી કામ કરનારૂં તથા **વાહાદાનીયત** (મારફત) ને ઓળખવાવાળો હોય છે.

હવે **સુફીમત** વીષે " **અહેલે સુન્નત** " નું કહેવું છે કે હઝરત **રસુલ મોહમદ મુસ્તફા** (સ) પોતે **સુફી** હતા તેનાં ટેકામાં " **કુરાન** " તથા " **હદીશ** " ની દલીલો ટાંકી બતાવે છે. ત્યારે બીજી બાજુ " **એહેલેસીયા** " નું કહેવું છે કે હઝરત **મોલા મુરતઝાઅલી** (અ) એ સુફીઓના સરદાર અને ઉસતાદ હતા, તથા તેવણનાં ફરઝંદો પણ **સુફીઓ**નાં ખાસ સલાહકારને રહેબર હતા, હઝરત **મોલા મુરતઝાઅલી** (અ) એ પોતે આ સુફીઝમ મતનો પ્રચાર કરવાને પોતાના ફરઝંદો બે હઝરત **હુસેન** (અ) તથા હઝરત **હશન** (અ) તથા બીજા જણ બે બશરાનો રહીશ **હુસેન** તથા બીજો **ઝએત**નું ફરઝંદ " **કુમીયલ** " મળી જણા ચારને નેમયા હતા. જેવણ લોકોને **સુફીપંથ**ની " **વાહાદાનીયત** " તથા **ઇબાદત** કરવાની પચરવી તથા ઈશકે **હકીકી** પ્રાપ્ત કરવાની કુંચી અને **મુરશીદ**ની મોટાઇ વીગેરેની ભેદ ભરેલી વીગતો સમજાવીને સુફીપંથમાં દાખલ કરતા હતા.

તેઓ પાસેથી **સુફીમત** કેટલાક " **ખલીફાઓ** " તથા **બાદશાહો** તથા સુફી ટોળાના **ઊસ્તાદો**એ અને **શુફી**

ઝમના સ્થાપક મોટા આલીમોએ મેળવ્યું હતું, જો સુફી મતનો એક સ્થાપક ગુજરી જાય તો તે બાદ તેની જગોએ તેનો મોટો શિષ્ય આવે તેમ કોઇ સ્થાપક પોતાની હયાતીમાં પણ પોતાનો હોદ્દો પોતાનાં ચેલાને આપી શકે છે, અને તેને બીજા ચેલાઓ તરફથી પોતાના ઉસ્તાદનો જબો પહેરાવવામાં આવે છે.

* * * * * *

એ સુફી ટોળો **એતાહાદીયાહ** હતો અને તેમાંથી તેની શાખા તરીકે બીજો નામ **વાહાદાનતીયાહ** બાહર આવ્યો અને તેમાંથી ક્રમવાર વીશ શાખાઓ થઇ જેના નામ નીચે લખેલા છે. તેમાં " બાતેન્યા " નો પણ સમાવેશ થઇ જાય છે.

| | | | |
|---|---|---|---|
| ધેહેરી | શમરેકીયાહ | વકુફીયાહ | નુરીયન |
| વાશલીયાહ | માહાબીયાહ | તસલ્લેમાં | બાતેન્યાહ* |
| હબીબીયાહ | મુલ્લામતીયાહ | તલકીનીયાહ | જહુદીયાહ |
| ઊંલીયાહ | હલ્લેયાહ | કમાલીયાહ | આશ્કીયાહ |
| મુશરકીયાહ | હઉરીયાહ | ખામીહાં | ઝમખુરીયાહ |

(**દબીસ્તાન**)

* * * * * *

એવી રીતે સુફીઓની જુમલે વીશ શાખાઓ છે તે વાંચતા સમજાય છે કે **બાતેન્યા** એક સુફીમતનું ટોળું

હતું, અને **હશન સબ્બાહે** જ્યારે ઇસમાઇલી મઝહબનો અંગીકાર કર્યો ન હોતો ત્યારે તે **બાતેન્યા** ટોળા માંહેનો એક મેમ્બર હતો, પણ તેથી એ ટોળો કાંઈ ઇસમાઇલી સાબીત થઈ શકતો નથી.

* * * * * *

આગા મોહમદઅલી તે કેરમાનશાહાનો મુસ્તહેદ હતો. એ મુસ્તહેદ બાદશાહનો ઘણો માનીતો હતો. તેમજ વિશ્વાસુ હતો. તેનાં સાથે **જોનમાલકમની** મુલાકાત થઇ તે દરમ્યાન આગા મોહમદઅલીએ કહયું કે સુફીઓના ટોળા વીસ છે.

**( હીસટોરી ઓફ પરશીયા)**

* * * * * *

તુશી લખે છે કે **સુનીયોનાં** ફીરકા (૬૫) પાંસઠ છે. ત્યારે **સીયાઓનાં** પાંચ છે, તે સીયાઓનાં ફીરકા પાંચ નીચે મુજબનાં છે "ઇસમાઇલીઆ" "જહીદીયાહ" "કેએશાનીયાહ" "ગાલુ-લીયાહ" "ઇશનાસરીયા"

**( જાફર તુશી )**

* * * * * *

**ઉપલા લખાણપરથી ખુલે ખુલ્લું સમજી શકાય છે કે ઇસમાઇલી મઝહબ કાંઈ વધારે તફરકા ધરાવતો પંથ નથી પણ કેટલાક અદેખાઓએ પોતાની શત્રુતાઇનો ઉભરો કાઢવા**

ખાસ તેને નીંદવા માટે બહાર પડી આકેબતની તકલીફ વહોરી લેવા ને જીવતોડ મહેનતે ખંડન કરવાની કોશીશે કરી છે. પણ જ્યાં **રૂહાની પાવર** ઉછળતો હોય અને હાજર ઇમામ હસ્તી ધરાવતા હોય ત્યાં કોઇની કાંઇ બીશાદ નથી કે ફાવી શકે. ઉલટું સુર્યસાંમે ધુળ ઉડાડનાર જેવી તેની કફોડી સ્થિતી થઇ પડે છે.

## બાબી ની ઉમતી કાંઇ ઇસમાઇલીયાથી નથી.

હી. સ. ૧૨૬૦ થી **બાબી** મઝહબની શરૂઆત થાય છે, **મીરઝાઅલી મહમદ બાબ** નામનો શખ્સ **બાબ** તરીકે ઓળખાતો હતો કે જેના મુરીદોએ તેના મલતા નામથી **બાબી** નામ અખત્યાર કર્યો છે, **મીરઝા અલીમહમદ બાબનું** જન્મ ઇ. સ. ૧૮૨૦ માં **સીરાઝ**માં થયો હતો. તેનો બાપ **મીરઝા રીઝા** કાપડનો વેપાર કરતો હતો, જોકે તેનાં સંજોગો સરખામણીમાં ઘણા હલકા હતા. છતાં તે મોટો માન મોભો ભોગવતો હતો. જેવો માન મોભો **સૈયદોને** દેવામાં આવે છે, બાળવયમાં **મીરઝાઅલી મહમદ** મદરેશા માંથી સીખવાનું મુકીને પોતાના બાપ સાથે ધંધામાં જોડાયો, તેનો બાપ ગુજરી જતાં તે તેનાં મામા **હાજી સયદઅલીને** ત્યાં **સીરાઝ** મુકીને એરાની અખાતમાં આવેલા **બુશાયર** નામના ગામમાં રહયો.

એક વખતે **મીરઝાઅલી મહુમદ** કેટલાક દબાણોથી પવિત્ર સ્થળની મુલાકાત લેવા **કરબલા** આવી પહોંચ્યો. જયાં કેટલાક દીવસ રહયો ત્યાં એક દીવસ **સૈયદ કાઝીમ**ની આસપાસ એક ટોળું બેઠું હતું. ત્યાં એક નવા શખ્સે આવી દરવાજા આગળ બેઠક લીધી તે બીજો કોઈ નહી પણ **મીરઝા અલીમોહમદ** બુશાયરથી આવેલો તે હતો.

થોડા દીવસ હાજરી આપીને **મીરઝા અલીમહમદ** એકાએક બુશાયર ચાલ્યો ગયો, અને **સૈયદ કાઝીમ** કે જે ઈશિનાસરીયોનો મુસ્તહેદ હતો. તે વારસ નેમવા વગર એકાએક ગુજરી ગયો. **સૈયદ કાઝીમ** જ્યારે **સંકરાત**માં પડયો હતો, ત્યારે તેનાં ચેલાઓ બીછાનાની ચોતરફ ઉભા રહી રડતા હતાં. ત્યારે **સૈયદ કાઝીમે** કહયું કે "તમો એવું નથી ઇચ્છતા કે હું જાઉં એટલે સચાઇ જાહેર થાય" હવે એ સચાઇ કેમ અંજવાળામાં આવસે તે ફકત અંધારામાંજ સુચવ્યું હતું, તેથી તેના ચેલાઓને સમજણ નહી પડતા સકમંદ અને દીલગીર થયા. એ ચેલાઓ માંહેનો એક ચેલો **સૈયદ હુસેન** સીરાજ ગયો. ત્યાં પહોંચ્યાં બાદ **મીરઝા અલી મહમદ**ની મુલાકાત લીધી અને **સૈયદ કાઝીમ**ની મૃત્યુની હકીકત પેલેથી છેલે સુધી કહી સંભળાવી અને કહયું કે **સૈયદ કાઝીમ**નાં મૃત્યુ વખતના ઓચરેલા બોલોએ અમોને ચીન્તામાં નાખીને સકમંદ બનાવી દીધા છે. આ પ્રસંગે **મીરઝાઅલી મહમદે** એનો અધુરો મન જોઇને કહેવા લાગ્યો કે મરહુમ

**સૈયદ કાઝીમ** તરફથી થએલી આગાહી એ ખુદાનાં ઝરાનો રસ્તો છે, બીજા શબ્દમાં બાબ યાને દરવાજો છે, કે જે દવારે માણસો હજારો વરષો સુધી પોતાનાં ઈમામથી સંબંધ રાખી નહી શકતા હતાં. તે સંબંધ હવે પુરીથી જોડી શકાશે, જો કે એ બીના નહી માની શકાય તેવી હતી. પણ અજાયબી સાથે **સૈયદ હુસેન**ના મગઝમાં એવી અશર કરી ગઇ કે તરત તેનો મન બદલાઇ ગયો, અને પોતે **મીરઝા અલી મહમદનુ** મુરીદ બની, ને "**બાબ**" તેણે જે દાવો રજુ કર્યો હતો, તેને **હુસેને** સ્વીકાર્યો, તેથી સાબીત થાય છે કે ઇશનાસરીએજ **બાબી** ધર્મ સ્વીકારવાની પહેલ કરી છે. બાકી ઇસમાઇલીઓનું તેઓ સાથે કાંઈ લાગતું વળગતું નથી.

## અસલ "હશનીન" નો અપભ્રંશ "હશીશીન" થયો છે.

કેટલાક લેખકો એ અજાણ્યાઓ પાસેથી વીગતો મેળવી યાતો ઈસમાઈલીઓથી દુસમની રાખનારાઓ પાસેથી બાતમીઓ મેળવી ને જે ઇસમાઈલીઓને **એસેસીન્સ** તરીકે ઓળખાવે છે. એ તદન હડ હડતું ખોટાણું છે કારણ ઈસ્માઇલીઓ પોતાનાં રહેબરની છત્ર છાયા હેટે બેસીને હમેશાં સત્યજ ગ્રહણ કરતા રહયા છે, જો કે રાજ ખટપટમાં અથવા રાજની પોલીટીકલ મેટરમાં ઉતરીને કોઇ કારણનાં સંજોગો વચે અથવા ન ચાલતાં દુશમનપર વાર કરી પોતાનો

અથવા પોતાના રાજ રૈયતનો બચાવ કરવો તેને ખુની તરીકે લખી નાખવું એ વીચાર વીનાની નાદાની સીવાય બીજુ કાંઇ ગણાંસે નહી, અને જે જે પ્રસંગે ઇસિમાઇલીઓએ તલવાર ચલાવી છે. તે વખતે હજારો, લાખોનું લોહી.રેડી ઝમીન રાતી તરબોળ નહી કરતાં ફકત એકનું નીકંન્દન કરી લાખોની જાનો બચાવી છે. તેથી શું તેઓ ખુનીમાં ગણાશે? નહી હરગીઝ નહી! કદી નહી, પણ જે શખ્સોનાં અંતઃકરણમાં હસદ અને કપટ-તાનો ઉભરો ભરયો હોય તેને અવસ્ય ખાલી તો કરવો જોઇએ. તે જયારે મરદાઇથી ઇસિમાઇલીઓ સામે પગ નહી જમાવી શકયા ત્યારે બાહેલાપણું અખતયાર કરીને તેઓ પણ ખોટા આક્ષેપો મુકીને તેઓને બદનામ કરવા લાગ્યા, એવા સંખ્યા-બંધ ખોટા લખાંણોનું બીજુ કારણ એ પણ છે કે અજાણ્યાં લેખકોએ વિરોધીઓનું વેરભાવે કહેલું સાચું માનીને લખી મારયું, પોતાતરફ એક સબળ ટોળાની ઇતિરાજી ખેંચી લેવા જે અળખામણા થયા છે, એ ઇચ્છિવા જોગ નથી જો કે ગુન્હા તે લેખકોના નથી કારણ તેઓએ તો સાંભળેલુ લખયું છે.

તે વખતે કેટલાક મુસાફરો ઇસમાઇલીઓને "**હશનીન**" તરીકે ઓળખતા હતા. તે નામ બદલાઇને '**હશીશીન**' પડી ગયેલ છે. એ "**હશીશીન**" નું મતલબ ખુની થતો નથી તયારે એક ફીરકાનું નામ કાંઇ પણ અર્થ વીનાનું હોય એ. બનવું અશકય છે પણ ખરૂં તો "**હશનીન**" છે તેને આગળ વધીને વળી અંગ્રેજીમાં

" **એસેસીન્સ** " તરીકે ઠોકી બેસાડયું છે. એ સઘળી ગેર સમજુતી ઉભી થવાથી નામ **અપભ્રંશ** થઇ ગયું છે.

વળી કેટલાક ડાહલાઓએ " **હશીશ** " ને ભાગ તરીકે ઓળખાવ્યું છે એ પણ તદન ખોટું છે " **હશીશ** " ભાગ થઇ શકિત નથી. પણ ભાગ નીશાવારી ચીજને " **જામેઉલ લુગાત** " માં " **વરકુલ ખીયાલ** " કહેવામાં આવ્યું છે. ત્યારે " રીચારડ સન " ની ડીકશનેરીમાં ભાંગ ને " **વરકુલ-કુમ્બ** " કહેવામાં આવ્યું છે. ત્યારે " **હશીશ** " એ ભાગ ઠરતી નથી. તેમજ ઈસ્માઇલીઓને " **હશીશ** " સાથે કાંઇ પણ સંબંધ નથી.

* * * * *

અમલમાં " **હશનીન** " ઉપરથી **એસેસીન્સ** બદલાઇ ગયો છે.

' જોનમાલકમ '

* * * * *

ઉપલા તમામ ખુલાશા ઉપરથી સમજી શકાય છે કે ઇસ-માઇલીઓનું ઉપલા ચાર નામો સાથે કાંઇ લાગતું વળગતું નથી તેઓ "**ઈસ્માઇલી**" "**મોલાઇ**" તથા મોલાના શાહા

**મુસ્તનસીરબીલ્લાહ** ( અ ) નાં ફરઝંદ **મોલાના શાહા નીઝાર** ( અ ) નાં વખતમાં ફાંટા પડવાથી ઈસમાઈલીઓએ પોતાને " **નીઝારીયા** " તરીકે પણ ઓળખાવ્યાં છે. તેના સીવાય વધારે જે નામો ઇસમાઇલીઆ ફીરકાને આપવામાં આવે છે તે લેખકોની ભુલનું પરિણામ છે અથવા વિરોધીઓનાં વેરભાવનું ચીતાર છે.

## ઝીકરેઅલી.

ઝીકરે અલી તીલાવતે કુરઆંસે કમ નહી.
અદના ગુલામ શાહ કા સુલેમાં સે કમ નહી.

" શેનક "


## વાંચી જુઓ.

## ઇસમાઇલી-ભોમીઓ

લખનાર-ખોજા કાસમઅલી લધાભાઈ,

ઠે.—ન્યુ સેન્ડ હર્સ્ટ રોડ,

પોસ્ટ નં. ૯ પાસે-મુંબઈ.



# બનાવટી સ્વર્ગના લખનારાઓનું પોકળ અને સત્ય હકીકત.

## પ્રકરણ ૧૮ મું.

ઇસમાઇલી મઝહબ વીષે પુરી વાકફીયત મેળવ્યા વગર કેટલાક અર્ધદગ્ધ નકલી વિદ્વાન લેખકો **હશન સબ્બાહ** જેવા તેજસ્વી પુરૂષ માટે જે ન છાજતાં કલંકો વાપર્યાં છે. તેમાં બનાવટી સ્વર્ગની વિશાળ અને રંગીલી વાત ભયંકર સાધન તરીકે ચીત્રીને પોતાની વિદ્વતા ઇસલામના પાક સિધાંતોને આડે રસ્તે દોરવવા પોતાની જે કીમત અંકાવી છે. તેઓએ પરધર્મી લખનારાઓના મોટા મોટા નામથી અંજાઈ જઇને પોતાનાજ પગ ઉપર કુહાડો મારવાનું સાહસ ખેડયું છે, તે લોકો અમારી આ ઈતિહાસીક ખરી વીગત વાંચસે તો રોજે હશર સુધીની શરમીંદગીમાં ઘેરાઇ રેશે.

પાક ઈસલામ મઝહબમાં બહુતેર ફીરકાઓ જે દોજખી થશે અને તઉતેરમો નાજી (મુકત) થશે, એવી જે હદીશો જયાં સુધી મુસલમાનોની મદેહ નજર છે. ત્યાં સુધી કોઈ પણ ફીરકાની એબજુઇ કરીને પોતાનાં. ફીરકાને વડાઇ આપવી તેને ગુન્હો ગણુવો જોઇએ, પરંતુ **મોલાઅલી** (અ) ની સીધી નશલે ઇમામનો દાવો હદીશું શીકલેયન મુજબ કયારે પણ ગાયબ થયા વગર ગમે તેવી સ્થીતિમાં જાહેર રીતે થતો રહયો છે. તેવા જવાબ ઇસમાઇલી મઝહબ અને તેનાં હકીકતી ઇસલામી સીધ્ધાંતોની ખુબી તપાસ્યા વગર તેનાં પરવરતાવનારા માંના **હશન સબ્બાહ** જેવા દીલેર પુરૂષ માટે મગરૂરી ધરાવવાને બદલે રસીલા હેવાલોમાં લેખકનાં ફાંકામાં બનાવટી સ્વર્ગના કર્તા તરીકે ખોટો ડાઘ બેસાડવા હીમત કરવી તે તેનાં ચાલુ જમાનાનાં ઈસિમાઈલીઓનાં નાજુક રદેહો સાંખી શકે તેમ નથી.

ઇસમાઇલી ધર્મનાં રાહબર અને ઇમામ કે જે " **અહેલબૈયત** " નાં વડા તરીકે કુલે ઇસલામી આલમના સરદાર ગણાય, તેને નહી માનનારાઓ ઈસિલામની મુળ ત્વારીખ સાથે સરખાવતાં કાંઇ નવાઇ ઉત્પન કરતા નથી. ખસુશ કરીને ઝંગે " **સફીન** " એ એક યાદગાર લડાઇ હતી, કે જે વખતે **મોલાઅલી મુશકીલકુશા** (અ) પોતાની જાહેર ખીલાફતનાં અયામમાં શાંમનાં હાકમ અમીર **મઆવીઆ** સાથે લડાઇમાં ઉતરતાં ભયંકર મુસલમાનોની કતલ પછી ફીરેબી

સુલેહ કરવાનાં બહાને **ઊમરઆશ**ની સલાહથી " ભાલાઓ " ની નોક ઉપર " **કુરાને સરીફ** " લટકાવીને જે અમાન **મોલાઅલી** ( અ ) પાસેથી માંગવામાં આવી હતી. તે અને **મોલાઅલી** ( અ ) ની સાથે રહીને લડનારાઓએ જે વિરૂધ્ધતા પોતાની કાચી સમજના લીધે દેખાડી હતી તે તથા **હઝરત નબી મોહમદ મુસ્તફા** ( સ ) ની વફાત પછી ખીલાફતનાં ઝગડામાં જે પ્રસંગે સાક્ષી તવારીખો દરઝ થયેલી છે. તે ખુલ્લી રીતે '**અહેલબૈયત**' તરફ મુસલમાનોના આગેવાનો દુન્યવી લાલચને હીસાબે જે કાંઈ કરતા આવ્યા છે. તે જોતા ઈસમાઇલી મઝહબના સીધ્ધાંતો માટે કે **હશન સબ્બાહ** માટે જે જે બાબતો લખે તેને અમો ઈસમાઈલીઓ અમારા પવિત્ર મઝહબની મગરૂરીથી **અહેલબૈયત**ની વિરૂધ્ધતા સમાન સમજીએ છીએ. આ ટીકા પછી અમો કહીશું કે **હશન સબ્બાહે** આલમોતના કીલ્લાની અંદર જે સ્વર્ગ બનાવી હતી એમ કહેનારાઓ તદન ખોટા છે. ને ખોટી રીતે દોરવાયલા છે.

ખરી હકીકત એમ છે કે આલમોતનાં ગઢમાં **હશન સબ્બાહે** જયારથી **ઇમામત**ની ગાદી રાખવાની તજવીજ કરી ત્યાર પછી તેને કેટલાક ભાગો સુધારવા પડયા હતાં. અને તેમાંનાં એક વિશાળ પણ પહાડના ઢોરાણની કઢણના લીધે તેમાંના કેટલાક ભાગમાં પાણી અને કચરો પડી રહેવાથી જે દુર્ગંધી થતી હતી તેને દુરૂસ્ત કરાવી પહાડનાં કુદરતી દેખાવો

ને લગોલગ એક સુંદર અને ભવ્ય બગીચો બનાવવામાં આવ્યો હતો. અને તેના ચોગાનમાં એક આલીશાન બાદશાહી મહેલ તૈયાર કરાવ્યો હતો. જે જોનારને છકક કરી નાખે એવા મનોહર બગીચાને **બાગે બહેસ્તનું** માત્ર નામ આપવામાં આવ્યું હતું અને તે ઉપરથી પરધર્મી લેખકોએ મેળવેલી વીગતોમાં એવો અર્થ કરી નાખ્યો લાગે છે. કે લખનારાઓએ પાછળથી દોરવાઇ જઇને તેને ખરેખરો બહેસ્ત લખી મારયું છે, અને ધર્મ યુદ્ધની **હશન સબ્બાહની** યોજનાઓ ને જહાદને બદલે ભયંકર ખુનોનાં સાથે જોડી દીધી છે. અમોને અફસોસ એ ઇસલામી લેખકો માટે થાય છે કે જેણે "**રોજતુલ સફા**" જેવી મોતેબર તવારીખોની કીતાબ ઇસલામી મોજુદ કુતબખાનામાં હયાત હોવા છતાં પરધર્મી અને વિરોધી લખનારાઓની અધુરી તપાસનાં લખાણો ઉપર પોતાની ઇંગ્લીશ તાલીમનાં ફાંટામાં ઇસલામનાં સત્ય સીદ્ધાંતો વિરોધ લખી જવાનું પાપ કર્યું છે એમ અમો વગર આંચકે માનીએ છીએ.

મુસાફર "**મોરકો પોલો**"નાં લખાણે બીજા લખનારાઓને **હશન સબ્બાહનાં** બનાવેલા "**બાગે બહેસ્ત**" નામનાં બગીચાને સ્વર્ગ માનવાની જે ભુલ ખવાડી છે તે લખાણને પ્રસીદ્ધ તવારીખ નવેશ "**થોમ્સ રાઇટ**" "**મોરકો પોલો**" ને પરચુટણ આસામીઓ પાસેથી વીગત મેળવનાર સાબીત કરે છે, અને **સર જોન માલકમ** જેવા પ્રસિધ્ધ

**હીસટરી ઓફ પરશીયા**નાં તવારીખ નવેશે પણ " **મોરકો પોલો** " ની દલીલોને વિચીત્ર અને અસંભવિત ઘણી ને વિરોધી ટોળાના મોંઢાની વાત છે એમ જાહેર કરે છે, તેમ દેખીતું છે કે તવારીખ નવેશો, આગળ મુસાફરોની હકીકત કોઇ પણ જાતનું વજન મેળવી શકે નહી ત્યારે " **મારકો પોલો** " ની હકીકતો ઉપર ઇસલામી લેખકોએ જે વજન આપ્યું છે તેથી તેઓએ પરધર્મી તવારીખ નવેશો કરતાં ઘણાજ ઓછા વજનદાર તરીકે પોતાને ઓળખાવી ગયા છે.

× × × × × ×

જ્યારે **હશન સબ્બાહે** આલમોતનો પુરેપુરો કબજો લીધો ત્યારે આલમોતમાં થોડા બાજુનાં ભાગપર કેટલીક ' ખંદકો ' ( ખાડા ) નજરે પડી. જેમાંથી ગલીચીનાં સબબે કેટલીક બદબુ નીકળતી હતી. અને તેથી આસપાસ રહેનારાઓની તંનદુરસ્તીનો બગાડો થતો હતો. જેથી **હસન સબ્બાહે** બે માણસોને મુકરર કરીને કહયું કે એ " ખદંકો " રેતીથી પુરીને તેના પર તરેહવાર મેવાનાં ઝાડોને રોપો, જેથી નીકળતી ખરાબ વાસ બંધ પડી જશે. અને આજુ બાજુ વસનારાઓની તનદુરસ્તી પણ સારી રહેશે. **હશન સબ્બાહ**નાં હુકમ પ્રમાણે તે બે માણસોએ એ કામ હાથમાં લીધુ. ને તે ' ખંદકો ' બંધ કરીને તેના ઉપર ઝાડો રોપીને બગીચો બનાવ્યો, તેથી ત્યાંની હવા સુધરી સ્વચ્છ થઇ. જેથી ગામના લોકો

તે બગીચામાં હવા ખાવાને આવતા હતા અને ત્યાં તરેહ તરેહનાં ઉગેલા મેવા પરવાનગીથી મેળવી ખાઇ પીને મોજ કરતા હતા. જેથી ગામના લોકોને તે બગીચો બેહસ્ત જેવો થઇ પડયો હતો.

**"રૌજતુલસફા"**

\+ + + + + +

વોલ્યુમમાં હકીકત આપેલ છે કે શેખનું સ્વર્ગ આલમોતમાં હતો. તેના વિષે કાંઇ ખાસ પુરાવો જણાતો નથી.

**"સર જસ્ટીસ સીલે"**

\+ + + + + +

**હશન બીન સબ્બાહ** પોતાનાં ચેલાઓને પુજારીઓ બનાવવા માટે જે રૂઢીઓ અખતયાર કરી હતી. તેમાંની એક વિચીત્ર પ્રકારની એ હતી કે એક કેફી નીશાથી તેને ભર ઊંઘમાં લાવીને તેમને સુંદર બગીચા આલીશાન મહેલમાં જ્યાં લઈ જવામાં આવતા હતા. ત્યાં પોતાની ઇચ્છાઓ પુરી કરવાને તથા દીલને સંતોષ પમાડવા લીજત ચખાડવા જે કાંઈ મોજ મજાહ મળી શકે તે ભોગવવા થોડા દહાડા તેને ત્યાં ગુજારવા માટે આપવામાં આવતા હતાં, ત્યાર પછી બેહોંશીમાં છેતરાયલા ચેલાને પોતાને ઘરે મુકવામાં આવતો અને પછી સહેલાઇથી સમજાવવાનું બની આવતું કે **હશન સબ્બાહ**ની ઇચ્છાથી બહેસ્તની નીયામતો ચાખવાને રજા મળી હતી. પણ એ બાબદ અસંભવિત છે કેટલાક મોહમેદનો તરફથી વેરભાવે એ બનાવટી વાત

ઉપજાવી કહાડેલી છે, કે જેઓ એ ફીરકાને અદેખાઇની આંખોથી જોતા હતા. દારૂ કેફી વસ્તુનો ઉપયોગ કરવાની **હશનીન** ફીરકાને સખત મનાઈ હતી તેઓ ઘણા પરહેજગાર અને દારૂં કેફ વીગેરે નહી ઉપયોગમાં લેવાની ટેક જાળવી રાખતા હતા. પોતાનો કાયદો અમલમાં લેવાને **હશન સબ્બાહ** ગણી ચીવટાઇથી વરતતો હતો. અને બોલાય છે કે તેનાં બેફરજંદોએ તેની આજ્ઞાનું ઉલઘંન કરવાથી તેને મરાવી નાંખ્યા હતા.

**"જોન માલકમ"**

+ + + + + +

ઉપલા તવારીખ નવેશોનાં લખાણો પરથી છાતી ઠોકી કહેવાઈ શકાય છે કે જે **શદાદે** બહેસ્ત બનાવી હતી અને પરવરદીગારે છેલ્લે વખતે તેનો નાશ કરયો અને **શદાદ** જોવાને પણ નહી પામ્યો, તે બહેસ્તનું પુરે પુરૂં વર્ણન લઇને **હશન સબ્બાહને** સાથે જોડી નાંખ્યો છે પાછળથી વિરોધીઓએ વેરભાવે ચીથડા ફાડીને તેને મોટો ભયંકર ચીતાર આપીને પોતાનાં દીલનાં ફફોલા ફોડેલાં છે. બાકી બનાવટી સ્વર્ગ બનાવવી તેમાં માણસોને બેહોંશ કરી લઇ જવા, ત્યાં પાપ કર્મ કરાવવું, તે તેને સત્ય માની પોતાનાં જીવની દરકાર કરે નહી, તેમજ તેની ખબર કોઇને પડે નહી ત્યારે શું તે 'જમાનાના માણસોને અકલ અથવા દીમાગ' નહી હતા? જે **હશન સબ્બાહે**

બનાવેલી જીનતનો પ્રપંચ પામી ને અહંરનું પોકળ સમજી જાય. ખરૂં પુછો તો એ બચ્ચાઓના જેવી કીસા કહાણીઓ સરખી જોડી કાડેલી વાતો છે બાકી સ્વર્ગ બનાવવી, તેમાં વસવાટ થવો એ તદન ખુદાઇ સતાથી વિરૂધ છે. તેથી સ્વર્ગનું હોવું અને તેને સાચું સમજવું એ હસવા જોગ અને અકલથી વેગળું છે, ખરૂં એ છે કે તેવું કાંઇ હતું જ નહી. પણ વેરભાવે આડી અવળી બીનાઓ લખવામાં આવી છે.

દીદાર.

કામ ન જીનત સે હુયે ન હુર સે અનચાર સે.
હુશને જાના પર હુ રીદા, કામ હુયે દીદાર સે.

---

## એક નમ્ર વિનંતી

### આર્ય સમાજી પંડિત રાધા કૃષ્ણે

કરેલાં પચીસ સવાલનાં જવાબ

મી. E. J. વરતેજી લખે છે.

લગભગ લખાઈ પુરા થઇ ગયા છે

મજકુર દળદાર પુસ્તક ઊતાવળે બહાર પડશે

માટે વિરોધી મી. કાબાના જવાબને માન્ય ન કરતાં

થોભવું એ વિનંતી છે.

"ચુનારા."

# ઈસમાઈલી મઝહબ અને તેની ફીલૉસૉફી.

## પ્રકરણ ૧૯ મું.

અલ્લાહ, **મોહમદ**, **અલી** ને ઇસમાઇલીઓ એક નુરના જહુર તરીકે ઓળખે છે અને મોલા **મુરતઝાઅલી** તે **ખાતેમુનનબી**નાં જાનશીન ને જમાનાના સાહેબ તરીકે સ્વીકારી હીદાયત આપનાર હાદી રાહનુમા તથા ઈમામના લકબથી પુકારે છે.

જે હજરત **મોલા મુરતઝાઅલી** (અ) આખી ઈસ્લામના અવલ ઈમામ તરીકે ગણાય છે. તેઓનું નુર જહુર હરેક જમાનામાં પોતાનો લીબાસ બદલાવીને ઇનસાન આલમને હીદાયત દેવા હમેશાં હાઝર રહે છે, તે **સાહેબુલ ઝમાન**નો દરજો ઇસમાઇલીઓ **હઝરત અલી** (અ) જેટલોજ ગણે છે, અને જે નુર **હઝરત અલી** (અ) માં પ્રગટી રહયો હતો તે

ક્રમવાર મુનતકલ થતો જમાનાના ઈમામમાં જલવાગર થાય છે, તેથી હીદાયતે ઇમામ એ **હઝરત અલી**ની હીદાયત છે; અને દીદારે **ઇમામ એ મોલા અલી** (અ) નાં દીદાર છે, **હઝરત અલી** (અ) ની નુરાની જહુરના .રૂહાની કુવતથી થયેલા દીદાર એ દીદારે ખુદા છે.

ઇસમાઇલીઓ મુકરર કરેલા ઘરમાં (જમાતખાનામાં) સવાર સાંજ ભેગા થાય છે. ત્યાં પવિત્ર પરવરદીગારની સ્તુતિ કરે છે, જે વખતે દુનીયાની તમામ મોહબત તથા તેથી થતા નફા નુકશાનનું વીચાર કર્યા વગર પોતાને પેદા કરેલ ને યાદ કરી પોતાની ગરદન તે પરવરદીગાર ની હજુરમાં જુકાવીને નીયમસર બાંધેલા વખત સુધી પોતાનાં રૂહને પાક રસ્તાપર પાડીને તલ્લીન રહે છે.

ઇસમાઇલીઓ નુર પરસ્ત છે, તેઓ કદીપણ જીસ્માની કે લીબાશી અથવા સુન્ય (કબરો) વીગેરેને સીજદો કરતા નથી. તેમજ પોતાના હાથ વડે ઘડેલા અથવા પથર અને માટીથી ચણેલી કોઇપણ વસ્તુની ઈસમાલીઓ ને પરસ્તી કરવા મના છે.

કલજુગ કુડો સઉ પાંખડે રાચે, અંધલે જનમ ગમાયા, જી
નીચી પ્રીતે જે જીવ ચાલે તે નહી વીચારે ગ્નાન.

**"પીર હશન કબીરદીન."**

ઇસમાઇલીઓ આ દુનીયાપર થઇ ગયેલા તમામ પયગમ્બરો અને મહાત્માંઓને માન આપે છે અને તેઓનાં રચેલા પુસ્તકો અથવા તેઓના વર્તનનાં હેવાલને લક્ષમાં લઇ તેમાંથી સાર ગ્રહણ કરી તેના દાખલા દલીલો અને નામોને સિધ્ધાંતો તરીકે ઉપયોગમાં લે છે.

રામ રહેમાન દોનુ એક ગુસાંઇ મુરખ મર્મ ન જાણે.
"પીર શમ્સ."

ઇસમાઇલીઓ દુનીયાપરનાં મઝહબોને ખોટું કહીને તેની નીંદા કરતા નથી. પછી તે હીન્દુઝમ હોય અથવા ઇસાઇ યા બનીઇસરાઇલ હોય સરવેને પોતાનાં બીરાદર તરીકે ગણીને પોતાના મઝહબપર મુસ્તકીમ રહી ને હજારો **કલમેતોહીદ** તથા "**દરૂદો**" અને "**અલીઅલા**" પુકારી પોતાની જીંદગી પુરી કરે છે.

ઇસમાઇલીઓ મુરશીદની સહાયતા વડે **હકીકતીઃ** અભ્યાસ કરીને **સુફી** મત પ્રમાણે વર્તે છે. તેથી દુનીયાની હીરશ તથા એશઆરામની દરકાર કરયા વગર "**તાલીબે મોલા**" બનીને મોલાની મસ્તીમાં હમેશાં લીન રહે છે અને મુરશદ હઝરત રસુલે ખુદા **મોહમદ મુસ્તફા** (સ.) ના ફરમાન મુજબ કરે છે.

## હદીશ.

**મન લા શએખ લહુ તશખીહુશ શએતાન.**

**ભાવાર્થ**—જે મુરશીદ વગરનો છે. તહકીક તે સેતાન જેવો છે.

આ પ્રસંગે કહેવાનું કે વખતના ઇમામ સીવાય બીજો કોઇ પણ ઇસમાઇલીઓનું મુરશદ થઇ શકતો નથી. અને ખરા ઇસમાઇલીઓ બીજા કોઇને પણ મુરશીદ તરીકે સ્વીકારી શકતા નથી જેવી રીતે **હશન સબ્બાહ** એ પોતાના ઇમામના ફરમાન મુજબ આખી દુનીયાની દરકાર નહીં કરતાં પોતાનો સઘળો વખત તન મન તથા ધન જેવી રીતે વખતના ઇમામ પર ફીદા કરયા હતા. તે ફરજ સરવે ઇસમાઇલીઓની છે.

ઇસમાઇલી મઝહબ જ્યારથી હીન્દુસ્તાનમાં ફેલાણો ત્યારથી વળી તેણે નવી પદ્ધતિ અખતયાર કરી. જે પધ્ધતિ આખી ઇસલામ આલમને લાભકારક નીવડી છે. જે પધ્ધતિનાં બળ વડે લાખો હિન્દુઓએ ઇસલામનું અંગીકાર કરીને ઇસલામની બાહેધરીએ ઉભા છે. આભાર છે, એ મહાત્માઓ હઝરત **પીરશમ્સ,** હઝરત **પીરશદરદીન** તથા હઝરત **પીર હસન કબીરદીન** સાહેબોનું કે જેઓએ મહા પરિશ્રમ ઉઠાવી બીલકુલ અજાણી વસ્તીમાં આવી હિન્દુઓની કઠણ ભાષાઓનું જ્ઞાન મેળવી તમામ તેઓના **વેદ** તથા **પુરાણ** વીગેરેનો અભ્યાસ કરીને મહા વિકટ સમયમાં સમજુક રીતે જે ઇસલામનો પ્રચાર કરયો છે, ખરેખર **દરૂદ** હોંજો એ સાહેબોપર જેણે હીન્દુઓની માન્યતા સમજી તેમાંથી ઇસ-

લામનો ઝંડો ખડો કરી **ઈમામ**ની ઓળખ કરાવીને તેનો ખરો મર્મ અને ગુહ્ય અર્થ શાનમાં સમજાવીને પુરેપુરી ઈસલામની સેવા કરી ઇસમાઇલીઓને આબાંદ કર્યા છે.

ગંગા બીનારશે મત જાઓ ગોદાવરી–રામ ભજન અબ કેસા,
**અલી** અઘો રૂપ ભયો રે નારાયણ જેસી કરણી ફલ તેસા.

**"પીર સદરદીન."**

ઈસમાઇલીઓ તદન એ મહાત્માઓનાં આભાર તળે એવા દબાએલા છીએ. કે કીયામત સુધી અગર તેઓને અમો અમારા અંતઃકરણથી જરા પણ વેળગા કરીશું તો અલ્લાહ નબીનાં દીદારથી બે નશીબ રહીશું, સબબ અમો મુર્તિપુજકો તથા પવન પાણી અને માટી પથ્થરને પુજનારાઓ હતાં, પણ એ મહાત્માઓનાં પ્રતાપે અમારો જીવન સફળ થયો અને સુદ્ધ **અહેલબેયત**ના ઘરની સનાખ પડી, **અલ્લાહ**ની ઓળખ બતાવી **મોહમદ** ( સ ) નો કલમો પડાવ્યો. તેના સાથે ઇમામ મોલા **મુરતઝાઅલી** ( અ ) નીસરખામણી કરી બતાવી, અને અત્યાર વેર તેનાં સાયા તળે રહેવાને નશીબવંત નીવડયા. તેઓની રાહનુમાંઇથી ઇસમાઇલીઓનો જીવતર સફળ થયો છે. તેથી તે મહાત્માઓ અને તેઓનાં ફરમાનોનેવીસરી અને બીજી દુનીયાની કોઇ સોભીતી બિકટજાળમાં ફસી પડવું, એ ગુણચોર અને નીમકહરાંમ નાં લક્ષણ છે, પણ સાચા ઇસમાઇલીઓ તો તેઓને વળગી રહેલા છે. અને હમેસાં વળગેલાં રહેશે.

આજે ઈસલામનાં ફીરકા ઇસમાઇલીની મોટી વસ્તી દુન્યાનાં તમામ ભાગમાં પસરાયલી છે. તેમજ જે દેશમાં **હશંન સબ્બાહ** થઇ ગયો છે. તે તરફ પણ ઇસમાઈલીઓ આજદીન સુધી આબાદ છે. .

× × × × × ×

એક અનુશેરી ખાનદાનની મોટી વસ્તી " કેરમાનીયા ' તથા " સેરીયા " માં વસે છે, તેઓ શેખના ખાનદાનથી ઉતરી આવેલા છે, તેમજ તેઓ **અલીઇબ્ને અબી તાલીબ**ને ખુદા કરી માને છે. જેઓ એ ખાનદાનના પુરૂષો બીજા **મોહમેદનો**થી શ્રેષ્ટ ગણાય છે.

"જ્ઞાનચક્ર."

\+ + + + + +

મનકુલ છે કે એક વખત **અલીઇબ્ને અબીતાલીબ** (અ) ને **"ખુદા"** તરીકે માનનાર એક " નુસેરી " રસ્તેથી ચાલ્યો જતો હતો. તેના પગમાં પથરાનું ઠેબુ લાગવાથી કહયું **"યાઅલી તું અલ્લાહ"** એ પ્રસંગે તેની પછવાડે એક સરીયતી " મુલ્લાહ " હતો. તેણે " નુસેરી " પર ગુસો કરીને **હઝરતઅલી** ( અ ) પાસે તેડી ગયો, **હઝરતઅલી** ( અ ) ની હજુરમાં હાજર થઇ " મુલ્લાહ " કહેવા લાગ્યો, કે **યાઅલી** એ આપને **અલ્લાહ** કરી કહે છે તે સાંભળી **હઝરતઅલી** ( અ ) જરા મુશકેરાયા અને પોતા પાસે

રાખેલી **જુલફીકાર**ને "**નુસેરી**" નાં ગરદન પર મારી. જેથી તેનું માંથુ ધડથી છુટું થઈ પડયું. અને ફરીવાર પોતાની મેળે ધડને માથું વળગી જીવતો થઈને કહેવા લાગ્યો કે **અલી તું અલ્લાહ** એવી રીતે હઝરત **અલી** (અ) એ તેને સીનતેર વખત મારયો અને ફરીથી તે સીનતેર વખત જીવતો થઇ અને પુકારી ઉઠતો કે **અલી અલ્લાહ** ત્યારે આકાશ વાણી થઈ કે અએ **યાઅલી** એ "**નુશેરી**" ને છોડી દે. આ આખી મખલુકાત મારી છે તો એક કોમ તારી પણ મને કબુલ છે. તે નુશેરીઓ આજે મોટી સંખ્યાનાં દુનીયામાં વીરામે છે, જેઓ **અલી** ને **અલ્લાહ** કરીને માને છે. અને તેઓ તેમાંજ મસ્ત રહે છે.

\+ + + + +

**અલીને અલ્લાહ** તરીકે માન આપનારૂં એક મોટું ટોળું બદખશાનમાં હસ્તી ધરાવે છે. અને તેઓ ઘણા જોરદાર **અલી** પર મુસ્તકીમ છે, કે તેઓના ઘરે બચ્ચો જનમતાં વેંત તેને એક નીયમીત પહાડપર લઈ જાય છે. ત્યાં તે બચ્ચાને ચામડામાં વીંટાડીને પહાડની ટોંચ ઉપરથી ગબડાવી દે છે. અને કહે છે કે તું **અલી**નો બંન્દો હોય તો જીવ જે. તેમ કરતા જો તે બચ્ચો જીવતો રહેવા પામે તો મોટી ખુશાલી સાથે તેને પાછો શહેરમાં લાવે છે. કદાચ મરણને શરણ થાય તો તેને વગર દીલગીરીએ ત્યાંજ

દફનાવી વગર અફસોસે સઘળા પાછા ફરે છે. કહેવાય છે કે એ ક્રીયામાં સેંકડે અઠ્ઠાણું ટકા જીવવા પામે છે.

"શાહજાદા મુનીર"

× + + + +

ઇસમાઇલીઓના પરાક્રમો આવતી ઓલાદમાં ઉતારવાને બરનાજ હતા. ઇસમાઇલીયન તરિકાના નામાંકીત ઉસ્તાદો જેટલા તેમનાં જ્ઞાન માટે તેટલાજ તેમની ઇશ્વર જ્ઞાન, પરહેજગારી, અને વિદ્યા માટે જાણીતા આશામીઓ થઇ ગયા છે. તેજ પ્રમાણે તેઓની મનને કાબુમાં રાખવાની આદત, દીનપર ફીદાગીરી અને દાનાઇથી તેઓએ નહી ચાહેલી કીર્તી તેમને આવી મળી છે. તેઓની ઉદાર લાગણીઓ સજાની ધાસ્તીથી અથવા બદલાની આશાથી નહી પણ નેકી માટેના ભીતરનાં પયાર અને બદી તરફ જીગરના ધીકકારથી ઉશકેરાયલી હતી.

"દુમાસ્યા."

× × × × ×

એલેબન પહાડમાં વસ્તા ઇસમાઇલીઓ જેઓ વખતના ઇમામની નીચે, મુજબની બંદગી ગુજારે છે. તેઓ "દુશ" ના નામે ઓળખાય છે.

## બેત.

" તારી પરસ્તી કીધા વીના કોઇબી ખુદાની બંદગી.
બજા લાવે નહી અએ સાહેબે ઝમાન,
" તારી પાછળ આવવા માટે ઇસા મશીહા ચોથા
આસમાનેથી ઉતરશે અએ સાહેબે ઝમાન.
" તારૂ નુર આસમાન આફતાબ અને મહાતાબ
ને રોશન રાખે છે. અએ સાહેબે ઝમાન.
" તારા પગોની ખાક નીચે રહીને હું બહેસ્ત
નશીબ બનુ અએ સાહુબે ઝમાન.

એ દ્રુશ લોકોની વસ્તી હાલ "સીરીયા" માં વસે છે. બીજા **આલમોત** પાસે કેટલાક વસ્તા ઇસમાઇલીઓ સુલેહ ભરી રીતે વર્તે છે, અને માંહોમાહે સંપથી ધંધો રોજગાર કરે છે. તેઓ સ્વભાવે ઘણા શાન્ત નરમ અને ઘણા શાદા એક માર્ગી એટલે પ્રપંચમાં નહી પડનારાઓ છે. એ દ્રુશ લોકો મહેમાનદારીમાં પેલે નંબરે છે. તેઓ પરદેશી યુરોપીયનો વગેરેથી ઘણી મોહબ્બતથી પેશ આવે છે. કોઇ પણ આરઝુમંદ મોથાજ યા કોઇ બી ગરીબ મુસાફર જો દરવાજા આગળ રજુ થાય તો તેને ખુલ્લા દીલે ખોરાક અને રહેઠાણુ આપી પરોણાગત કરે છે.

"દુમાસ્યા."

× × × × ×

દ્રુશ માંહેના મુફ્લીશ માંહેના મુફ્લીશ ગામડીઆએ પોતાની રોટલીનો છેલ્લો નવાલો ભુખ્યા મુસાફીરને આપી દેતા વારંવાર જોયા હતા. અને એ માટે તેઓ ઉપર મેલાતા પોતાને ભુખે મારવાના આરોપનો તેઓ એટલોજ જવાબ દેતા હતા. કે **અલ્લાહ** મોટો છે તેજ સરવે પેદાયશની બખશીશ કરે છે. અને તમામ ઇનસાનો ભાઇ સમાન છે. એ ઉપરાંત તેઓની મહેમાનદારી બીજા સદ્ગુણોથી ખાલી નથી.

મુસાફર " વૉલની "

\+ + + + +

દ્રુશ લોકોનાં મનનું સાવધપણું, સમાધાનીની ખાહેશ તથા લાગણીને માન આપવાની નાજુક તબીયત તથા મીલનશારી અને તે વખતે મળેલા કેટલાંક દ્રુશ સરદારોની ગાન ભરેલી મીઠી વાતચીતમાં જાહેર થતી "**તાજીમ**" "**તવાજો**" કે જેનાંથી વધુ સફાઇ **લંડન** કે **પેરીશ** ના કોઇબી ડ્રોઇંગરૂમમાંથી મળવી કઠણ છે. એના કરતા હું કદીબી બીજા કશાથી વધારે અજાયબ થયો નહી. એ લોકો "**મોલાઈ**" ના નામથી ઓળખાય છે.

" લોર્ડ કોરનુરવોન "

\+ + + + +

ઇસમાઇલીઓ હર વખતે "**અલી**" નું સ્મરણ કરે છે. પણ તેનો ઊંધો અર્થ કરનારાઓની ભુલ છે. કારણ કે

ઇસમાઇલીઓ ખાલીશ **દીલથી નુરની** પરસ્તી કરે છે સ્વરૂપની ઇસમાઇલીઓ કદિ પણ બંદગી કરતા નથી, ઉપલી લખેલી વીગતો પરાયા આશામીઓની છે તે પરથી સમજવાનું છે કે જે લોકો એ ઇસમાઈલીઓને વેર ભાવે નીંદયું છે તેઓએ પોતાની આકેબત ખરાબ કરવા સિવાય કસુ કર્યું નથી.

બદકશાન, ચાઈના પોર્ટ, રશીઆ સંસ્થાન, બ્રીટીશ હદમાં, જેટલા ઇસમાઈલીઓ વસે છે. તેઓ ઇબાદતની શરૂઆતમાં પહેલે એક **અહદ** કરે છે. કે મારે બીલકુલ ખોટું બોલવું નહી વીગેરે. જીંદગીને જોખમમાં નાખવા વાલી આદતોથી પરહેજ કરે છે. એવી રીતે એક એક આદતનું '**અહદ**' કરી તમામ નુકશાન કરનાર આદતોથી બચીને એક ઇમામનો સાચો સેવક બની જાય છે. તેમજ **અરેબીઆ**માં વસ્તા ઇસમાઇલીઓ હીન્દુસ્તાનમાં હઝરત પીર **શમ્સ** પીર **સદરદીન** વીગેરે એ જે કીયાઓ બતાવી છે તે પ્રમાણેની ક્રીયાઓ કરે છે. અને હમેશા ઇમામના દીદારની ઇંતેજારીમાં સચાઇ પર મુસ્તકીમ રહે છે, સદરહુ એકંદર સરવે ઇસમાઈલીઓની નજર એકજ ઈમામ તરફ છે. અને ઇસમાઈલીઓ તમામનું એકજ ઇમામ છે. જે ઇસમાઇલી મહાત્માએ બતાવી ગયા છે. તે સીધી નશલે

**મોલાનાંઅલી** ( અ ) ની વંશાવળીથી ઉતરી આવેલા છે, તેના સીવાય ઇસમાઇલીઓનું બીજો કોઇ રાહનુંમા મુરશીદ અથવા રહેબર નથી.

**કાબે.**

કાબે મેં કહા કયા હયે પુર **આબ** હ**એ** ઓર ગીલ હયે,
કાલા સા મગર વંહા પથ્થર કા એક શીલ હયે.

" **શાદીક** "

## ઇસિમાઇલી આગેવાનોને અપીલ.

સાહેબો તપાસી જુઓ ! વાંચી જુઓ ! વીચારી જુઓ ! જે આર્ય **સમા**જી પંડીત રાધાકૃષ્ણ તથા ધનજી એદલજી કાબા એ બેઊં એ પુસ્તકો છપાવી ને આપણા બીરાદર ઇસલામીઓને ઊંધે રસ્તે દોરવીને આપણાપર ઉસકેરાય તેવા આપણા પાક મઝહબ વિરૂધ્ધ ખોટા **લ**ખાણો કરી ને આપણો અપમાન કરી આપણા પવિત્ર મુરશદ પ્રત્યે તુંડાઇ ભરેલી ભાષા વાપરીને ન્યાયી "**બ્રીટશ**" રાજ્યમાં ગેરઈનસાફ કરે છે તેઓને પુસ્તકદ્વારે આપણો મઝહબ (સતધર્મ) પવિત્ર પરવરદિગાર નાં હુકમ પ્રમાંણેનું સાબીત કરી તેઓનાં પોકળ છપાવીને જાહેરમાં લાવવા જોઇયે તેના માટે તન મન ધનથી મહેનત કરવા તૈયાર થાઓ તે તમારી ફરજ છે.

**"ચુનારા."**

# હશન સબ્બાહની કૂચ

## અને

## આલમોતમાંથી ઇમામની વીદાયગીરી.

### પ્રકરણ ૨૦ મું.

જ્યારે ઇસમાઇલી મીશનીરીઓમાં મનુષ્યોની પ્રકૃતિઓ પીછાનવા તથા અન્ય ધર્મની જુદી જુદી પ્રકૃતિઓને ઇસમાઇલી મઝહબમાં દાખલ કરવા, ને ઇ+સ ની નવમી શદીમાં પરીપુર્ણ **ઈલિમે રૂહાની** નાં પરીબળથી એટલે સુધી કાંમ કરવા લાગ્યાં કે એક વખત તેઓના સમાગમમાં કોઈ પણ સખસ આવતો હતો તો અવશય તે સાચા અને સીદ્ધક દીલે ઇસમાઇલી બની ને ઇમામે ઝમાનની સેવા કરવાથી પ્રત્યેક આબીદ, થઈ ઇસમાઈલી મઝહબની સેવા

કરવાને કમર કશીને બહાર પડી હજારોને પોતાની પંગતમાં લઈ ને ફતેહ મેળવતો હતો. તેનીસાંથે આલમોત એક પહાડી કઢણો વારો સહેર હતો તેને પણ આરાસ્તા કર્યું જેથી તે સ્વર્ગ સમાન સોભીતુ ઘણાતું હતું જ્યાં ઈસમાઈલીઓનાં ઈમામની હાજરી હાજર નાજર હોય તે જગ્યા સાચા મુરીદ માટે તો સ્વર્ગજ છે.

ઇસમાઇલી સુરો સરદાર **હશન સબ્બાહ** પોતે ઈમામ ની દુવાથી તેમજ બળથી નહી પણ કળથી મેળવેલ આલમોતની સરદારીને પુર દીપાવી દીલેરી અને બાહોશીથી પુરે પુરી દીનદારોની ખીજમત કરી તેમજ સાચા અને મુસ્તકીમ મને ઇમામની સેવા કરી. પોતા પર પડેલી ફરજો ને દીપાવતી રીતે પુરેપુરો અંજામ આપી કાંઇપણ દુનીઆનું સ્વાર્થ સાધવા વગર હમેશાં પોતાનાં જીવને જોખમે તેમજ હક ઇનસાફ પર ગાજી ધર્મનો ધોરી થઇને હી+સ ૪૮૩ થી હી+સ ૫૧૮ સુધી પાંત્રીસ વર્ષ પાકી સરદારી ભોગવી આ ફાની દુનીયાથી કુચ કરી પોતાનાં રૂહને શાંતિ આપી નુરેવાહદાનીયતમાં લીન થયો.

મોલાના **સાહા હાદી** (અ) એ **હશન સબ્બાહ**ની પછવાડે આલમોતની સરદારી **હશન સબ્બાહ** ના ફરજદ **કીયા બુજરગ ઉમેદને** ને સપુર્દ કરી અને તેને પણ તેનાં પીતા જેટલો માન મોભો બખશયો, જેથી સીંહના બચા

સીંહજ હોય છે. તે પ્રમાણે **કીયા બુજરગ ઉમેદ** પોતાના પીતાની જગ્યાં ને પવીત્રપણે પુર્ણ દીપાવવા લાગ્યો, હી+સ. ૫૨૦ માં એક અજીત કીલો નામે **મેમુંદન્સ** બંધાવ્યો. જ્યાં **અબદુલ મલેક** નામના એક ચુસ્ત ઇસમાઇલી ને ત્યાંનો હાકેમ નેમ્યો.

**હશન સબ્બાહ** નાં ગુજરી જવાનાં સમાચાર જ્યારે બાદશાહોને મળયાં ત્યારે તેઓએ વખતો વખત **હશન સબ્બાહ** થી ભોગવેલી હાડમારીઓ અને ખાધેલી મારની આગ તેઓના અતંકરણને સળગાવી રહી હતી. તેથી ખુશ થઈ તેઓ મોટી તૈયારીઓ કરવા લાગ્યા. કે હવે ફાવસું તેવા હવાઇ કીલ્લાઓ બાંધતા હતા, પણ જેનાં પર હાજર ઇમામનુ સાહયો હોય તે હમેસાં અજીત છે. તેવી **કીયા બુજરગ ઉમેદ** ને પાકી ખાત્રી હતી, અને તે હમેસાં પોતાનાં મરહુમ પીતાનાં માફક મજબુત હતો, તે વખતે **અતાબેગ સહેરગીર** નો ભત્રીજો રૂદબાર પ્રાંતપર ચહડાઇ કરી આવ્યો તેને **કીયા બુજરગ ઉમેદે** પોતાનો લશકર મોકલીને હરાવ્યો.

હી+સ. ૫૨૦ માં **સુલતાને** કેટલાક સુબાઓ તથા બાદશાહો સાથે સંધી કરીને એકબળ થયા, અને આલમોત પર ચહડાઇ કરી આવ્યાં. ત્યાં ભયંકર ખુન ખાર યુદ્ધ બરપા થયો. તે વખતે દુશમનોએ **અલબુર્ઝ** પરના કીલ્લાઓ તોડવા ને ઘણી જીવ તોડ કોશીશ કરી પોતાનું સઘળુ

બળ તેમાં રોકી દીધું, બીજી બાજુએ ઇસમાઇલી **ફીદાઇઓએ** પુર દીલેરી અને આલી હીમત સાથે લડવા લાગ્યા. જેથી દુશમનોનું કચ્ચરઘાણ નીકળવા લાગ્યો, તે ખુનખાર લડાઇ દરમયાન સુલતાનનું મરણ થયું. તેથી સુલતાનનું લસકર શરણે થયું અને તે માંહેનાં કેટલાક પાછા નાશી જવા પામયા. અને આલમોત વાશીયો ફરી આંનદ સાથે રહીને સીદ્ધક દીલે ઇમામની પયરવી કરવા અને ફરમાન બરદારી મુજબ વરતીને ધર્મથી ધંધો કરવા લાગ્યા.

હી+સ. ૫૨૫ માં **કીયા બુજરગ ઊમેદે** એક ચુન્દો લશકર **ફીદાઇઓનું** ત્રીસ હજારનું તૈયાર કરીને **સુલતાન મોહમદ સલજુકીનાં** પર ચહડાઇ કરી, તે જ્યારે **કઝવીનીઓને** માલમ પડ્યું કે **ફીદાઇઓ** આપણા પર ચહડાઇ કરીને આવે છે. ત્યારે થરથર ધ્રુંજવા લાગ્યા અને હલ્લો કર્યા વગર નાશી ગયા, ત્યારે **સુલતાન મોહમદ સલજુકી** મરણ પામ્યો. જ્યારે ઇસમાઇલીઓએ **એરાકથી લામસ્તર** સુધી લુટ ચલાવી, મોટી રકમના "ઘોડાઓ, ખચ્ચરો, બકરાઓ, ગનીમત" તરીકે હાથ કરીને પાછા વળ્યા અને **કઝવીન** માં ઇસમાઇલી વાવટો ફરકાવ્યો તે સમયમાં **અબુહાસમ** નામના એક શખસે ઇમામનો દાવો કર્યો, તેને **કીયા બુજરગ ઊમેદે** ધમકી દઇ મોકલી પણ તેણે દરકાર કરી નહી. ત્યારે પોતાનાં માણસોને મોકલી તેને કેદ કરાવી પકડી મંગાવી અને મારી નખાવ્યો.

**કીયા બુજરગ ઊમેદ** (૧૪) ચઉદ વર્ષ આલમોતની સરદારી ભોગવી પોતાનાં પિતાને પગલે ચાલી **મોલાના શાહા મોહતદી** (અ) (ઇસમાઇલીઓનાં ૨૧ ઉમામ) ની ઇમામતનાં વખતમાં સ્વર્ગવાસ થયો.

એવા પુર જોર શોર અને જાહોજલાલી વચ્ચે મોલાના શાહા **રૂખનુદીન ખુરાશાહ** (અ) હી+સ ૬૫૩ માં તખતનશીન થયા, ત્યારે તાતારી લશ્કર આલમોતનાં કીલ્લાઓને ઘેરો નાખી પડેલું હતું. જેને લગભગ અઢી વર્ષ વીતી ગયાં હતાં પણ તાતારીઓ કાંઇ કરી શકયા નહોતા, પણ જયારે આલમોત વાસીઓને ખોરાકી માટે તકલીફ થવા લાગી ત્યારે મોલાના શાહા **રૂખનુદીન ખુરાશાહ** (અ) પોતાનાં છોકરા મોલાના શાહ **સમસુદીન મહમદ** (અ) ને ઇમામતનો પાવર સોંપી પોતાનાં કાકા **ઈરાનશાહ** સાથે **આજરબૈજાન** તરફ રવાના થવા કહયું, ત્યારે **એરાનશાહે** ચુપકીદીથી ઈમામનાં કુટંબ સાથે "**આજરબૈજાન**" આવી પહોંચ્યા, ત્યારે પુરા ત્રણ વર્ષે ખોરાકીની તંગીને લીધે હેરાન થઇ ઇસમાઇલીઓ કુલ્લે (૧૭૦) વર્ષ આલમોતમાં રાજ ભોગવી શાહ **રૂખનુદીન ખુરાશા** તાતારીઓને શરણે થયા.

તાતારીઓનું લશકર જે આલમોતને ત્રણ વર્ષ થયાં ઘેરો ઘાલી પડયો હતો. તે દરમયાન તાતારી. લશકરી સીપાઇઓ મોટી રકમનાં મરણ પામયાં હતાં. તેમાં તેનાં બે નાંમચીન

સરદારો પણ મારયા ગયાં હતા. જ્યારે ઇસમાઇલીઓ ફક્ત બાર હજાર કતલ થયા હતા. એ ત્રણ વર્ષ દરમયાન આલ-મોત વાશીઓ એ સહેરનાં તમામ કીલ્લાઓ તોડી સ્વર્ગ સમાન શહેરનું ખેદાન મેદાન કરી તમાંમ સુસોભીત ઇમારતો વીગેરેનાં કુગરા તોડી નાશ કરીને ખર્ડીએર હાલતમાં તાતારીઓને શહેર તાબે કીધો જે તાતારીઓ માટે પણ નકામું થઈ પડ્યું.

**મોલાનાં શાહા શમસુદીનમહમદ** (અ) ઇમામની પદવીએ આવ્યાં ત્યારથી ઇમામની ગાદી એરાન પ્રગણામાં સ્થપાઇ ત્યાં બીજા કોઇ પ્રકારની સંમ્પતિ ન હોવાને લીધે ઇમામ તથા તેમનાં કુંટબીઓ "ઝરદોશ" નો કામકરી પોતાનું ગુજરાન કરતા હતા. તે દરમયાન **શાહા જલાલુદીન રૂમી** જેઓ **મોલાના રૂમ** ને નામે ઓળખાય છે તેઓએ "સુફીઝમ" લાઇન ઇખતીઆર કરેલી હોવાને લીધે ઇમામનાં ફીરાકમા હમેસાં રડયા કરતો હતો. અને ઇમામની મુલાકાતનું આજુરદા રહેતો હતો, તે તલબમાં તેને ઇન્તેજારી વધતી જતી હતી. તેવામાં કોઇ કારણસર હી+સ ૧૨૪૪ માં **મોલાના સમસુદીનમોહમદ** (અ) "કોનીયાહ" માં આવી ચડયા. જેઓની મુખમુદ્રાનાં ચળકાટ પર મોહપામી **મોલાના રૂમ** દીવાનો જેવો બે બાકળો થઇ ને **મોલાના શાહા સમસુદીનમોહમદ** (અ) સાથે ગાંડી ગાંડી વાતો કરવા લાગ્યો, કે તરત ઇમામ પામી

ગયા કે એ ઇશકે હકીકી થી છલાછલ મસ્ત છે. માટે આ પ્રસંગે એને શાન આપવી જરૂરની છે તેથી ઇમામનાં ધોરણ મુજબ તેને "**ઇસમે આઝમ**" ની બક્ષીસ કરી. કે તરત શાંન્ત પડી જતાં અને ઇમામની ઓળખ થતાં દસ્ત બોસી કરીને હમેસાં **મોલાના શાહા સમસુદ્દીનમોહમદ** (અ) નો ચેલો થઇ રહયો અને તે વખતે પોતાનાં "રહાનુંમા" મુરશીદની બરોબર પયરવી કરતો અને કહેતો કે.

**બેત.**

મોલવી અઝ ખુદ ન શુદ મોલા એ રૂમ
તાં ગુલામે શખશ તબરેજી ન શુદ.

**( મસનવી )**

**ભાવાર્થ.**

મોલાના રૂમ આલેમ પોતાની મેળે નથી થયો. પણ જ્યારે હઝરત શખશ તબરેજીની ગુલામી કીધી ત્યારે એ મરતબો પામ્યો.

**કોનીયાહ**માં રહેવાથી ત્યાંનાં વસતા વધારે આસામીઓ "સુફી" લાઇન તરફ આવવા લાગ્યા. અને ઇમામની કળા તથા "નુરઝહુરનો" ઝળકાટ વધવા લાગ્યો. તેથી અંધ અદેખાઓને પૂરીથી અદેખાઇ પેદા થઇ અને અવાર નવાર ઝઘડા કરવા લાગ્યા. તેથી કાંઇ ઇમામ પોતાનું કૃત્વય તજી દે. તેમ નહતો અને રીવાજ છે કે જ્યારે સત્ય પછવાડે અસત્ય પડે છે ત્યારેજ સત્ય પ્રકાશમાન થાય છે. તે મુજબ

" કોનીયાહ " માં થવા પામ્યું. અને ઘણી મોટી રકમનાં **મોલાના શાહા સમસુદીન મોહમદ** (અ) ના ઇસમાઇલી મુરીદો થવા પામ્યાં. અને દીન પર દીન ત્યાં ઇસમાઇલીઓનો વધારો થવા લાગ્યો. તેથી કેટલાક મતલબી મુલ્લાઓ અને લાલચુ મોલવીઓને ભારી પડતો થઇ પડ્યું. તેથી તેઓએ અંધ શ્રધાવાલા ઝનુની લોકોને ઉશકેરીયું તેથી એક મોટો હુલડ થયો તે હુલડમાં **મોલાના રૂમ** નો વડો પુત્ર **અલા-ઉદીન** માર્યો ગયો, અને મોલાના **શાહા સમસુદીન મોહમદ** ( અ ) ને કેદ પકડવામાં આવ્યો. પણ તેઓ ઈમામની કળા વડે છુટા થઇ પોતે **આજર બૈઝાન** આવી પોતાની ઇમામતનું પાવર પોતાના પુત્ર **મોલાના શાહ કાસમ શાહા** ( અ ) ને સોંપી પોતે હીન્દુસ્તાન તરફ નીકળી આવ્યા. હીન્દુસ્તાનમાં તે બાદશાહી જમાનો **સમસુદીન અલતમ્સ**નો હતો. ત્યારે મોલાના શાહા **સમસુદીન મોહમદ** ( અ ) મુલતાનમાં રહેઠાણ કરી રહ્યાં, તે દરમ્યાન બાદશાહનો છોકરો મરી જવાથી **પીરશમ્શને** નામે ઓળ-ખાતા મોલાના **શાહા સમસુદીન મોહમદ** ( અ ) ત્યા આવી ચડયા અને પોતાનો ચમત્કાર બતાવીને હકીકી પાવર વડે, મુડદાને જીવતો કીધો. તેથી તે વખતમાં વસ્તા હીન્દુસ્તાની મુલ્લા અને મોલવીઓમાં ચકચાર ચાલી તેથી તે વખતનાં મુસલમાન બાદશાહને સમજાવીને 'સરાહ' લાગુ કરી જે **પીરશમ્સની** ખાલ ઉતારવી જોઇએ એ બાબદ જ્યારે **પીરશમ્સને** સાંભળવામાં આવી કે તરત પોતે

પોતાના માથાના બાલને પકડી ખેંચીને આખા શરીરની ખાલ ચોટીથી પગ સુધીની પોતાના હાથો વળે ઉતારી આપી જ્યારે એ ચમત્કાર મુલતાન વાશીઓએ જોયો ત્યારે તોબા કરીને મોટી રકમનાં ત્યાં વસતા લોકો **પીર શમ્સ**નાં મુરીદ થયા અને તે દીવસથી **પીર શમ્સ** તે **શમ્સચોટ**ને નામેથી ઓળખાવા લાગ્યા, તેથી આ દુનીયાની સપાટી પર અગર મગરૂર છે. તો તે ઇસમાઇલીઓજ છે કે જેનો "**રહેબર**" "**રાહેનુમાંહ**" '**મુરશદ**' '**કામીલ**' અને મુડદાને જીવતા કરવાવાળો જગ જાહેર છે. તેનાં ફરમાન વિરૂધ્ધ વર્તનાર ખરેખર કમનશીબ છે. ખુદા સરવેને નેક હીદાયત. આપે. "**આમીન**"

**ઇસલામ હુવા.**

અએન સે અએન ઇબાદત કા સરોઝાંમ હુવા,
લામ વોહ લામ કે જીસ લામસે ઈસલામ હુવા,
યા, સે યાવર હુએ મુસ્કીલ મેં હરેક બંન્દે કે.
સદકે ઊસ નાંમકે કયા ખુબ "**અલી**" નામ હુવા.

ફોટોગ્રાફર અને એનલાર્જર,

ખોજા **ગુલામ હુસેન માંમદ મુખી.**

**ચોપાટી વાંદરા.**

# ઉપસંહાર.

સુ કર છે તે પરવરદીગારનાં કે જેણે આ સૃષ્ટિ ઉપાવી તેમાં સત્યને ઝળકતું કર્યું અને અસત્યનું નાશ કર્યું, આ કુદરતનાં ધોરણે જોતાં નીંદાખોરાઓ તથા તાસુબ રાખનારાઓએ ઘણું એ સત્યને ઢાંપી તેને અસત્ય તરીકે જાહેરમાં લાવવાની કોશીશ કરી છે. પણ અંતે સતેજય છે તેવું **હશન સબ્બાહ** નાં બારામાં બન્યું છે.

કારણ જેણે તન મન અને ધનથી પોતાના ઇમામની પવિત્રપણે વગર સ્વાર્થે સેવા કરી તેથી તમામ લખનારાઓ વિરૂદ્ધ જઇ શકયા નથી. અને પેલેથી છેલ્લે સુધી ગમે

તેટલો વિરૂદ્ધ જવા છતાં, છેવટે એમ તો દરશાવેલ છે કે જે કાંઇ **હશન સબ્બાહે** કર્યું તે પોતાને માટે નહી પણ પોતાનાં ઇમામ માટે કર્યું હતું, આ વાંકયોમાં કેટલો ગર્ભીત ચળકાટ છે. કે તેનાં પર મુકેલાં આક્ષેપ તમામ ઢકાઇ જાય છે. જે ધણીએ સ્વાર્થ માટે નહી કર્યું હોય. તેણે પ્રંપચ કર્યા કાવત્રા કર્યા કે ખુન કર્યા તેમ કહેનારાનું વજન કેટલો ટકી શકે છે તે વાચક વર્ગ તોલ કરી લેશે, તેમજ જે ધણી દેશનું સરદાર અને કર્તા હર્તા ઘણાય તેના હાથમાં સંપતિ કે નાણાની રેલ છેલ કાંઈ થોડી હશે, છતાં તેના વિચાર તપાસતા માલમ પડે છે કે જ્યારે આલમોત પર દુશમનો તરફથી ઘેરો નાખવામાં આવ્યો ત્યારે પોતાની બીબી તથા બચાઓને પોતાના એક અગત મિત્રને ત્યાં હીફાઝત માટે છોડતાં કહયું કે મારા બચ્ચાઓ પોતાનું ગુજરાન **કાંતીને** કરશે, વિચાર કરો કે આવા, વિચાર ધરાવનાર માણસ સુ નહી કરી શકે. જે એટલી જાહોજલાલી ભોગવતા પોતાનાં બચ્ચાઓને **કાંતવા** નું કાંમ કરીને ગુજરાન કરશે, કહે તે પુરૂષમાં લેશ પણ મગરૂરી હોવી જોઇએ નહી ત્યારે જે મગરૂરી વગરનું માણસ હોય તે 'નીતિથી ખાલી હોય તેમ બનવુ અશકય છે, ત્યારે આવા ઉતમ વિચાર ધરાવનારથી ખોટુ કાંમ થાય? કદી

નહી? અને ખોટુ કામ કરનારાઓનાં નામ જમાનાઓના દફતરમાં નોંધાઇ રહે નહી! **હશન સબ્બાહ**નાં કૃતવ્યની સફેદ અને કાળી બાજુ ચિતરનારાઓએ પોતાની યોગ્યતા પુરવાર કરી છે. પણ તેમાં સત્યસાર ખેંચનારા કદીપણ **હશન સબ્બાહ** કે જેણે પોતાની માનીનતાના ધોરણે સત્ય અને મક્કમ સેવા બજાવી છે. તે એક મહાન કૃતવ્ય પરાયણ સમર્થ પુરૂષ સિવાય ઓળખશે નહી. ત્યારે જેનાં લેખોમાં **હશન સબ્બાહની** અવગણુતા છે. તેઓ ઉપલકીયા લખનારા તરીકે જણાઇ આવ્યા વગર રહેશે નહી. ઇસ્લામનાં ઇતિહાસનુ બારીક અવલોકન કર્યા વગર લખનારા હમેશા થાપ ખાનારા નીવડયાં છે. તેવીરીતે **હશન સબ્બાહ**નાં કૃતવ્ય વિશે એજ સાર નીકળે છે, કારણ કે **હશન સબ્બાહ** જો મતલબી હતે તો જે **ઇમામ**ની ગાદી સ્થાપી સનમાન પુર્વક સત્તા સપુરદ કરી પોતાની ઉંચ લાયકાત પુરવાર કરી છે. તેમ નહી કરતાં **અમીરઝયુશ** જેવા અણુસમજ સિપાહસાલાર માફક પક્ષ ખેંચતે. જોકે **અમીરઝયુશે** પોતાને માટે પક્ષ નહી ખેંચતો હતો. એમ કહેવામાં આવે તો પણ **હશન સબ્બાહ** નો અને **અમીરઝયુશ**નો પક્ષપાત સમય અને સ્થિતિ **હશન સબ્બાહની** તરફેણમાં લાયકાત પુરવાર કરે છે. અને ઈમામનો મરતબો અને દરજ્જો શું છે તે **હશન સબ્બાહે** પોતાની સેવાથી સાબેત કરી દેખાડયુ છે. અને પોતાનાં જોડયા **નિઝામઉલ મુલ્કે** અને **ઉમરખય્યામ**

કરતા પોતાને મળેલી તાલીમ ને પેલો નંબર આપ્યો છે. કે જેવો તેનાં હમશરીકો દેખાડી શકયા નથી. અને આરીતે **હશાન સબ્બાહ**નું નામ વિરોધી કે મિત્રો જેનાં પણ લેખોમાં મહાન કૃત્વયનિષ્ટ પુરૂષો તરીકે જાહેર થયુ છે. તે **હશાન સબ્બાહ**નાં રૂહ ઉપર **ખુદાની** રહેમ હોજો.

(ચુનારા)

